અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

21 DECEMBER-2025 SUNDAY | Vol. : 17 | Issue : 170 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3  હિજાબ વિવાદ : નુસરત નોકરી જોઈન કરવા ન પહોંચી : ઝારખંડ સરકારના મંત્રીએ 3 લાખની જોબ ઓફર કરી

4  માનસમાં ભવાની, સુનયના,અને શબરી એમ ત્રણ મુખ્ય સ્ત્રી પાત્રોને સાવધાન કરવામાં આવે છે.

6  ₹700 કરોડ કલબમાં 'ધુરંધર'ની શાનદાર એન્ટ્રી

7  મસ્કને ટેસ્લા તરફથી ₹12 લાખ કરોડનું પેમેન્ટ-પેકેજ મળશે

**NEWS BRIEF**

## દિલ્હી એરપોર્ટ પર પાઈલટની ગુંડાગીરી

### 7 વર્ષની પુત્રી સામે પાઈલટે પેસેન્જર સાથે મારામારી કરી, લોહીથી લથપથ પિતાનો ચહેરો જોઈને દીકરી ડરી ગઈ; પાઈલટ સસ્પેન્ડ

દિલ્હી એરપોર્ટના ટર્મિનલ-1 પર શુક્રવારે ઓફ-ડ્યૂટી પાઈલટે એક મુસાફર સાથે મારપીટ કરી. આ ઘટના બાદ મુસાફરે સોશિયલ મીડિયા પર પોતાની સાથે બનેલી ઘટનાની જાણકારી શેર કરી, સાથે જ પાઈલટનાં કપડાં અને પોતાના ઈજાગ્રસ્ત ચહેરાની તસવીર પણ પોસ્ટ કરી. ઘટના સામે આવતાં જ એરલાઈને પાઈલટ કેપ્ટન વીરેન્દ્ર સેજવાલને સસ્પેન્ડ કરી દીધો છે. એરલાઈને એક નિવેદનમાં કહ્યું છે કે પાઈલટ ડ્યૂટી પર નહોતો. તે બીજી ફ્લાઈટનો પેસેન્જર હતો. અમે તેને હટાવી દીધો છે, તપાસ પૂરી થવા પર કાર્યવાહી થશે. મુસાફરે સોશિયલ મીડિયા પોસ્ટમાં લખ્યું - મને અને મારા પરિવારને સુરક્ષા તપાસ માટે સ્ટાફ દ્વારા ઉપયોગમાં લેવાતી લાઈન પર જવાનું કહેવામાં આવ્યું, કારણ કે અમારી સાથે સ્ટ્રોલરમાં 4 મહિનાનું બાળક હતું. મારી આગળ સ્ટાફનો સભ્ય વચ્ચે લાઈનમાં ઘૂસી રહ્યો હતો. જ્યારે મેં તેને ટોક્યો ત્યારે કેપ્ટન વીરેન્દ્ર ગુસ્સે થયો અને પૂછ્યું, 'શું તમે અભણ છો અને આ એન્ટ્રી સ્ટાફ માટે છે તેઓ બોર્ડ વાંચી શકતા નથી?' ઝઘડો થયો અને પાઈલટે મારા પર હુમલો ક્યો. તેણે મારામારી કરી, જેના કારણે હું લોહીલુહાણ થઈ ગયો. મારી 7 વર્ષની દીકરીએ પોતાના પિતાને નિર્દયતાથી માર મારતાં જોયા. તે હજુ પણ આઘાતમાં છે અને ડરી ગઈ છે.

## બાંગ્લાદેશી સમજીને પ્રવાસી મજૂરની હત્યા : કેરળમાં છત્તીસગઢના મજૂરને ઢોર માર મારતા મોત

છત્તીસગઢના એક પ્રવાસી મજૂરને કેરળમાં બાંગ્લાદેશી સમજીને એટલો માર મારવામાં આવ્યો કે તેનું મોત થયું. શક્તિ જિલ્લાના કરહી ગામના રહેવાસી રામનારાયણ બઘેલ (31) લગભગ એક અઠવાડિયા પહેલા મજૂરી માટે કેરળના પલક્કડ જિલ્લામાં ગયા હતા અને કામની શોધ કરી રહ્યા હતા. માહિતી અનુસાર, કેરળ પોલીસે મૃતકની ઓળખ આધાર કાર્ડથી કરીને શક્તિ પોલીસને જાણ કરી કે 17 ડિસેમ્બરે તેમનું મૃત્યુ થયું. એવું કહેવામાં આવી રહ્યું છે કે, પલક્કડના સ્થાનિક લોકોએ તેમને બાંગ્લાદેશી સમજીને ઢોર માર માર્યો. તેનો વીડિયો પણ સામે આવ્યો છે. આ મામલો કેરળના પલક્કડ જિલ્લાના વાલૈયાર પોલીસ સ્ટેશન વિસ્તારનો છે. સ્થાનિક લોકોએ 17 ડિસેમ્બરના રોજ બપોરે 3 થી 4 વાગ્યાની વચ્ચે રામનારાયણને ઘેરી લીધો હતો. તેના પર બાંગ્લાદેશી હોવાનો આરોપ લગાવીને મારપીટ કરવામાં આવી હતી. પ્રત્યક્ષદર્શીઓ અનુસાર, માર મારવાના કારણે રામનારાયણનું મોત થયું હતું. ઘટના બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને તપાસ શરૂ કરી. કેરળ પોલીસના જણાવ્યા અનુસાર, મજૂરના શરીર પર ઈજાના ઘણા નિશાન હતા. જેના કારણે તેનું મોત થયું છે. મારપીટમાં મજૂરની છાતીમાંથી લોહી પણ વહી રહ્યું હતું. શરીરમાં ઘણા ઘા થઈ ગયા હતા. વાલૈયાર પોલીસ સ્ટેશનમાં ગુના નંબર 975/2025, કલમ 103(1) BNS હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. મૃતકના પરિવારજનોએ કેરળ સરકાર કે પોલીસ પ્રશાસન દ્વારા અત્યાર સુધી વળતરની જાહેરાત ન થવા પર નારાજગી વ્યક્ત કરી છે. તેમણે સરકાર પાસે તાત્કાલિક વળતર આપવા, દોષિતોને કડક સજા અપાવવા અને રામનારાયણના મૃતદેહને તેના પૈતૃક ગામ સુધી પહોંચાડવાની માગ કરી છે. મૃતકના કેટલાક સંબંધીઓ ઘટનાસ્થળ માટે રવાના થયા છે, જેથી કાયદાકીય પ્રક્રિયા પૂર્ણ કરીને મૃતદેહને પાછો લાવવાની વ્યવસ્થા કરી શકાય. કેરળ પોલીસે આ મામલે પાંચ આરોપીઓની ધરપકડ કરી છે. પોલીસે જણાવ્યું કે મામલાની ગંભીરતાને જોતા તમામ પાસાઓની તપાસ કરવામાં આવી રહી છે. આરોપીઓની પૂછપરછ બાદ પોલીસ સમગ્ર મામલાનો ખુલાસો કરશે.

## મોદીએ કહ્યું, "આસામ ભારતના પૂર્વીય પ્રવેશદ્વાર તરીકે ઉભરી રહ્યું છે"

# મોદીએ કહ્યું-કોંગ્રેસે વોટ બેંક માટે ઘૂસણખોરોને છૂટ આપી

**કોલકાતા/ગુવાહાટી, તા.20**

PM નરેન્દ્ર મોદીએ શનિવારે ગુવાહાટીમાં કહ્યું હતું કે કોંગ્રેસ પાર્ટી હંમેશા આસામ વિરુદ્ધ કામ કરે છે. વોટ બેંકના ફાયદા માટે, તેણે ઘુસણખોરોને છૂટ આપી અને પ્રદેશની વસ્તી વિષયક સ્થિતિ બદલી નાખી. આનાથી આસામની સુરક્ષા અને ઓળખ દાવ પર લાગી ગઈ છે. તેમણે કહ્યું, 'મોદી કોંગ્રેસ પાર્ટીની ભૂલો સુધારી રહ્યા છે. આજે, હિમંતાની સરકાર આસામના સંસાધનોને રાષ્ટ્રવિરોધી તત્વોથી મુક્ત કરવા માટે સખત મહેનત કરી રહી છે. ગેરકાયદેસર ઘુસણખોરોને ઓળખી કાઢવામાં આવી રહ્યા છે અને તેમને બહાર કાઢવામાં આવી રહ્યા છે.' મોદી આસામની બે દિવસીય મુલાકાતે પહોંચ્યા હતા. તેમણે ગુવાહાટીમાં લોકપ્રિય ગોપીનાથ બોરદોલોઈ આંતરરાષ્ટ્રીય વિમાનમથકના નવા ટર્મિનલ બિલ્ડિંગનું ઉદ્ઘાટન કર્યું હતું. આ દેશનું પ્રથમ પ્રકૃતિ-થીમ આધારિત એરપોર્ટ ટર્મિનલ છે, જે વાંસના બગીચાની થીમ પર આધારિત છે. રવિવારે, મોદી આસામમાં 15,600 કરોડના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. આસામ પહેલા, પીએમ કોલકાતા પહોંચ્યા હતા, જ્યાં તેમણે એરપોર્ટ પરથી ફોન દ્વારા નાદિયા જિલ્લાના રાણાઘાટમાં આયોજિત એક કાર્યક્રમને વર્ચ્યુઅલી સંબોધિત કર્યો હતો.



### મોદીએ કહ્યું, આસામમાં હવે નોકરીઓ ઉપલબ્ધ

1. અહીં વિકાસ એ મારી જવાબદારી છે. તેથી, અહીં લાખો અને કરોડો રૂપિયાની યોજનાઓ શરૂ કરવામાં આવી છે. ભારતીય દંડ સંહિતા લાગુ કરવામાં આસામ દેશનું નંબર વન રાજ્ય બન્યું. આસામમાં કોઈપણ સ્વરૂપ કે ખર્ચ વિના સરકારી નોકરી મેળવવી અશક્ય હતી, પરંતુ હવે તે ઉપલબ્ધ છે. ભાજપ સરકાર સ્થાનિક સંસ્કૃતિને પ્રોત્સાહન આપી રહી છે.

## રેલવેએ કહ્યું- મોબાઈલ પર ડિજિટલ ટિકિટ બતાવી શકશો

### ટ્રેનમાં જનરલ ટિકિટની પ્રિન્ટ રાખવી જરૂરી નથી : હવે વંદેભારતમાં ઘર જેવું જમવાનું મળશે

**દિલ્હી, તા.20**

ટ્રેનમાં મુસાફરી માટે જનરલ ટિકિટની પ્રિન્ટ રાખવી જરૂરી નથી. ભારતીય રેલવેએ જનરલ એટલે કે અનરિઝર્વ્ડ ટિકિટને લઈને ફેલાયેલી એક ગેરસમજને દૂર કરી છે. રેલવેએ કહ્યું કે UTS (અનરિઝર્વ્ડ ટિકિટિંગ સિસ્ટમ) મોબાઈલ એપથી બુક કરાયેલી ટિકિટનું પ્રિન્ટઆઉટ લેવું જરૂરી નથી. મુસાફરો મુસાફરી દરમિયાન પોતાના મોબાઈલ પર એપમાં 'શો ટિકિટ' (Show Ticket) વિકલ્પનો ઉપયોગ કરીને ટિકિટ ચેકિંગ સ્ટાફ (TTE) ને બતાવી શકે છે અને આ સંપૂર્ણપણે માન્ય છે. આ સ્પષ્ટતા એક



વાયરલ વીડિયો પછી આવી છે, જેમાં TTE એક મુસાફર પાસેથી UTS એપથી બુક કરાયેલી ટિકિટની પ્રિન્ટેડ કોપી માંગતો દેખાઈ રહ્યો હતો. આ વીડિયોના કારણે ઘણા મુસાફરોમાં આ ભ્રમ ફેલાઈ ગયો કે શું હવે તેમને મોબાઈલ ટિકિટનું પણ પ્રિન્ટઆઉટ લઈને મુસાફરી કરવી પડશે. રેલવે મંત્રાલયે કહ્યું- એપમાં ટિકિટ બતાવવી પૂરતી, રેલ મંત્રાલયે સત્તાવાર રીતે નિવેદન બહાર પાડ્યું. મંત્રાલયે જણાવ્યું કે UTS એપના 'શો ટિકિટ' સેક્શનમાં બતાવવામાં આવેલી અનરિઝર્વ્ડ ટિકિટ યાત્રા માટે માન્ય પુરાવો (Valid Authority) છે. યાત્રી તે જ ડિવાઈસ પર ડિજિટલ કોપી બતાવી શકે છે, જેનાથી ટિકિટ બુક કરવામાં આવી છે. જો કોઈ યાત્રીએ બારી પરથી અથવા ઓનલાઈન બુકિંગ પછી તેની પ્રિન્ટ કાઢી લીધી હોય, તો તેને મુસાફરી દરમિયાન તે ફિઝિકલ ટિકિટ સાથે રાખવી પડશે.

## સોનિયા ગાંધી બોલ્યા- સરકારે મનરેગા પર બુલડોઝર ચલાવ્યું

### કોને, કેટલો, ક્યાં અને કઈ રીતે રોજગાર મળશે, તે જમીની હકીકતથી નહીં, દિલ્હીથી નક્કી થશે

**દિલ્લી, તા.20**

વિકસિત ભારત ગેરંટી ફોર રોજગાર એન્ડ આજીવિકા મિશન (ગ્રામીણ) બિલ એટલે કે VB-G Ram G લોકસભા અને રાજ્યસભામાંથી પસાર થયાના બે દિવસ પછી કોંગ્રેસ નેતા સોનિયા ગાંધીએ આ અંગે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું- સરકારે જરૂરિયાતમંદોને રોજગાર આપતી મનરેગા પર બુલડોઝર ચલાવ્યું છે. સોનિયા ગાંધીએ વીડિયો જાહેર કરીને કહ્યું- હવે કોને, કેટલો, ક્યાં અને કઈ રીતે રોજગાર મળશે, તે જમીની હકીકતથી દૂર દિલ્હીમાં બેસીને સરકાર નક્કી કરશે. વાંચો સોનિયા ગાંધીનું પૂરું નિવેદન, ભાઈઓ અને બહેનો.. નમસ્કાર મને આજે પણ યાદ છે, 20 વર્ષ પહેલાં ડૉ. મનમોહન સિંહજી વડાપ્રધાન હતા, ત્યારે સંસદમાં મનરેગા કાયદો સર્વસંમતિથી પસાર કરવામાં આવ્યો હતો. આ એક એવું ક્રાંતિકારી પગલું હતું, જેનો ફાયદો કરોડો ગ્રામીણ પરિવારોને મળ્યો હતો.



ખાસ કરીને વંચિત, શોષિત, ગરીબ અને અતિગરીબ લોકો માટે રોજીરોટીનું સાધન બન્યું. રોજગાર માટે પોતાની માટી, પોતાનું ગામ, પોતાનું ઘર-પરિવાર છોડીને પલાયન કરવા પર રોક લાગી. રોજગારનો કાનૂની હક આપવામાં આવ્યો, સાથે જ ગ્રામ પંચાયતોને તાકાત મળી. મનરેગા દ્વારા મહાત્મા ગાંધીના ગ્રામ સ્વરાજના સપનાના ભારત તરફ એક નક્કર પગલું ભરવામાં આવ્યું.

## રાજધાની એક્સપ્રેસની અડફેટે 7 હાથી કપાયા:એક બચ્ચું ઘાયલ, આસામમાં 5 ડબ્બા પાટા પરથી ખડી પડ્યાં

**આસામ, તા.20**

આસામના હોજાઈ જિલ્લામાં શનિવારે સવારે હાથીઓનું એક ટોળું સૈરંગ-નવી દિલ્હી રાજધાની એક્સપ્રેસની અડફેટે આવી ગયું. આ અકસ્માતમાં સાત હાથીનાં મોત થયાં અને એક બચ્ચું ઘાયલ થયું. અધિકારીઓએ જણાવ્યું કે અકસ્માતમાં ટ્રેનનું એન્જિન અને પાંચ કોચ પણ પાટા પરથી ઊતરી ગયાં.

આ અકસ્માત મોડીરાતે 2:17 વાગ્યે ચાંગજુરાઈ ગામ પાસે થયો હતો. શરૂઆતમાં આઠ હાથીનાં મોત થયાં હોવાના અહેવાલ હતા, પરંતુ બાદમાં પુષ્ટિ થઈ કે એક હાથીનું બચ્ચું જીવિત છે અને ગંભીર રીતે ઘાયલ છે. અકસ્માતમાં કોઈ મુસાફરને ઈજા થઈ હોવાના સમાચાર નથી. નગાંવના ડિવિઝનલ ફોરેસ્ટ ઓફિસર સુહાસ કદમે જણાવ્યું હતું કે વિસ્તારમાં ગાઢ ધુમ્મસ હોવાને કારણે આ અકસ્માત થયો હોવાની આશંકા છે. મૃત હાથીઓનું પોસ્ટમોર્ટમ



કરવામાં આવી રહ્યું છે, જ્યારે સ્થાનિક પશુચિકિત્સકો ઘાયલ હાથીની સારવાર કરી રહ્યા છે. નોર્થઈસ્ટ ફ્રન્ટિયર રેલવે (NFR)ના મુખ્ય જનસંપર્ક અધિકારી કપિંજલ કિશોર શર્માએ જણાવ્યું કે આ દુર્ઘટના ગુવાહાટીથી લગભગ 126 કિલોમીટર દૂર લુમડિંગ ડિવિઝન હેઠળના જમુનામુખ-કાંપુર સેક્શનમાં થઈ હતી. દુર્ઘટના સ્થળ અધિકૃત હાથી કોરિડોર નથી.

**રાષ્ટ્રીય હિતો વિરુદ્ધ પ્રવૃત્તિઓમાં સામેલ રહે છે**

## રાહુલ ગાંધી વિદેશોમાં ભારતને બદનામ કરી રહ્યા છે- ભાજપ



**નવી દિલ્હી, તા.20**

ભાજપે શનિવારે કોંગ્રેસ નેતા અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી પર વિદેશોમાં ભારતને બદનામ કરવાનો આરોપ લગાવ્યો. ભાજપનો દાવો છે કે રાહુલ ગાંધી વિદેશ પ્રવાસો દરમિયાન ભારત-વિરોધી તાકાતોને મળે છે. સાથે જ રાષ્ટ્રીય હિતો વિરુદ્ધની પ્રવૃત્તિઓમાં સામેલ રહે છે. દિલ્હીમાં પ્રેસ કોન્ફરન્સને સંબોધન કરતા ભાજપ નેતા ગૌરવ ભાટિયાએ કહ્યું કે, રાહુલ ગાંધી અવારનવાર સંસદ સત્ર દરમિયાન વિદેશ યાત્રાઓ પર જતા રહે છે. ઉદાહરણ તરીકે રાહુલના હાલના જર્મની પ્રવાસનો ઉલ્લેખ કર્યો. ભાટિયાએ કહ્યું કે, વિરોધ પક્ષના નેતાની પ્રાથમિક જવાબદારી છે કે જ્યારે સંસદ સત્ર ચાલે ત્યારે તેઓ ગૃહમાં હાજર રહે, પરંતુ રાહુલ વિદેશ ચાલ્યા ગયા. ત્યાં તેમણે હર્ટી સ્કૂલમાં પ્રો. ડો. કોર્નેલિયા વોલ સાથે મુલાકાત કરી. આનાથી તેમના એજન્ડા અને ઈરાદા પર સવાલો ઉભા થાય છે. રાહુલ ગાંધી અને જ્યોર્જ સોરોસ વચ્ચે સંબંધ, ભાટિયાએ રાહુલ ગાંધી અને રોકાણકાર જ્યોર્જ સોરોસ વચ્ચેના કથિત સંબંધોનો પણ દાવો કર્યો. તેમણે ઓપન સોસાયટી ફાઉન્ડેશન અને સેન્ટ્રલ યુરોપિયન યુનિવર્સિટીનો ઉલ્લેખ કરતા કહ્યું કે આ સંસ્થાઓ ભારત વિરોધી પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી છે. ભાટિયાએ કહ્યું કે, રાહુલ ગાંધી અને જ્યોર્જ સોરોસ બે શરીર, એક જીવ સમાન છે અને હવે તેનો વધુ એક પુરાવો સામે આવ્યો છે. આ પહેલીવાર નથી જ્યારે રાહુલ ગાંધી આવી ભારત વિરોધી પ્રવૃત્તિઓમાં સામેલ જોવા મળ્યા હોય. રાહુલ ગાંધી વિદેશ જઈને એવા લોકો સાથે મળે છે અને વાતચીત કરે છે જેઓ ભારતના દુશ્મન છે.



## ન્યૂઝ ટ્રેક

### 82 વર્ષના વૃદ્ધે જાહેરમાં કિશોરી સાથે અડપલાં કર્યા, રાજકોટ પોલીસે ગણતરીની કલાકોમાં વિકૃતને દબોચ્યો

**રાજકોટ, તા.20**

રાજકોટ શહેરમાં જાહેર રસ્તા પર પૌત્રીની ઉંમરની કિશોરી સાથે અડપલાં કરી રહેલા વૃદ્ધના વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા ચકચાર મચી છે. પોલીસે ગણતરીના કલાકોમાં જ વિકૃત માનસિકતા ધરાવતા 82 વર્ષીય વૃદ્ધને હસ્તગત કરી પૂછપરછ હાથ ધરી છે. માસૂમ બાળકી સાથે જાહેરમાં અડપલાંનો વીડિયો વાઈરલ થતા નાની બાળકીના માતાપિતાઓ પણ પોતાના સંતાનોની સુરક્ષાને લઈ ચિંતિત બન્યા છે. લોકો વૃદ્ધ પર ફિટકાર વરસાવી રહ્યા છે. ટ્રાફિકથી ધમધમતા માર્ગ પર કારની આડે બાળકી સાથે અડપલાં કર્યા સોશિયલ મીડિયામાં જે વીડિયો વાઈરલ થઈ રહ્યા છે તે રાજકોટના 150 ફૂટ રિંગરોડ પર મોવડી ચોકડી નજીકના છે. જે વીડિયો વાઈરલ થયા છે તેમાં 70 વર્ષ આસપાસની ઉંમર ધરાવતો વૃદ્ધ એક બાળકને રમાડી રહ્યો છે. બાજુમાં જ આઠથી દસ વર્ષની એક બાળકી ઉભી છે.જેના ગુપ્તભાગે વૃદ્ધ હાથ ફેરવતા જોવા મળી રહ્યો છે. હદ તો ત્યારે થઈ ગઈ કે વિકૃત માનસિકતા ધરાવતો આ વૃદ્ધ સતત દોઢથી બે મિનિટ સુધી અડપલાં કરતો રહ્યો. સભ્ય સમાજનું માથું શરમથી ઝૂકી જાય તેવા બનાવનો આ વીડિયો સોશિયલ મીડિયામાં વાઈરલ થતા જ પોલીસ એક્શનમાં આવી અને ગણતરીના કલાકોમાં જ વિકૃતને ઝડપી પાડ્યો હતો. રાજકોટ માલવિયાનગર પોલીસ સ્ટેશન પીઆઇ જીજ્ઞેશ દેસાઈએ 'દિવ્યભાસ્કર' સાથે વાતચીત કરતા જણાવ્યું હતું કે, આજ રોજ બપોરના સમયે વીડિયો વાયરલ થયો હતો જે ધ્યાને આવતા તાત્કાલિક તપાસ કરી વૃધ્ધ અંગે શોધખોળ હાથ ધરી હતી. દરમિયાન લાભદીપ સોસાયટીમાં રહેતા 82 વર્ષીય વૃદ્ધને હસ્તગત કરી તપાસ શરૂ કરવામાં આવી છે. જે બાળકી સાથે અડપલાં કર્યા તે કોણ છે એ અંગે તપાસ શરૂ કરવામાં આવી છે અને તેના વાલીવારસ અંગે શોધખોળ હાથ ધરી બાદમાં ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ વૃધ્ધ પોતાના પૌત્રને લઈને આંટો મારવા માટે નીકળ્યા હતા દરમિયાન બાળકી સાથે મવડી ચોક નજીક અડપલાં કર્યા હોવાનું સામે આવ્યું છે. બાળકોની સૌથી મોટી સમસ્યા એ છે કે તેઓ સાચા અને ખોટા વચ્ચેનો તફાવત જાણતા નથી. તેઓ એટલા સરળ અને પ્રામાણિક છે કે તેઓ દરેકને પોતાના તરીકે સ્વીકારે છે. જો કોઈ તમારી સાથે પ્રેમથી વાત કરે અથવા તમને કેન્ડી આપે તો તમે ના પાડતા નથી.

### ડાંગમાં 11,121 મતદારો 'અનકલેક્ટેબલ' જાહેર, દૂર કરાશે, મતદારયાદીનો મુસદ્દો પ્રસિદ્ધ, રાજકીય પક્ષોને નકલ અપાઈ



**ડાંગ, તા.20**

ડાંગ જિલ્લામાં મતદારયાદીના ખાસ સઘન સુધારણા કાર્યક્રમ હેઠળ મુસદ્દા મતદારયાદી પ્રસિદ્ધ કરવામાં આવી છે. જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર શાલિની દુહાનની અધ્યક્ષતામાં રાજકીય પક્ષો સાથે બેઠક યોજી તેમને મુસદ્દા મતદારયાદીની નકલ સુપરત કરાઈ હતી. આ સાથે, મૃત્યુ પામેલા, ગેરહાજર કે કાયમી સ્થળાંતર કરનાર મતદારોની વિગત દર્શાવતી યાદીની નકલ પણ આપવામાં આવી હતી. ભારતના ચૂંટણી પંચના નિર્દેશ અનુસાર, રાજ્યમાં 01/01/2026ની લાયકાતની તારીખના સંદર્ભમાં મતદારયાદીનો ખાસ સઘન સુધારણા કાર્યક્રમ અમલમાં મુકાયો છે. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય મતદારયાદીને સંપૂર્ણપણે ભૂલરહિત અને સ્વચ્છ બનાવવાનો છે, જેથી દરેક લાયક નાગરિકને મતાધિકારનો લાભ મળે અને મૃત, સ્થળાંતરિત કે ડુપ્લિકેટ મતદારોની નોંધો દૂર કરી શકાય. આ કાર્યક્રમના ભાગરૂપે, ડાંગ જિલ્લાના 173-ડાંગ (અ.જ.જા.) વિધાનસભા મતદાર વિભાગના કુલ 329 બૂથ લેવલ ઓફિસર્સ (BLOs) દ્વારા 04/11/2025થી ઘરે ઘરે જઈને ગણતરી ફોર્મ (Enumeration Form-EF)નું વિતરણ અને ભરેલા ફોર્મનું સંકલન 100% સફળતાપૂર્વક પૂર્ણ કરાયું છે. ડાંગ જિલ્લાના 173-ડાંગ (અ.જ.જા.) વિધાનસભા મતદાર વિભાગના કુલ 2,01,682 મતદારોમાંથી 1,90,561 મતદારોના ગણતરી ફોર્મ (EF) ડિજિટાઈઝ્ડ કરવામાં આવ્યા છે. ગણતરી દરમિયાન, 3963 મતદારો મૃત, 5562 સ્થળાંતરિત, 551 ડુપ્લિકેટ, 979 ગેરહાજર અને 66 અન્ય કેટેગરીના મળીને કુલ 11,121 મતદારોને 'અનકલેક્ટેબલ' શ્રેણીમાં સમાવવામાં આવ્યા છે. આ મતદારોની નોંધો દૂર કરવાની પ્રક્રિયા નિયમો મુજબ હાથ ધરવામાં આવશે. સુધારણા કાર્યક્રમનો આગામી તબક્કો નીચે મુજબ રહેશે: મતદારો 19/12/2025 થી 18/01/2026 સુધી પોતાના નામ દાખલ કરવા, કમી કરવા અથવા સુધારા-વધારા માટે ફોર્મ નં. 6, 7 અને 8 દ્વારા હક્ક-દાવા અને વાંધા અરજીઓ રજૂ કરી શકશે.

---

પોલીસ-બંદોબસ્ત પણ ન માગ્યો, પ્રવાસની બસ RTOમાં ચેક ન કરાવી, પિતાના શબ્દોથી સૌની આંખો ભીની

# ભાજપ આગેવાનની સ્કૂલની બેદરકારી, વિદ્યાર્થીનું ડૂબી જવાથી મોત

■ 'જમવા માટે સાસણના રિસોર્ટમાં રોકાયા હતા, નહાવાનું આયોજન નહોતું

**મહેસાણા, તા.13**

રાજકોટની નવયુગ સ્કૂલ દ્વારા 19 ડિસેમ્બરના રોજ 150થી વધુ વિદ્યાર્થી અને 14 શિક્ષકને 3 બસમાં સોમનાથ-સાસણના પ્રવાસે લઈ જવાયા હતા. આ પ્રવાસ દરમિયાન બપોરના સાસણના રિસોર્ટમાં સ્વિમિંગ પૂલમાં નહાવા પડેલા ધોરણ 8ના વિદ્યાર્થીનું ડૂબી જવાથી દુ:ખદ નિધન થયું હતું. આ દુર્ઘટનામાં પ્રવાસમાં હાજર શિક્ષકો અને ભાજપ આગેવાન એવા સ્કૂલ સંચાલકની ગંભીર બેદરકારી સામે આવી છે. શિક્ષકોએ ધ્યાન ન આપ્યું અને વિદ્યાર્થીઓ સ્વિમિંગ પૂલમાં નહાવા પડ્યા અને તેમાંથી એક વિદ્યાર્થીનું મૃત્યુ થયુ. રાજ્ય સરકાર દ્વારા જારી કરેલા નિયમો પ્રમાણે સ્કૂલ-સંચાલક દ્વારા પોલીસ પાસે બંદોબસ્ત માગવાની બદલે માત્ર જાણ કરવામાં આવી હતી. આ સાથે જ આરટીઓ કચેરીમાં પણ વાહનની ફિટનેસ ચેક કરાવવામાં ન આવી હોવાનો ઘટસ્ફોટ થયો છે. દરમિયાન સૌરાષ્ટ્ર કોંગ્રેસ પ્રવક્તાએ સ્કૂલની માન્યતા રદ કરવાની સાથે વિદ્યાર્થીનાં પરિવારજનોને રૂ.50 લાખની આર્થિક સહાય આપવાની માગ કરી છે. આ બાબતે રાજકોટના ઇન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે જણાવ્યું હતું કે 24 ઓક્ટોબર, 2024નો ગુજરાત શિક્ષણ વિભાગનો ઠરાવ છે, જેમાં કોઈપણ સ્કૂલ જ્યારે પ્રવાસમાં જાય ત્યારે એ સ્કૂલે કચેરી ખાતે જાણ કરવાની હોય છે. નવયુગ સ્કૂલ દ્વારા 11 ડિસેમ્બરના રોજ પ્રવાસ અંગેની ફાઈલ જમા કરાવવામાં આવેલી છે. એમાં નોંધ્યા મુજબ 145 વિદ્યાર્થી અને 14 શિક્ષકો સાથેનો પ્રવાસ હતો. એમાં સૌપ્રથમ સોમનાથ અને ત્યાર પછી દેવડિયા પાર્ક પ્રવાસ જવાનો હતો.

એક દિવસનો પ્રવાસ હતો, પરંતુ જ્યારે સંચાલક સાથે પ્રાથમિક વાતચીત કરી ત્યારે તેમના જણાવ્યા મુજબ તેઓ જમવા માટે સાસણ ખાતેના રિસોર્ટમાં રોકાયા હતા, જ્યાં



### પ્રવાસ અંગેની ફાઈલ જમા કરાવવામાં આવેલી છે: DEO

આ બાબતે રાજકોટના ઇન્ચાર્જ જિલ્લા શિક્ષણ અધિકારી દીક્ષિત પટેલે જણાવ્યું હતું કે 24 ઓક્ટોબર, 2024નો ગુજરાત શિક્ષણ વિભાગનો ઠરાવ છે, જેમાં કોઈપણ સ્કૂલ જ્યારે પ્રવાસમાં જાય ત્યારે એ સ્કૂલે કચેરી ખાતે જાણ કરવાની હોય છે. નવયુગ સ્કૂલ દ્વારા 11 ડિસેમ્બરના રોજ પ્રવાસ અંગેની ફાઈલ જમા કરાવવામાં આવેલી છે.

### 'ત્રણ સભ્યની ટીમ વિદ્યાર્થીઓ-શિક્ષકોનાં નિવેદન લેશે'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે અમારી ટીમ તપાસ માટે મોકલી દેવામાં આવી છે. ત્રણ સભ્યોની આ ટીમ વિદ્યાર્થીઓને શિક્ષકોનાં નિવેદન લેશે. તપાસના અંતે કોની બેદરકારી હતી એ નક્કી કરવાનો પ્રયત્ન કરવામાં આવશે. આ બાબતમાં પોલીસકેસ નોંધાયો છે, ત્યારે પોલીસ પણ તપાસ કરી રહી છે અને અમારી ટીમ પણ તપાસ કરી રહી છે. શિક્ષણ ખાતાના કોઈ નિયમનું ઉલ્લંઘન થયું હશે.

---

## હવે લાઇટ ડૂલ થાય તો ફરિયાદ નહીં કરવી પડે!

### સરકાર લોન્ચ કરશે ઊર્જા સંવર્ધન પોર્ટલ જેમાં ચારેય વીજ વિતરણ કંપની સામેલ, પોર્ટલ ઝડપથી ગ્રાહકોનો વીજ ફોલ્ટ પકડી પાડશે

**ભરુચ, તા.20**

ગુજરાતમાં હવે લાઈટ ડૂલ થાય તો ગ્રાહકોને એની ફરિયાદ કરવાની નહીં રહે, કારણ કે રાજ્યના ઊર્જા વિભાગ દ્વારા જાન્યુઆરી, 2026થી ઊર્જા સંવર્ધન પોર્ટલ શરૂ કરવામાં આવશે. આ પોર્ટલની મદદથી કોઈપણ જગ્યાએ વીજપુરવઠો બંધ થશે કે વોલ્ટેજ ફ્લેક્યુએશન થશે તો એની જાણ આ ઓનલાઈન પોર્ટલ મારફત સીધી કંટ્રોલરૂમમાં થઈ જશે અને તેથી તરત જ ટીમ વીજ ફોલ્ટ નિવારવા જે એ સ્થળે પહોંચી જશે. રાજકોટ સ્થિત PGVCL ઉપરાંત UGVCL, DGVCL અને MGVCL દ્વારા આ પોર્ટલનુ ટૂંક સમયમાં અમલીકરણ થતાં વીજ ફોલ્ટ ઝડપથી નિવારી શકાશે. વીજ ફોલ્ટની તમામ વિગતો ઓનલાઈન પોર્ટલથી મળી શકશેઃ કેતન જોશી, રાજકોટ સ્થિત પીજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર કેતન જોશીએ જણાવ્યું હતું કે ઊર્જા વિભાગના અધિક મુખ્ય સચિવ એસ. જે. હૈદર અને GUVNL મેનેજિંગ ડિરેક્ટર જેનુ દેવનની અધ્યક્ષતામાં બેઠક મળી હતી. તેમણે ગુજરાત રાજ્યના ઊર્જામંત્રી ઋષિકેશ પટેલ અને કૌશિક વેકરિયાને ઊર્જા સંવર્ધન અંગે સમજૂતી આપી હતી. ઊર્જા સંવર્ધન પોર્ટલથી વીજ ફોલ્ટની તરત જાણ થશે. 'પોર્ટલથી ખેડૂતોને પણ લાભ થશે' જે માટે ગુજરાત રાજ્યના ઊર્જા વિભાગના દરેક ડિવિઝન, દરેક સર્કલ અને દરેક સબ ડિવિઝન લેવલે એક કંટ્રોલરૂમ કરવામાં આવ્યો છે. ઊર્જા સંવર્ધન પોર્ટલ પરથી કંટ્રોલરૂમમાં ફરજ બજાવતી વ્યક્તિઓ આ બધી વિગતો મેળવી ગ્રાહકોને ગુણવત્તાલક્ષી વીજપુરવઠો મળી રહે એ માટેનો ખાસ અભિગમ છે. ખેતી કરતા ખેડૂતોને વીજપુરવઠામાં અનિયમિતતા જોવા મળે છે તો એને કઈ રીતે સુધારી શકાય એવો એનો શુભ હેતુ રહેલો છે. 'જાન્યુઆરીથી આ પોર્ટલ શરૂ કરાશે' તેમણે વધુમાં જણાવ્યુ હતું કે હાલ આ શરૂઆતનો તબક્કો છે, ત્યારે અમારા લેવલે ડિવિઝન, સર્કલ અને કોર્પોરેટ ઓફિસ લેવલે વિશેષ તપાસ થઈ અમલવારી કરવામાં આવશે.

#### 'જાન્યુઆરીથી આ પોર્ટલ શરૂ કરાશે'

તેમણે વધુમાં જણાવ્યુ હતું કે હાલ આ શરૂઆતનો તબક્કો છે, ત્યારે અમારા લેવલે ડિવિઝન, સર્કલ અને કોર્પોરેટ ઓફિસ લેવલે વિશેષ તપાસ થઈ અમલવારી કરવામાં આવશે. આ પોર્ટલ આવવાથી ગ્રાહકોને લાઈટ ડૂલ થયાની ફરિયાદ કરવાની જ જરૂર નહીં રહે. અમારા તબક્કે જ જાણી શકાશે કે કઈ જગ્યાએ વીજપુરવઠામાં વિક્ષેપ આવે છે અને કઈ કઈ જગ્યાએ વોલ્ટેજ ફ્લેક્યુએશન છે એ જાણી તકેદારીનાં પગલાં લેવામાં આવશે. હાલ સરકાર દ્વારા જાન્યુઆરીથી આ પોર્ટલ શરૂ કરવામાં આવનાર હોવાનું જાણવા મળી રહ્યું છે.

---

## ભરૂચમાં નર્મદા પટમાં વાઘનો વીડિયો વાયરલ, વન વિભાગે સ્થળ તપાસમાં દીપડાના નિશાન મળ્યાની પુષ્ટિ કરી

**ભરૂચ, તા.20**

ભરૂચ તાલુકાના નિકોરા ગામ સામે નર્મદા નદીના પટમાં વાઘ ફરતો હોવાનો એક વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો. આ વીડિયોને કારણે નિકોરા અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં ભયનો માહોલ સર્જાયો હતો. જોકે, વન વિભાગે સ્થળ તપાસ બાદ સ્પષ્ટ કર્યું છે કે તે વાઘ નહીં, પરંતુ દીપડો હતો. ઉલ્લેખનીય છે કે, એક મહિના પહેલા દાહોદ જિલ્લાના રતનમહાલ વન્યજીવ અભયારણ્યમાં એક યુવાન નર વાઘ હોવાની માહિતી વન વિભાગે જાહેર કરી હતી. આ ઘટનાક્રમ વચ્ચે, ગતરોજ કોઈ અજાણ્યા વ્યક્તિએ નિકોરા ગામ સામે નર્મદા નદીના પટમાં દૂરથી વીડિયો ઉતારી તેને 'નિકોરા ગામના બેટમાં વાઘ નીકળ્યો' શીર્ષક સાથે સોશિયલ મીડિયામાં વાયરલ કર્યો હતો. વીડિયો વાયરલ થતાં જ સામાજિક વનીકરણ વિભાગના નાયબ વન સંરક્ષક ભાવના દેસાઈના માર્ગદર્શન હેઠળ આરએફઓ એમ.બી.ડાભી અને તેમની ટીમે શનિવારે સ્થળની મુલાકાત લીધી હતી. ટીમે ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. ભરૂચના આરએફઓ એમ.આર.ડાભીએ જણાવ્યું કે, વન વિભાગની ટીમને સ્થળ તપાસ દરમિયાન વાઘ હોવાના કોઈ નિશાન મળ્યા નથી. જોકે, ત્યાં દીપડાના પંજાના નિશાન સ્પષ્ટપણે જોવા મળ્યા હતા. તેમણે વધુમાં ઉમેર્યું કે, આ વિસ્તારમાં દીપડાની સંખ્યા વધુ હોવાથી તેઓ વહેલી સવારે 5 થી 7 વાગ્યા દરમિયાન અને સંધ્યાકાળે વધુ સક્રિય રહે છે.તેથી, સ્થાનિક લોકોએ આ સમયગાળા દરમિયાન ખાસ સાવચેત રહેવું જોઈએ. વન વિભાગે લોકોને ભય ન ફેલાવવાની અપીલ કરી છે. તેમણે જણાવ્યું છે કે, કોઈ પણ વન્ય પ્રાણી અંગે શંકાસ્પદ માહિતી કે ઘટના સામે આવે તો તરત વન વિભાગનો સંપર્ક કરવો જોઈએ.

## ગોવિંદ ગુરુ યુનિવર્સિટીનો 7મો દીક્ષાંત સમારંભ યોજાયો

**પંચમહાલ, તા.20**

પંચમહાલના વિંઝોલ સ્થિત શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીનો 7મો દીક્ષાંત સમારંભ રાજ્યપાલ આચાર્ય દેવવ્રતની ઉપસ્થિતિમાં યોજાયો હતો. આ સમારંભમાં વિવિધ શાખાઓના 21 હજારથી વધુ વિદ્યાર્થીઓને ડિગ્રી તથા સુવર્ણચંદ્રક એનાયત કરવામાં આવ્યા. આ ઉપરાંત, 140 જેટલા વિદ્યાર્થીઓને ડોક્ટરેટની ડિગ્રી પણ આપવામાં આવી હતી. રાજ્યપાલ આચાર્ય દેવવ્રતએ ભારતની આઝાદીમાં યોગદાન આપનાર સ્વાતંત્ર્યસેનાની અને સમાજસુધારક શ્રી ગુરુ ગોવિંદને સ્મરણાંજલિ અર્પણ કરી. તેમણે જણાવ્યું કે, ગુરુ ગોવિંદે આદિવાસી સમાજમાં પ્રવર્તતા કુરિવાજો દૂર કરીને સમાજ સુધારણાનું કાર્ય કર્યું, જે યુવાનો માટે પ્રેરણારૂપ છે. રાજ્યપાલએ ગોલ્ડ મેડલ વિજેતાઓ સહિત તમામ ડિગ્રીધારક વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા હતા. તેમણે વિદ્યાર્થીઓના જીવન ઘડતરમાં યોગદાન આપનાર શિક્ષકો અને બાળકોના શિક્ષણ માટે સમર્પિત માતા-પિતાના ત્યાગને પણ યાદ કર્યો.

## સુરત શહેરમાં પ્રતિબંધિત સમયમાં ભારે વાહનોનો પ્રવેશ : 49 વાહનો ડિટેઈન

### ખુલ્લી માટી લઈને દોડતા ટ્રેલરોને કારણે હવામાં પ્રદૂષણની માત્રામાં વધારો

**સુરત, તા.20**

ડાયમંડ સિટી અને ટેક્સટાઈલ હબ તરીકે જાણીતું સુરત શહેર હાલમાં એક ગંભીર સમસ્યાનો સામનો કરી રહ્યું છે. શહેરમાં કન્સ્ટ્રક્શન પ્રવૃત્તિઓ વેગ પકડી રહી છે, પરંતુ તેની સાથે જ ભારે વાહનો દ્વારા નિયમોનું જે પ્રકારે ઉલ્લંઘન થઈ રહ્યું છે તેનાથી શહેરના પર્યાવરણ અને નાગરિકોના સ્વાસ્થ્ય પર જોખમ ઊભું થયું છે. ખાસ કરીને પ્રતિબંધિત સમયમાં ભારે વાહનોના પ્રવેશ અને ખુલ્લી માટી લઈને દોડતા ટ્રેલરોને કારણે હવામાં પ્રદૂષણની માત્રામાં નોંધપાત્ર વધારો થયો છે. સુરત શહેર પોલીસ કમિશનર દ્વારા ટ્રાફિકની સમસ્યા અને જનતાની સુરક્ષાને ધ્યાને રાખીને ભારે વાહનો માટે ચોક્કસ સમય મર્યાદા નક્કી કરતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. આ નિયમ મુજબ, શહેરમાં ભારે વાહનોના પ્રવેશ પર અમુક ચોક્કસ કલાકો દરમિયાન પ્રતિબંધ



લાદવામાં આવ્યો છે. તેમ છતાં, સુરતના રાજમાર્ગો પર આ ભારે વાહનો નિર્ભયપણે ફરતા જોવા મળે છે. નિયમોને ઘોળીને પી જનારા વાહનચાલકો અને ટ્રાન્સપોર્ટરોને જાણે કાયદાનો કોઈ ડર જ ન હોય તેમ લાગી રહ્યું છે. સુરત શહેરમાં ઠેર-ઠેર ચાલી રહેલા મોટા પ્રોજેક્ટ્સ અને કન્સ્ટ્રક્શન સાઈટ પર માટી, કપચી અને કાટમાળ લઈ જતા હેવી વ્હીકલ્સ મુખ્ય સમસ્યા છે. આ વાહનોમાં ભરેલી માટી કે રેતી પર ઘણીવાર તાળપત્રી બાંધવામાં આવતી નથી.

## રાજકોટમાં નેશનલ હેરાલ્ડ મામલે કોંગ્રેસનો વિરોધ, પોલીસની ટિંગાટોળી

■ **પદયાત્રા કમલમ પહોંચે તે પહેલા જ પોલીસે અડધે રસ્તે રોકી, 30થી વધુની અટકાયત**

**રાજકોટ, તા.20**

નેશનલ હેરાલ્ડ મામલે રાજકોટ શહેર કોંગ્રેસ દ્વારા ઉગ્ર વિરોધ કરવામાં આવ્યો હતો. રાજકોટના શીતલ પાર્ક ચોક નજીક શહેર કોંગ્રેસ પ્રમુખની આગેવાનીમાં મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકર્તા શહેર ભાજપ કાર્યાલય ખાતે વિરોધ કરવા પહોંચ્યા હતા. જોકે, કાર્યાલય સુધી પહોંચે તે પહેલા જ તમામ 30થી વધુ લોકોની અટકાયત કરી દેવામાં આવી હતી. આ દરમિયાન કોંગ્રેસના કાર્યકર્તાઓ અને પોલીસ વચ્ચે ઉગ્ર ઝપાઝપીના દ્રશ્યો જોવા મળ્યા હતા. નેશનલ હેરાલ્ડ મની લોન્ડરિંગ કેસમાં દિલ્હીની કોર્ટે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED)ની ફરિયાદને નકારી કાઢતાં કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધી અને વિપક્ષી નેતા રાહુલ ગાંધીને મોટી રાહત મળી છે. આ નિર્ણયની ઉજવણીમાં રાજકોટ શહેર કોંગ્રેસે 'સત્યમેવ જયતે' પદયાત્રા યોજી હતી, જેમાં મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકર્તાઓ જોડાયા હતા. આ પદયાત્રાને પગલે પોલીસે કોંગ્રેસના 20થી વધુ કાર્યકરોની અટકાયત કરી હતી. રાજકોટ શહેર કોંગ્રેસની આ પદયાત્રા 150 ફૂટ રિંગ રોડ પર શીતલ પાર્ક ચોકથી શરૂ થઈ હતી અને ભાજપના શહેર કાર્યાલય તરફ આગળ વધી રહી હતી. આ દરમિયાન કાર્યકર્તાઓએ ભાજપ વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા અને 'સત્યમેવ જયતે'ના પ્લેકાર્ડ્સ લઈને શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન કરવાનો પ્રયાસ કર્યો હતો.

## ગોત્રી વિસ્તારમાં 5 દિવસથી ગુમ યુવકનો મૃતદેહ મળ્યો : વાસણ તળાવમાંથી લાશ મળી

**વડોદરા, તા.20**

વડોદરાના ગોત્રી વિસ્તારમાં છેલ્લા 5 દિવસથી સેવ ઉસળની દુકાન પર કામ કરતો યુવક ગુમ થયો હતો, ત્યારે આજે આ યુવકનો મૃતદેહ વાસણા ખાતેના તળાવમાંથી મળી આવતા ચકચાર મચી ગઈ છે. ગોત્રી પોલીસે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી વધુ તપાસ હાથ ધરી છે. ગોત્રીમાં પાંચ દિવસથી ગુમ યુવકનો મૃતદેહ મળ્યો, વડોદરા શહેરના ગોત્રી વિસ્તારમાં આવેલા રણછોડરાય મંદીર પાછળ દેવનગરમાં રહેતો ભરત પરમાર (ઉ.વ.48) સેવ ઉસળની દુકાન પર કામ કરતો હતો. તે પાંચ દિવસ અગાઉ ગુમ થયો હતો. આ અંગે જાણવા જોગ ફરિયાદ ગોત્રી પોલીસ સ્ટેશનમાં દાખલ કરાઈ હતી. જોકે, પોલીસે આ મામલે શોધખોળ હાથ ધરી હતી, પરંતુ સફળતા મળી ન હતી. આ યુવકની લાશ તળાવમાં દેખાતા પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી પોસ્ટમોર્ટમ અર્થે ખસેડવામાં આવી છે. પીએમ રિપોર્ટ બાદ મોતનું સાચુ કારણ સામે આવશે, આ મામલે ગોત્રી પોલીસે અકસ્માતે મોત અંગેનો કેસ દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે. આ મૃતકનું કંઈ રીતે મોત નિપજ્યું છે તે પોસ્ટમોર્ટમ રિપોર્ટ બાદ ખબર પડશે. હાલમાં પોલીસે આ મૃતક ભરતનું પાણીમાં ડુબી જવાથી મોત થયું હોવાનું પ્રાથમિક કારણ બતાવી અકસ્માતે મોતનો ગુનો દાખલ કર્યો છે.

## જિજ્ઞેશ મેવાણીએ કહ્યું, નશાની લતમાં લોકો ઘરનાં થાળી-વાટકા વેચતા

**ખેડા, તા.20**

ગુજરાતમાં રાજકીય પરિવર્તનનો સંકલ્પ લઈને કોંગ્રેસ દ્વારા શરૂ કરવામાં આવેલી 'જન આક્રોશ યાત્રા'ના દ્વિતીય ચરણનો ખેડા જિલ્લાના ફાગવેલથી પ્રારંભ થયો છે. પ્રથમ ચરણના પ્રારંભમાં જેમ જિજ્ઞેશ મેવાણીએ થરાદમાં દારૂ-ડ્રગ્સ મુદ્દે પોલીસના પટ્ટા ઉતારવાની વાત કરી, એ રીતે યાત્રાના બીજા ચરણના પ્રારંભે પણ જિજ્ઞેશ મેવાણીએ દારૂ-ડ્રગ્સ મુદ્દે સરકાર પર આકરા પ્રહારો કરતાં જણાવ્યું હતું કે ગુજરાતમાં 25 લાખ લોકો ડ્રગ્સના રવાડે ચડી ગયા છે, પણ મુખ્યમંત્રી હજી ચૂપ છે. નશાના રવાડે ચડેલા લોકો ઘરનાં થાળી-વાટકા સહિતનાં વાસણો વેચી રહ્યા છે, પણ મંત્રીઓના પેટનું પાણી નથી હલતું.20મી ડિસેમ્બર, એટલે કે આજથી શરૂ થયેલી આ યાત્રામાં કપડવંજ તાલુકાના ફાગવેલ ધામ ખાતે વીર ભાથીજી મહારાજના મંદિરે શાસ્ત્રોક્ત વિધિ મુજબ ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ભાથીજીના આશીર્વાદ લીધા બાદ કોંગ્રેસના નેતાઓએ એક વિશાળ જનસંમેલનને સંબોધિત કર્યું હતું. યાત્રાના પ્રારંભે જિજ્ઞેશ મેવાણી, ગેનીબેન ઠાકોર અને કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. વડગામના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રમાં ટ્રેક્ટર યાત્રા બાદ ઉત્તર ગુજરાતમાં જન આક્રોશ રેલીને જબરદસ્ત પ્રતિભાવ મળ્યો. જન આક્રોશ રેલીનું આ બીજું ચરણ છે, જે અહીંથી છેક દાહોદ સુધી પહોંચશે અને સ્થાનિકોના પાયાના સવાલો અમે ઉપાડીશું. જ્યારે પણ વિસ્તારમાં આવીએ ત્યારે માધવસિંહ સોલંકીને યાદ કરવા પડે. મેવાણીએ જણાવ્યું હતું કે તમામ ઓબીસી સમાજના નેતાઓથી માંડી કાર્યક્તાઓને કહુ છું કે તમારી વર્તમાન અને આવનારી પેઢીને એટલું યાદ કરાવજો કે તમારા ગામમાં નિયમિત રીતે ભાજપને મત આપનારા લોકોનાં બાળકો જે મધ્યાહ્ન ભોજનમાં જમે છે એ માધવસિંહ સોલંકીની દેન છે. કન્યા કેળવણીનો પાયો નાખનાર પણ માધવસિંહ સોલંકી છે. જિજ્ઞેશ મેવાણીએ વધુમાં જણાવ્યું હતું કે આરએસએસ અને ભાજપવાળા દેશની આઝાદીની ચળવળમાં નહોતા, એ કોંગ્રેસના સિપાહીઓ હતા, જેમણે લાઠીઓ ખાધી, કાળાપાણીની જેલમાં રહ્યા ત્યારે અંગ્રેજોની ગુલામીથી દેશ આઝાદ થયો છે. આ કોંગ્રેસનું યોગદાન છે, એ યોગદાનને યાદ રાખીને અત્યારે કેવું ગુજરાત બનાવવું છે, અત્યારે કેવું ભારત બનાવવું છે, લોકોના સળગતા સવાલો શું છે અને એ સવાલોને વાચા આપવા કોંગ્રેસની આ જન આક્રોશ રેલી નીકળી છે. ભાથીજી મહારાજે લૂંટના બદલામાં માથું આપ્યું હતું.

### ભાજપ સરકાર પર આકરા પ્રહાર

20મી ડિસેમ્બર, એટલે કે આજથી શરૂ થયેલી આ યાત્રામાં કપડવંજ તાલુકાના ફાગવેલ ધામ ખાતે વીર ભાથીજી મહારાજના મંદિરે શાસ્ત્રોક્ત વિધિ મુજબ ધ્વજારોહણ કરવામાં આવ્યું હતું. ભાથીજીના આશીર્વાદ લીધા બાદ કોંગ્રેસના નેતાઓએ એક વિશાળ જનસંમેલનને સંબોધિત કર્યું હતું. યાત્રાના પ્રારંભે જિજ્ઞેશ મેવાણી, ગેનીબેન ઠાકોર અને કોંગ્રેસ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. વડગામના ધારાસભ્ય જિજ્ઞેશ મેવાણીએ જણાવ્યું હતું કે સૌરાષ્ટ્રમાં ટ્રેક્ટર યાત્રા બાદ ઉત્તર ગુજરાતમાં જન આક્રોશ રેલીને જબરદસ્ત પ્રતિભાવ મળ્યો. જન આક્રોશ રેલીનું આ બીજું ચરણ છે, જે અહીંથી છેક દાહોદ સુધી પહોંચશે અને સ્થાનિકોના પાયાના સવાલો અમે ઉપાડીશું. જ્યારે પણ વિસ્તારમાં આવીએ ત્યારે માધવસિંહ સોલંકીને યાદ કરવા પડે.

# હિજાબ વિવાદ : નુસરત નોકરી જોઈન કરવા ન પહોંચી : ઝારખંડ સરકારના મંત્રીએ 3 લાખની જોબ ઓફર કરી

■ નીતિશને પોતાની ભૂલનો અહેસાસ થવો જોઈએ: ઓમર અબ્દુલ્લા



ઝારખંડ તા.20

હિજાબ વિવાદ બાદ હેડલાઈન્સમાં આવેલી મુસ્લિમ ડોક્ટર નુસરત પરવીન નોકરી જોઈન કરવા ન પહોંચી. તેને શનિવારે સાંજે 6 વાગ્યા સુધીમાં પટના સદર સ્થિત સબલપુર પીએચસીમાં જોઈન થવાનું હતું, પરંતુ તે પહોંચી નહીં. સિવિલ સર્જન અવિનાશ કુમાર સિંહે કહ્યું, 'નુસરતનું જોઈનિંગ નથી થયું. જો વિભાગે તારીખ લંબાવી છે, તો અમે તેનું પાલન કરીશું.' 75 ડોક્ટરોની પસંદગી કરવામાં આવી હતી, જેમાંથી 63 અત્યાર સુધીમાં જોડાયા છે. 12 ડોક્ટરો હજુ સુધી જોડાયા નથી. આ દરમિયાન, ઝારખંડ સરકારના મંત્રી ડૉ. ઈરફાન અંસારી નીતિશ કુમાર પર પ્રહાર કરી રહ્યા છે. ડૉ. નુસરત પરવીનને 3 લાખ રૂપિયા માસિક પગારની નોકરીની ઓફર કર્યા પછી, તેમણે બિહારમાં મુખ્યમંત્રીની સારવાર કરવાની વાત કરી છે. ઝારખંડના જામતારામાં મીડિયા સાથે વાત કરતા, આરોગ્ય મંત્રીએ કહ્યું, 'હું બિહાર જઈને મુખ્યમંત્રી નીતિશ કુમારની સારવાર કરવા માંગુ છું, જેઓ માનસિક રીતે બીમાર છે, અને તે પણ સંપૂર્ણપણે મફત.'

**બિહારમાં મહિનાનો 32 હજાર પગાર**

ઝારખંડ સરકારના મંત્રીએ કહ્યું હતું કે રાજ્યમાં દીકરીઓ અને ડોક્ટરના સન્માન સાથે કોઈ સમાધાન થતું નથી. સ્વાસ્થ્યમંત્રી ડૉ. ઈરફાન અંસારીએ કહ્યું હતું કે 'બિહારમાં તેમને 32 હજાર રૂપિયા મળશે. તેઓ ઝારખંડમાં નોકરી જોઈન કરે તો તેમને ત્રણ લાખ રૂપિયા પગાર, સરકારી ફ્લેટ, મનપસંદ પોસ્ટિંગ અને સંપૂર્ણ સુરક્ષા આપવામાં આવશે.'

**આજે પટના સદર PHCમાં નુસરત જોઈન કરી શકે છે**

મુસ્લિમ મહિલા ડોક્ટર નુસરત પરવીન શનિવારે એટલે કે આજે પટના સદર પીએચસીમાં નોકરી જોઈન કરી શકે છે. આ જાણકારી રાજકીય તિબ્બી કોલેજના પ્રિન્સિપાલ પ્રો. ડો. મોહમ્મદ મહફુઝુર રહેમાને શુક્રવારે આપી. પ્રિન્સિપાલે જણાવ્યું, 'ડો. નુસરત પરવીનની વાતચીત તેમની એક નજીકની મિત્ર સાથે થઈ છે. મિત્ર સાથેની વાતચીતમાં નુસરતે કહ્યું હતું કે અમે મુખ્યમંત્રી નીતિશ કુમારથી નારાજ નથી. અમે શનિવારે નોકરી જોઈન કરીશું.' નુસરતની મિત્ર બિલ્કિશ પરવીને જણાવ્યું, 'નુસરત હંમેશાં હિજાબમાં રહે છે. જે થયું એ ખોટું હતું અને કોઈને પણ એ અધિકાર નથી કે તે કોઈ મહિલાના શરીરને આ રીતે ટચ કરે.'

**નીતિશને પોતાની ભૂલનો અહેસાસ થવો જોઈએ: ઓમર અબ્દુલ્લા**

જમ્મુ-કાશ્મીરના CM ઓમર અબ્દુલ્લાએ નીતિશ કુમાર પર નારાજગી વ્યક્ત કરી છે. તેમણે કહ્યું, 'વિચારો કે જો મેં હરિયાણા-રાજસ્થાનની કોઈ હિન્દુ મહિલાનો ઘૂંઘટ ઉઠાવ્યો હોત તો શું થાત, ભાજપ કેટલો હોબાળો કરત, પરંતુ અત્યારે વાત મુસ્લિમ મહિલા ડોક્ટરની છે તો તેમનું વલણ કંઈક અલગ છે.' ઓમર અબ્દુલ્લાએ વધુમાં કહ્યું, 'એ વાત છોડી દો કે તે એક મુસ્લિમ મહિલા હતી અને તેણે હિજાબ પહેર્યો હતો. આ રીતે કોઈ મહિલા પર હાથ નાખવો, તેનાં કપડાં સાથે છેડછાડ કરવી ક્યાં સુધી યોગ્ય છે? તેમને શું જરૂર હતી કે તેમણે કોઈ સ્ત્રીનાં કપડાંને હાથ લગાવવા પડ્યા? અને પછી આ રીતે જબરદસ્તી એક મુસ્લિમ મહિલાનો હિજાબ હટાવવો. મહિલા ડોક્ટરે કહ્યું છે કે તે હવે ત્યાં નોકરી પણ કરવા માગતી નથી, તેથી નીતિશ કુમારને પોતાની ભૂલનો અહેસાસ થવો જોઈએ અને તે મહિલા ડોક્ટરની માફી માગવી જોઈએ.'

**અમારી મહિલાઓના હિજાબને અડ્યા તો પરિણામ ભોગવવા તૈયાર રહો**

જમ્મુ-કાશ્મીરના વિરોધપક્ષ પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટી (PDP)ના નેતા અને પૂર્વ સીએમ મહેબૂબા મુફ્તીની દીકરી ઈલ્તિજા મુફ્તીએ મુખ્યમંત્રી નીતિશ વિરુદ્ધ શ્રીનગરના પોલીસ સ્ટેશનમાં FIR નોંધાવી છે, સાથે જ નીતિશને સમર્થન આપનારા નેતાઓને ધમકાવ્યા પણ છે. ઈલ્તિજા મુફ્તીએ કહ્યું, 'અમે જોયું કે જ્યારે બિહારના મુખ્યમંત્રીએ આવી હરકત કરી, માફી માગવાને બદલે ભાજપ સરકારના મંત્રીઓ બેહુદા નિવેદનો આપી રહ્યાં છે. જો અમે કોઈ હિન્દુ યુવતીનો ઘૂંઘટ ઉઠાવ્યો હોત તો અત્યારસુધી દેશમાં શું માહોલ હોત.' સમાજવાદી પાર્ટીના સાંસદ ઝિયા ઉર રહેમાન બર્કે કહ્યું હતું કે 'નીતિશ કુમારે શરમજનક કૃત્ય કર્યું છે. તેમણે માફી માગવી જોઈએ. જો માફી ન માગે તો કાયદેસરની કાર્યવાહી થવી જોઈએ.' તો વળી, આરજેડી નેતા મનોજ કુમાર ઝાએ કહ્યું, 'આવી ઘટના શરમજનક છે.'

# એપસ્ટીન સેક્સ સ્કેન્ડલ : 3 લાખ દસ્તાવેજ

## 3 લાખ દસ્તાવેજમાં બિલ ગેટ્સ, માઈકલ જેક્સન, ક્લિન્ટન જેવા દિગ્ગજોની તસવીરો સામે આવી; ટ્રમ્પનું નામ ગાયબ?



અમેરિકા, તા.20

અમેરિકી જસ્ટિસ ડિપાર્ટમેન્ટે જેફ્રી એપસ્ટીન સાથે જોડાયેલી તપાસ હેઠળ શુક્રવારે રાત્રે અઢી વાગ્યે (ભારતીય સમય મુજબ) ત્રણ લાખ દસ્તાવેજો જાહેર કર્યા છે. જેમાં અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન, પોપ સિંગર માઈકલ જેક્સન, હોલીવુડ એક્ટર ક્રિસ ટકર, બ્રિટિશ પ્રિન્સ એન્ડ્ર્યૂ જેવા દિગ્ગજોની તસવીરો સામે આવી છે. કેટલીક તસવીરોમાં ક્લિન્ટન છોકરીઓ સાથે પૂલમાં નહાતા અને પાર્ટી કરતા જોવા મળી રહ્યા છે. આ તમામ તસવીરો 4 સેટમાં જાહેર કરવામાં આવી છે. આમાં કુલ મળીને 3,500 થી વધુ ફાઈલો છે, જેમાં 2.5 GB થી વધુ તસવીરો અને દસ્તાવેજો સામેલ છે. જોકે ઘણી તસવીરોમાં એ સ્પષ્ટ નથી કે આ ક્યાં લેવામાં આવી છે. આ દસ્તાવેજોમાં ટ્રમ્પનું નામ ન હોવું એ ચર્ચાનો વિષય છે, કારણ કે 1990 અને 2000 ના દાયકાની શરૂઆતમાં એપ્સટીન સાથેના તેમના સામાજિક સંબંધોના રેકોર્ડ્સ પહેલાથી જ સામે આવી ચૂક્યા છે. ફેબ્રુઆરીમાં જાહેર કરાયેલા પ્રારંભિક દસ્તાવેજોમાં ટ્રમ્પનું નામ એપ્સટીનના ખાનગી વિમાનની ફ્લાઈટ લોગ્સમાં નોંધાયેલું હતું. મેક્સવેલ સગીર વયની પીડિતાઓને મસાજ આપવા માટે દબાણ કરતી હતી, પીડિતા સાથે મિત્રતા કરીને, મેક્સવેલ યૌન શોષણને સામાન્ય બનાવવાનો પ્રયાસ કરતી હતી. તે જાતીય વિષયો પર વાત કરતી, તે સગીર પીડિતોની સામે કપડાં ઉતારતી. અથવા જ્યારે તે નિર્વસ્ત્ર હોય ત્યારે હાજર રહેતી.ક્યારેક, તે એપસ્ટીન સાથે જાતીય પ્રવૃત્તિઓ દરમિયાન પણ હાજર રહેતી હતી. મેક્સવેલે પીડિતોને એપસ્ટીનને મસાજ કરવા કહ્યું. આમાંના ઘણા મસાજ દરમિયાન, એપસ્ટીને તેમનું જાતીય શોષણ કર્યું. વધુમાં, એપસ્ટીને તેના કેટલાક પીડિતોને પૈસાની ઓફર કરી, અને મેક્સવેલે તેમને તે સ્વીકારવા માટે પ્રોત્સાહિત કરતી હતી, જેનાથી પીડિતા ઋણી બનતી અને માનતી હતી કે તેઓ તેને મદદ કરી રહ્યા છે. યૌન અપરાધીઓ છોકરીઓને મૂવી-શોપિંગની લાલચ આપીને તેમની સાથે મિત્રતા કરતા હતા ન્યાય વિભાગ દ્વારા બહાર પાડવામાં આવેલા દસ્તાવેજો અનુસાર, એપસ્ટીનના સાથી અને ગર્લફ્રેન્ડ મેક્સવેલ પર ગંભીર આરોપો છે, જેમાં આરોપ મૂકવામાં આવ્યો છે કે તેમણે 1994 અને 1997ની વચ્ચે યૌન શોષણ માટે ઘણી સગીર છોકરીઓને લલચાવી અને તૈયાર કરી હતી. મેક્સવેલ વિવિધ રીતોથી પીડિતોને એપસ્ટીનની જાળમાં ફસાવતી હતી. પહેલા, તેમણે કેટલીક સગીર છોકરીઓ સાથે મિત્રતા કરવાનો પ્રયાસ કર્યો, તેમના જીવન, શાળા અને પરિવાર વિશે પૂછ્યું.



જયપુરમાં આગામી 'મકરસંક્રાંતિ' તહેવાર પહેલા એક દુકાનદાર રંગબેરંગી પતંગો ગોઠવે છે.

# અમેરિકાનું સિરિયામાં 'ઓપરેશન હોકઆઈ'

## 70થી વધુ ISIS ઠેકાણાં ઉડાવ્યાં ; અમેરિકી સૈનિકોનાં મોતનો બદલો લીધો ; ટ્રમ્પે કહ્યું- વચન પૂરું કર્યું

દમાસ્કસ, તા.20

અમેરિકાએ શુક્રવારે સીરિયામાં આતંકવાદી સંગઠન ISIS સાથે સંકળાયેલા 70 ઠેકાણાઓ પર હવાઈ હુમલા કરીને તેમને નષ્ટ કરી દીધા. અમેરિકી અધિકારીઓએ CNN ને જણાવ્યું કે આ કાર્યવાહી તાજેતરમાં થયેલા તે હુમલાના જવાબમાં કરવામાં આવી હતી જેમાં સીરિયામાં તૈનાત અમેરિકાના બે સૈનિકો અને એક ટ્રાન્સલેટર માર્યા ગયા હતા. આ મિલિટરી ઓપરેશનને 'ઓપરેશન હોકઆઈ' નામ આપવામાં આવ્યું છે. આ નામ એટલા માટે રાખવામાં આવ્યું કારણ કે માર્યા ગયેલા સૈનિકો અમેરિકાના આયોવા રાજ્યના હતા, જેને 'હોકઆઈ સ્ટેટ' કહેવામાં આવે છે. અધિકારીઓ અનુસાર, જે ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા તેમાં આતંકવાદીઓના રહેઠાણ, હથિયારોના ગોદામ અને અન્ય સ્થળોનો સમાવેશ થાય છે. ટ્રમ્પે હુમલા પર પ્રતિક્રિયા આપતા કહ્યું કે તેમણે પોતાનું વચન પૂરું કર્યું. અમેરિકી સંરક્ષણમંત્રી બોલ્યા, આ બદલાની કાર્યવાહી છે, અમેરિકી સંરક્ષણમંત્રી પીટ હેગસેથે આ હુમલાઓને બદલાની કાર્યવાહી ગણાવ્યા. તેમણે સોશિયલ મીડિયા પર કહ્યું છે કે આ કોઈ નવા યુદ્ધની શરૂઆત નથી, પરંતુ તે લોકો સામેનો જવાબ છે, જેમણે અમેરિકી સૈનિકોને માર્યા. રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વમાં અમેરિકા પોતાના લોકોના રક્ષણથી ક્યારેય પાછળ નહીં હટે. આ આખો મામલો 13 ડિસેમ્બરે શરૂ થયો હતો, જ્યારે સિરિયામાં એક હુમલામાં અમેરિકાના બે સૈનિક અને તેમની સાથે કામ કરી રહેલો એક સ્થાનિક અનુવાદક માર્યો ગયો હતો. ત્યાર બાદ અમેરિકા અને તેના સહયોગી દેશોએ ઘણાં નાનાં ઓપરેશન ચલાવ્યાં, જેમાં લગભગ 23 લોકોને ઠાર કરવામાં આવ્યા અથવા પકડવામાં આવ્યા. આ ઓપરેશન દરમિયાન ઈલેક્ટ્રોનિક સામાનમાંથી મહત્ત્વપૂર્ણ માહિતી મળી, જેના આધારે હવે આ મોટો હવાઈહુમલો કરવામાં આવ્યો. ટ્રમ્પ બોલ્યા, અમેરિકા હુમલાખોરોને જવાબ આપી રહ્યું છે, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું હતું કે સિરિયામાં અમેરિકી સૈનિકોની હત્યા બાદ હવે અમેરિકા આતંકવાદીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરી રહ્યું છે. આ અઠવાડિયે માર્યા ગયેલા બહાદુર સૈનિકોના મૃતદેહ પૂરા સન્માન સાથે અમેરિકા લાવવામાં આવ્યા અને તેમને શ્રદ્ધાંજલિ આપવામાં આવી. ટ્રમ્પે કહ્યું હતું કે તેમણે જે વચન આપ્યું હતું એને પૂરું કરતાં અમેરિકા હવે તે આતંકવાદીઓને જડબાતોડ જવાબ આપી રહ્યું છે, જે આ હુમલા માટે જવાબદાર છે. અમેરિકી સેના સિરિયામાં ISISનાં ઠેકાણાં પર હુમલો કરી રહી છે. તેમણે કહ્યું હતું કે સિરિયાએ લાંબા સમયથી ઘણું લોહિયાળ યુદ્ધ અને હિંસા જોઈ છે, પરંતુ જો ISISને ત્યાંથી સંપૂર્ણપણે ખતમ કરી દેવામાં આવે તો દેશનું ભવિષ્ય સારું થઈ શકે છે. સિરિયન સરકાર આ કાર્યવાહીનું સમર્થન કરી રહી છે. રાષ્ટ્રપતિએ આતંકવાદીઓને ચેતવણી આપતાં કહ્યું હતું કે જે કોઈ અમેરિકા પર હુમલો કરશે અથવા અમેરિકાને ધમકાવશે તો તેને પહેલાં કરતાં પણ વધુ સખત જવાબ આપવામાં આવશે. સિરિયામાં સેંકડો અમેરિકી સૈનિકો તહેનાત.

# શેખ હસીનાના વિરોધી હાદીના અંતિમ સંસ્કાર થયા

## વિદ્યાર્થી નેતાઓએ કહ્યું- શોક મનાવવા નથી આવ્યા, સરકાર 24 કલાકમાં જવાબ આપે



ઢાકા, તા.20

બાંગ્લાદેશમાં શેખ હસીનાના વિરોધી નેતા ઉસ્માન હાદીને રાષ્ટ્રીય કવિ કાઝી નજરુલ ઈસ્લામની કબરની બાજુમાં દફનાવવામાં આવ્યા. તે પહેલાં બપોરે 2:30 વાગ્યે સંસદ ભવનના સાઉથ પ્લાઝામાં નમાજ અદા કરવામાં આવી હતી. આ દરમિયાન, ઈંકલાબ મંચના સભ્ય સચિવ અબ્દુલ્લા અલ જાબેરે સમર્થકોને અંતિમ સંસ્કાર પછી વિરોધ પ્રદર્શન માટે શાહબાગ જવા આહ્વાન કર્યું. તેમણે કહ્યું, 'અમે અહીં શોક મનાવવા નથી આવ્યા. અમે અમારા ભાઈ માટે ન્યાય માગવા આવ્યા છીએ.' જાબેરે કહ્યું કે હાદીની હત્યામાં સામેલ હુમલાખોરોને ઘટનાના એક અઠવાડિયા પછી પણ ધરપકડ કરી શકાઈ નથી. તેમણે સરકાર પાસે 24 કલાકમાં અત્યાર સુધી લેવાયેલા પગલાં અંગે માહિતી આપવાની માગ કરી. સંસદમાં નમાજ બાદ મોહમ્મદ યુનૂસે ભાષણ આપ્યું. તેમણે કહ્યું, 'આજે અહીં લાખો લોકો આવ્યા છે. લોકો હાદી વિશે જાણવા માંગે છે. હાદી, અમે તમને વિદાય આપવા નથી આવ્યા. તમે અમારા દિલોમાં વસો છો. જ્યાં સુધી બાંગ્લાદેશ અસ્તિત્વમાં રહેશે, ત્યાં સુધી તમે તમામ બાંગ્લાદેશીઓના દિલોમાં રહેશો. કોઈ તમને ત્યાંથી દૂર કરી શકશે નહીં.' બાંગ્લાદેશમાં શેખ હસીનાના વિરોધી નેતા ઉસ્માન હાદીના મૃત્યુના વિરોધમાં ઈન્કલાબ મંચ અને જમાતના કટ્ટરપંથીઓએ શુક્રવારે બેનાપોલથી ભારતની સરહદ સુધી કૂચ કરી. તેમનું કહેવું હતું કે પૂર્વ પીએમ શેખ હસીનાને બાંગ્લાદેશને સોંપવામાં આવે. જ્યારે ચટ્ટોગ્રામમાં ચંદ્રનાથ મંદિરની બહાર કટ્ટરપંથીઓએ ધાર્મિક નારા લગાવ્યા હતા. ઢાકામાં પ્રતિષ્ઠિત ઢાકેશ્વરી મંદિરની સુરક્ષા માટે વધારાનો પોલીસ ફોર્સ તૈનાત કરવામાં આવી છે. ઢાકાના તોપખાના રોડ પર સ્થિત શિલ્પી ગોષ્ઠી સાંસ્કૃતિક કેન્દ્રનો પણ કટ્ટરપંથીઓએ ઘેરાવ કરીને જોરદાર નારા લગાવ્યા હતા.

# ઈમરાન ખાન-બુશરા બીબીને 17 વર્ષની સજા

## તોશાખાના કેસમાં બંનેને રુ. 16 કરોડનો દંડ પણ ફટકાર્યો; પાકિસ્તાનના પૂર્વ પીએમ 28 મહિનાથી જેલમાં જ છે





**ઈમરાનને વૃદ્ધ અને બુશરાને મહિલા હોવાને કારણે ઓછી સજા મળી**

**તોશાખાના કેસમાં પત્ની બુશરાની ભૂલને કારણે ફસાયા ઈમરાન ખાન**

ઈમરાનને સાઉદી પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને સોના અને હીરાથી બનેલી એક ઘડિયાળ ભેટમાં આપી હતી. સાઉદીથી પાછા ફર્યા પછી ઈમરાન ખાને આ ઘડિયાળ પોતાની પત્ની બુશરાને રાખવા માટે આપી દીધી. થોડા દિવસો પછી બુશરાએ આ ઘડિયાળ એ સમયના એક મંત્રી ઝુલ્ફી બુખારીને આપીને કિંમત જાણવા કહ્યું. મંત્રીએ તપાસ કરી તો જાણવા મળ્યું કે એ ઘડિયાળ ખૂબ મોંઘી છે. બુશરાએ મંત્રીને કહ્યું કે તે ઘડિયાળ વેચી દે. બુશરાની મિત્ર ફરહ ખાન અને મંત્રી ઝુલ્ફી બુખારી આ બ્રાન્ડેડ ઘડિયાળ વેચવા માટે મોંઘી ઘડિયાળોના એક શોરૂમ પર પહોંચ્યા.

ઈસ્લામાબાદ, તા.20

પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન અને PTIના સ્થાપક ઈમરાન ખાન અને તેમનાં પત્ની બુશરા બીબીને તોશાખાના કેસ-2 મામલે 17-17 વર્ષની જેલની સજા સંભળાવવામાં આવી છે. આ ચુકાદો ફેડરલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (FIA)ની સ્પેશિયલ કોર્ટે શનિવારે સંભળાવ્યો હતો. બંને પર 16.4 કરોડ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. આ મામલો એક મોંઘા બુલ્ગારી ઘડિયાળ સેટને ખૂબ ઓછી કિંમતે ખરીદવા સંબંધિત છે. આ નિર્ણય રાવલપિંડીની અડિયાલા જેલમાં થયેલી સુનાવણી દરમિયાન વિશેષ જજ કેન્દ્રીય શાહરુખ અરજુમંદે સંભળાવ્યો. ઈમરાન ભ્રષ્ટાચારના કેસમાં ઓગસ્ટ 2023થી અડિયાલા જેલમાં બંધ છે. ઈમરાન ખાન પર 100થી વધુ કેસ ચાલી રહ્યા છે. ઈસ્લામાબાદની સ્થાનિક કોર્ટે તેમને 5 ઓગસ્ટ, 2023ના રોજ તોશાખાના કેસમાં દોષિત ઠેરવ્યા હતા.

**ઈમરાનને વૃદ્ધ અને બુશરાને મહિલા હોવાને કારણે ઓછી સજા મળી**

ઈમરાનને કુલ 17 વર્ષની જેલની સજા સંભળાવવામાં આવી. તેમને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ 409 (ગુનાહિત વિશ્વાસઘાત) હેઠળ 10 વર્ષની સખત કેદ અને કલમ 5(2)47 હેઠળ સાત વર્ષની સજા સંભળાવવામાં આવી. ડોન અખબાર મુજબ કોર્ટે સજા સંભળાવતી વખતે ઈમરાનની વધુ ઉંમર (73 વર્ષ) અને બુશરા મહિલા હોવા પર વિચાર કર્યો છે. સજા આપવામાં નરમાશ દાખવવામાં આવી છે. ચુકાદા બાદ, ઈમરાન અને બુશરાની કાનૂની ટીમોએ હાઈકોર્ટમાં ચુકાદાને પડકારવાનો ઈરાદો વ્યક્ત કર્યો.

**તોશાખાના કેસમાં પત્ની બુશરાની ભૂલને કારણે ફસાયા ઈમરાન ખાન**

વર્ષ 2018ની વાત છે. વડાપ્રધાન બન્યા પછી ઈમરાન ખાન સાઉદી અરબના પ્રવાસે ગયા હતા. આ જ સમયે ઈમરાનને સાઉદી પ્રિન્સ મોહમ્મદ બિન સલમાને સોના અને હીરાથી બનેલી એક ઘડિયાળ ભેટમાં આપી હતી. સાઉદીથી પાછા ફર્યા પછી ઈમરાન ખાને આ ઘડિયાળ પોતાની પત્ની બુશરાને રાખવા માટે આપી દીધી. થોડા દિવસો પછી બુશરાએ આ ઘડિયાળ એ સમયના એક મંત્રી ઝુલ્ફી બુખારીને આપીને કિંમત જાણવા કહ્યું. મંત્રીએ તપાસ કરી તો જાણવા મળ્યું કે એ ઘડિયાળ ખૂબ મોંઘી છે. બુશરાએ મંત્રીને કહ્યું કે તે ઘડિયાળ વેચી દે. બુશરાની મિત્ર ફરહ ખાન અને મંત્રી ઝુલ્ફી બુખારી આ બ્રાન્ડેડ ઘડિયાળ વેચવા માટે મોંઘી ઘડિયાળોના એક શોરૂમ પર પહોંચ્યા. આ શોરૂમના માલિકે તેની મેન્યુફેક્ચરિંગ કંપનીને ફોન કર્યો.

**બુશરા અને ઝુલ્ફી બુખારીનો ઓડિયો લીક થયો હતો**

આ ઘડિયાળ બનાવતી કંપનીને જેવી જ આની જાણકારી મળી, તેણે સીધા સાઉદી પ્રિન્સની ઓફિસનો સંપર્ક કરીને પૂછ્યું કે તમે જે 2 ઘડિયાળ બનાવડાવી હતી એમાંથી એક વેચાવા માટે આવી છે. આ તમે મોકલી છે કે ચોરાઈ ગઈ છે? સાઉદી પ્રિન્સની ઓફિસે પાકિસ્તાન સરકારનો સંપર્ક કરીને આ વિશે જાણવા માગ્યું. આનાથી આખો મામલો સામે આવ્યો. થોડા સમય પછી ઈમરાનની પત્ની બુશરા અને મિત્ર ઝુલ્ફી બુખારીનો ઓડિયો લીક થયો. આનાથી સ્પષ્ટ થઈ ગયું કે ઈમરાનના કહેવા પર જ બુશરાએ ઝુલ્ફી બુખારીનો સંપર્ક કર્યો હતો અને તેમને ઘડિયાળ વેચવા કહ્યું હતું. આ કેસમાં પાકા પુરાવા મળ્યા હોવાનું કહીને કોર્ટે ઈમરાન ખાનને દોષિત માન્યા છે. ઈમરાને 2 કરોડની ઘડિયાળને 5 લાખની જણાવી હતી પાકિસ્તાનમાં વડાપ્રધાન, રાષ્ટ્રપતિ કે અન્ય પદ પર રહેલા લોકોને મળેલી ભેટોની જાણકારી નેશનલ આર્કાઈવને આપવી પડે છે. આને તોશાખાનામાં જમા કરાવવી પડે છે. જો ભેટ 10 હજાર પાકિસ્તાની રૂપિયાની કિંમતની હોય તો કોઈ પૈસા ચૂકવ્યા વિના એને સંબંધિત વ્યક્તિ રાખી શકે છે. ભેટની અંદાજિત કિંમત જો 10 હજારથી વધુ હોય તો 20% કિંમત ચૂકવીને ભેટ પોતાની પાસે રાખી શકાય છે.

## તંત્રી લેખ

# RSSનો મેસેજ- યોગી પર સવાલ ઉઠાવ્યો તો બળવાખોર ગણાશો

'યુપીમાં 2027માં થનારી વિધાનસભા ચૂંટણી CM યોગી આદિત્યનાથના નેતૃત્વમાં લડાશે. તેમના નેતૃત્વ પર જે સવાલ ઉઠાવશે, તેને બળવાખોર ગણવામાં આવશે. આ મેસેજ માત્ર રાજ્ય માટે જ નહીં, રાષ્ટ્રીય નેતૃત્વ માટે પણ છે.' રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એટલે કે RSSનો આ મેસેજ BJP લીડરશિપ માટે છે. 2 ડિસેમ્બરના રોજ લખનઉમાં RSS અને BJPની મીટિંગ હતી. સૂત્રો જણાવે છે કે બેઠકમાં ઉઠેલા મુદ્દા અને મેસેજ બંને RSSએ નક્કી કર્યા. બેઠકમાં મહોર લગાવી દેવામાં આવી કે યુપીમાં યોગી જ ચહેરો છે. RSSનો ટિકિટ વહેંચણીથી લઈને મુદ્દા નક્કી કરવામાં પણ દખલ રહેશે.

એક મેસેજ એ પણ આપવામાં આવ્યો કે લોકસભા ચૂંટણીની જેમ BJP અને RSS વચ્ચે મતભેદ નથી. આ મીટિંગ પહેલા 24 નવેમ્બર 2025ના રોજ RSS ચીફ મોહન ભાગવત અને CM યોગી આદિત્યનાથ અયોધ્યામાં મળ્યા હતા.શું આ RSSના 'મિશન યુપી'ની શરૂઆત છે? આ સવાલ અમે દિલ્હી અને યુપીમાં RSS સાથે જોડાયેલા પદાધિકારીઓ, BJP નેતાઓ અને એક્સપર્ટ્સને પૂછ્યો.લખનઉના RSS કાર્યાલયમાં પહેલા સંઘની બેઠક થઈ. લગભગ 3 કલાક ચાલેલી આ મિટિંગમાં સંગઠન મંત્રી બીએલ સંતોષ, સહ સરકાર્યવાહ અરુણ કુમાર અને BJPના પ્રદેશ અધ્યક્ષ ભૂપેન્દ્ર સિંહ ચૌધરી હાજર હતા. આ પછી એક બેઠક BJP ઑફિસમાં થઈ. આમાં CM યોગી આદિત્યનાથ અને યુપીના બંને નાયબ મુખ્યમંત્રી કેશવ પ્રસાદ મૌર્ય અને બ્રજેશ પાઠક પણ જોડાયા. આ મિટિંગ લગભગ સવા કલાક ચાલી.

RSSના સૂત્રો જણાવે છે કે લખનઉમાં થયેલી બેઠકની કમાન RSSના હાથમાં હતી. મિટિંગમાં સ્પષ્ટ કરી દીધું કે RSS યુપી ચૂંટણીની બાગડોર સંપૂર્ણ રીતે પાર્ટીના હાથોમાં નહીં સોંપે. એટલે કે વિધાનસભા ચૂંટણીમાં RSSની મોટી ભૂમિકા હશે. વ્યૂહરચનાથી લઈને નિર્ણયો સુધીમાં તેનો હસ્તક્ષેપ હશે. હકીકતમાં 2022ની વિધાનસભા ચૂંટણી પાર્ટીએ યોગી આદિત્યનાથના નેતૃત્વમાં લડી હતી. આના પર પાર્ટીની અંદર સવાલ ઉઠ્યા. તે વખતે મનોજ સિન્હા, કેશવ પ્રસાદ મૌર્ય જેવા ઘણા નામ મુખ્યમંત્રીની રેસમાં આવી ગયા હતા. આની અસર એ થઈ કે 2017ની સરખામણીમાં BJPની 57 બેઠકો ઘટી ગઈ. પાર્ટીએ 2017માં 312 બેઠકો જીતી હતી, જે 2022માં 255 રહી ગઈ. આ ખેંચતાણની અસર 2024ની ચૂંટણીમાં પણ જોવા મળી. 2019ની લોકસભા ચૂંટણીમાં BJPને યુપીમાંથી 62 બેઠકો મળી હતી. 2024માં આ ઘટીને 33 રહી ગઈ. તેથી RSSએ ચૂંટણીના લગભગ દોઢ વર્ષ પહેલાં જ યુપીમાં નેતૃત્વને લઈને કોઈ પણ પ્રકારનો અસમંજસ રાખનારાઓને સંદેશ આપી દીધો છે. RSS તરફથી સંદેશ આપવામાં આવ્યો છે કે 2022 જેવી સ્થિતિ ફરીથી મંજૂર નથી. યોગીના નેતૃત્વ પર આંગળી ઉઠાવનારને બળવાખોર સમજવામાં આવશે. પાર્ટીમાં જલદી જ મોટા ફેરફાર કરવામાં આવશે. મતલબ સ્પષ્ટ છે કે યોગી વિરુદ્ધ લૉબિંગ કરનારાઓને બહારનો રસ્તો દેખાડવામાં આવશે અને કેટલાક નવા ચહેરા સામેલ થશે. એ પણ કહેવામાં આવ્યું કે આ સંદેશ માત્ર બેઠક સુધી સીમિત ન રહે.

# માનસમાં ભવાની, સુનયના,અને શબરી એમ ત્રણ મુખ્ય સ્ત્રી પાત્રોને સાવધાન કરવામાં આવે છે.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

માનસ સાવધાની નવમા દિવસની કથામાં પ્રવેશતા પૂજ્ય બાપુએ કહ્યું કે, માનસ સાવધાન અંતર્ગત આપણે ઘણી વાતો કરી. પરંતુ માનસમાં ત્રણ સ્ત્રી પાત્ર પસંદ કરીને, સાવધાનની મુખ્ય ભૂમિકા બની છે. પહેલા ભવાની કે જેને શિવ બુદ્ધિથી સાવધાન થઈને સાંભળવા કહે છે. બીજા સુનયનાજી જેને રાજા જનક સાવધાન કરી ભરત ચરિત્ર સંભળાવે છે. ત્રીજા શબરી જેને ભગવાન ખુદ નવધા ભક્તિની વાત કરે છે, ત્યારે સાવધાન થઈ મનમાં ધારણ કરવા જણાવે છે. ભૂશંડીજી ગરુડને સાવધાન કરે છે,

આમ માનસમાં શિવજીના મુખે સાવધાન શબ્દનો પ્રયોગ કરી, તુલસીદાસજી આપણને સૌને સાવધાન કરી રહ્યાં છે. પ્રયાગમાં ભરદ્વાજ સાથેની વાતચીતમાં ભરતજીએ કહ્યું કે મારી માએ મને કલંક લગાડ્યું, રામને વનવાસ આપ્યો અને મમતાને કારણે મને રાજગાદી આપવાનો પ્રસ્તાવ મૂક્યો. પરંતુ ભરદ્વાજ કહે છે કે, આપનો યશચંદ્ર આપની કીર્તિચંદ્ર અદભુત છે, અને મને આમાં ક્યાંય કલંક દેખાતું નથી. તમે જેને કલંક કહો છો, એ અમારા જેવા માટે તો ભક્તિ રસાયણ બની ગયું. સાધુની અપ કીર્તિ પણ સાવધાની પૂર્વક સાંભળવામાં આવે, તો આપણા માટે ભક્તિ રસાયણ બની જાય છે, આવું ભરદ્વાજ ઋષિએ કહ્યું એ બહુ અદભુત સૂત્ર છે.

મારા શ્રોતા ભાઈ બહેનો કથા આપણને શું શીખવે છે! કલંકથી બચવું કંઈ રીતે! રામકથામાં કોને કલંક નથી લાગ્યુ? ભગવાન રામને પણ કલંક લાગ્યું દુનિયાએ પણ આંગળી ચીંધી કે રામે વૃક્ષની પાછળ છુપાઈને વાલીને માર્યો! એક ધોબીએ મા જાનકીને કલંકનું ધાબુ લગાવી દીધું. કૈકેયીને તો કલંક લાગ્યું જ છે! બ્રહ્માને પણ એક કલંક લાગ્યું કે, પોતાની જ રચના પાછળ ઘેલા થયાં, પરંતુ માનસ ભરત એક એવો ચંદ્ર છે, જેમાં કોઈ કલંક નથી. શ્રવણ એક વિજ્ઞાન છે, એક સાયન્સ છે, સાંભળી તો શકાય છે, પણ શ્રવણ નથી થઈ શકતું! એટલા માટે સાવધાની પૂર્વક કથા સાંભળવાની વાત કહી છે. ચંદ્રમાં કલંક શા માટે છે? ચંદ્રના કલંકની બહુ જુદી જુદી વાતો કરવામાં આવે છે, પરંતુ ચંદ્રમાં કલંક, એટલે કે કાળા ધાબા જે લાગી ગયા છે, એનું એકમાત્ર મૂળ કારણ છે, કે એણે એના ગુરુની ધર્મપત્ની પર ખરાબ દ્રષ્ટિ કરી, ચંદ્રના ગુરુ મહારાજ ગૃહસ્પતિ એમની પાછળ એ દોડ્યો હતો. ચંદ્રને થોડી પ્રતિષ્ઠા મળી, પરંતુ એ પ્રકાશ પોતાનો નથી ઉધાર છે! છતાં એણે કુદ્રષ્ટિ કરવાની ભૂલ કરી. ભરતનો યશચંદ્ર ઊંચાઈ મળ્યા છતાં પણ કલંકથી મુક્ત છે.

નવ બિધું બિમલ તાત જસુ તોરા,

રઘુવર કિંકર કુમુદ ચકોરા.

ભરદ્વાજ ભરતને પૂર્ણ કલંક મુક્ત યશચંદ્ર અને કીર્તિચંદ્ર ધરાવતા હોવાનું પ્રમાણપત્ર આપે છે. ક્યારેક પુત્રને પણ આ રીતે તાત સંબોધન કરી શકાય. આમ પણ શ્રોતા વક્તાથી મોટા હોય છે એવું તુલસી લખે છે. શ્રોતા વક્તા જ્ઞાન નિધિ, એમાં એમણે શ્રોતાને પહેલા સ્થાન આપ્યું છે. ભારદ્વાજ




ઋષિએ ભરતને બાપ કહ્યા છે, ભગવાન રામના કિંકર, ભગવાન રામના દાસરૂપી કુમુદને ચકોરની જેમ આપનો યશચંદ્ર હંમેશા સુખ આપનારો છે.

કથા વિરામ પહેલા કાર્તિકેયના ષડમુખની વાત કહેતાં જજો, એવું એક નિવેદન કરવામાં આવ્યું છે. કાર્તિકેયને પુરુષાર્થની ઉપમા આપવામાં આવી છે, અને મહાન પુરુષાર્થ હંમેશા ષડમુખી હોય છે.(૧) પુરુષાર્થ હંમેશા નિમિત બનીને કરવો. પરંતુ નિમિત બનીને ન કરવું, એટલે કે મારાથી આ નહીં થાય એવી નિરાશા કે હતાશા સાથે ન કરવું. (૨) સ્પર્ધાથી પુરુષાર્થ ન કરવો, લોકો કહે છે સ્પર્ધા વગર વિકાસ કેમ થાય? પણ અન્ય સાથે સ્પર્ધા નહીં ખુદ સાથે સ્પર્ધા કરો કે ગયા વખતે આટલો પુરુષાર્થ કર્યો હતો આ વખતે આનાથી બમણો કરીશ. આ વર્ષે આટલું ભજન કર્યું આવતા વખતે હજી વધુ ભજન કરીશ.( ૩) કાર્તિકેરૂપી પુરુષાર્થનું ત્રીજું મુખ કૌશલ્ય છે, એટલે કે કુશળ બની પુરુષાર્થ કરો. ગીતામાં પણ કહ્યું છે યોગ: કર્મેષુ કૌશલમ. કોઈપણ કાર્યમાં કુશળતા હોય તો પરિણામ વધુ સારું આવે છે માટે કુશળ બની પુરુષાર્થ કરવો. (૪) કાર્તિકે રૂટી પુરષાતનું ચોથું મુખ પરમાર્થ છે! પુરુષાર્થ કરતી વખતે પરમાર્થનો વિચાર પણ કેન્દ્રવર્તી હોવો જોઈએ! કે હું જે કમાઈશ એમાંથી થોડો પરમાર્થ પણ કરીશ, અને એટલે જ હું કથાઓમાં 10% ની વાત કરતો હોઉં છું, કે આપણી કમાણીનો 10 મો ભાગ પરમાર્થ માટે કાઢવો. ખૂબ કમાઓ કમાશો નહીં તો, ભગવત કથાઓનું આયોજન કેમ થશે?: પરંતુ પુરુષાર્થ સાથે પરમાર્થ જરૂરી છે. મોટા મોટા આયોજનો થાય એટલું ન્હોય તો, આટલી મોટી માત્રામાં જરૂરત મંદો આપણી આસપાસ છે જ , કોઈની ફી ભરો, કોઈને પુસ્તક, આપો કોઈને એક બે ટંક જમવાનું આપો, કોઈને દવા અપાવો,જેટલું થાય એટલું. (૫ ) પુરુષાર્થનું પાંચમુ મુખ સંતોષ છે! આપણને આપણા કર્મ રૂપી પુરુષાર્થથી સંતોષ હોવો જોઈએ કે બસ ટકાર આવી ગઈ આટલું ધન પર્યાપ્ત છે, આટલી પ્રવૃત્તિ પર્યાપ્ત છે! મારા પુરુષાર્થથી આખા વર્ષ દરમિયાન જેટલું ફળ સ્વરૂપ મળ્યું એનો મને સંતોષ છે! હકીકતમાં અસંતોષ જ આપણી અશાંતિનું કારણ છે. જેટલું મળ્યું એમાં સંતોષ માનવો એ જ મહત્વનું છે. કાર્તિકેય રુપી પુરુષાર્થનું છઠ્ઠું મુખ આત્મસુખ. આપણે જે ભોગવી રહ્યા છીએ એ સુખ નથી એ સાધન પ્રેરક સુવિધાઓ છે, એ ન હોય તો આપણું સુખ ગાયબ. સુખ સ્વરૂપ તો રઘુવંશી મણી છે! જોકે આપણે સૌ એનાં અંશ હોવાને નાતે સુખ સ્વરૂપ જ છીએ! પણ આપણું સુખ ઢંકાયેલું છે! કથા એને બેનકાબ કરે છે. કોઈ આપતું નોતું કથા પરદા હટાવી દે છે. કોઈ બુદ્ધ પુરુષ જાણે છે, કે આપણામાં શું પડ્યું છે! અને એને પ્રગટ કરી આપણી જોળી સુખથી ભરી દે છે. ગુરુ દીક્ષા નો અર્થ જ એ છે, આત્મ તત્વ પરથી પડદો હટાવી દેવો, કે ખોલી નાખવો, પણ આપણું સુખ આપણને મહેસુસ થવું જોઈએ! ન થાય તો એ આપણી ત્રૂટિ છે, બુદ્ધ પુરુષની નહીં.

માનસમાં આવતા સાવધાન શબ્દનો સંદર્ભની ચર્ચા કરી કથા અને વિરામ તરફ આગળ વધારી,

ભગવાન રામ પોતાની સેના સાથે લંકામાં સુબેલ પર્વતના શિખર પર વિશ્રામ કરે છે રાવણના દરબારમાં અંગત રાજ દુધ તરીકે જાય છે સંધિ વિફળ રહી અને સંઘર્ષ અનિવાર્ય બન્યો યુદ્ધ ઘોષિત થયું ભયંકર યુદ્ધને અંતે રામે રાવણની નાભિ માં બાણ માર્યું. રાવણના અંતિમ સંસ્કાર થયા વિભીષણને લંકાનું રાત તિલક થયું. સીતાનું અગ્નિમાં છુપાયેલું સ્વરૂપ પ્રગટ થયું, અને ભગવાન મિત્ર સાથે પુષ્પક વિમાનમાં ઉડાન ભરે છે. હનુમાનજી અયોધ્યા પહોંચી ભગવાનના આવવાની ખબર આપે છે. ભગવાનનો 14 વરસ પહેલા થનારો રાજ્યાભિષેક થયો, ગુરુ વશિષ્ઠજીએ રામના બાલ પર રાજ તિલક કર્યું અને આમ રામરાજ્યની સ્થાપના થઈ. ચારે ઘાટ પરના વક્તાઓએ કથા અને વિરામ આપ્યો અને તુલસીદાસજીએ પણ કાગભુષંડી અને ગરુડના સાત સંશય વર્ધક પ્રશ્નોના જવાબ આપી કથાને વિરામ આપ્યો. તુલસીદાસજી પણ પોતાના મનને પ્રબોધ આપે છે. કથાના અંતે છેલ્લો મેસેજ રામને સ્મરો, રામને ગાઓ, રામને સાંભળો, આ ત્રણ વિધા જ મારા માટે સત્ય પ્રેમ અને કરુણા છે. સત્યમાં સ્મરણ છે, પ્રેમમાં ગાવાનું, અને કોઈની કરુણા હોય ત્યારે જ આપણે હરિકથા સાંભળી શકીએ છીએ. કરુણાનો પ્રસાદ શ્રવણ છે, આમ કહી કથાને વિરામ આપ્યો. ગુરુ વશિષ્ઠજીએ રામના બાલ પર રાજ તિલક કર્યું અને આમ રામરાજ્યની સ્થાપના થઈ. ચારે ઘાટ પરના વક્તાઓએ કથા અને વિરામ આપ્યો અને તુલસીદાસજીએ પણ કાગભુષંડી અને ગરુડના સાત સંશય વર્ધક પ્રશ્નોના જવાબ આપી કથાને વિરામ આપ્યો. તુલસીદાસજી પણ પોતાના મનને પ્રબોધ આપે છે. કથાના અંતે છેલ્લો મેસેજ રામને સ્મરો, રામને ગાઓ, રામને સાંભળો, આ ત્રણ વિધા જ મારા માટે સત્ય પ્રેમ અને કરુણા છે. સત્યમાં સ્મરણ છે, પ્રેમમાં ગાવાનું, અને કોઈની કરુણા હોય ત્યારે જ આપણે હરિકથા સાંભળી શકીએ છીએ. કરુણાનો પ્રસાદ શ્રવણ છે, આમ કહી કથાને વિરામ આપ્યો.

# સરકારી વિજ્ઞાન કોલેજ, ઝાલોદની વિદ્યાર્થીનીને સુવર્ણ ચંદ્રકથી સન્માન, શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના પદવીદાન સમારોહમાં ગૌરવપૂર્ણ સિદ્ધિ

**ઝાલોદ, તા. 20**

ઝાલોદ સ્થિત સરકારી વિજ્ઞાન કોલેજ માટે ગૌરવની ક્ષણ સર્જાઈ છે. કોલેજની પ્રતિભાશાળી વિદ્યાર્થીની ગરાસિયા મિતલ દલસિંગભાઈએ પોતાની ઉત્તમ શૈક્ષણિક સિદ્ધિના પરિણામે સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરી કોલેજ, પરિવાર તથા સમગ્ર ઝાલોદ વિસ્તારનું નામ રોશન કર્યું છે. સાતમો પદવીદાન સમારોહ યોજાયો, તા. ૨૦-૧૨-૨૦૨૫ના રોજ આયોજિત શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના સાતમા પદવીદાન સમારોહ દરમિયાન આ ગૌરવપૂર્ણ સન્માન અર્પણ કરવામાં આવ્યું હતું. આ વિશેષ સમારોહમાં ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલશ્રીના હસ્તે સુવર્ણ ચંદ્રક અર્પણ, માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી દ્વારા વિદ્યાર્થીની ગરાસિયા મિતલ દલસિંગભાઈને તેમની ઉત્તમ શૈક્ષણિક સિદ્ધિ બદલ સુવર્ણ ચંદ્રક અર્પણ કરવામાં આવ્યો હતો. રાજ્યપાલશ્રીની ઉપસ્થિતિમાં મળેલું આ સન્માન વિદ્યાર્થીની માટે જીવનની યાદગાર ક્ષણ બની રહી. ઝાલોદ સ્થિત સરકારી વિજ્ઞાન કોલેજ માટે ગૌરવની ક્ષણ સર્જાઈ છે. કોલેજની પ્રતિભાશાળી વિદ્યાર્થીની ગરાસિયા મિતલ દલસિંગભાઈએ પોતાની ઉત્તમ શૈક્ષણિક સિદ્ધિના પરિણામે સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત કરી કોલેજ, પરિવાર તથા સમગ્ર ઝાલોદ વિસ્તારનું નામ રોશન કર્યું છે. સાતમો પદવીદાન સમારોહ યોજાયો, તા. ૨૦-૧૨-૨૦૨૫ના રોજ આયોજિત શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીના સાતમા પદવીદાન સમારોહ દરમિયાન આ ગૌરવપૂર્ણ સન્માન અર્પણ કરવામાં આવ્યું હતું. આ વિશેષ સમારોહમાં ગુજરાત રાજ્યના માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી ઉપસ્થિત રહ્યા હતા. રાજ્યપાલશ્રીના હસ્તે સુવર્ણ ચંદ્રક અર્પણ, માનનીય રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી દ્વારા વિદ્યાર્થીની ગરાસિયા મિતલ દલસિંગભાઈને તેમની ઉત્તમ શૈક્ષણિક સિદ્ધિ બદલ સુવર્ણ ચંદ્રક અર્પણ કરવામાં આવ્યો હતો. રાજ્યપાલશ્રીની ઉપસ્થિતિમાં મળેલું આ સન્માન વિદ્યાર્થીની માટે જીવનની યાદગાર ક્ષણ બની રહી. કોલેજ પરિવાર તરફથી અભિનંદન, વિદ્યાર્થીનીની આ વિશેષ સિદ્ધિ બદલ સરકારી વિજ્ઞાન કોલેજ, ઝાલોદના આચાર્યશ્રી તથા સમગ્ર સ્ટાફ દ્વારા હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સાથે જ વિદ્યાર્થીનીના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવી હતી. ઝાલોદ વિસ્તાર માટે ગૌરવની ક્ષણ, ગરાસિયા મિતલ દલસિંગભાઈની આ સિદ્ધિ માત્ર કોલેજ પૂરતી સીમિત નથી પરંતુ સમગ્ર ઝાલોદ વિસ્તાર માટે ગૌરવરૂપ બની છે. તેમની સફળતા આવનારી પેઢીના વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ સાબિત થઈ છે. ગરાસિયા મિતલ દલસિંગભાઈની આ સિદ્ધિ માત્ર કોલેજ પૂરતી સીમિત નથી પરંતુ સમગ્ર ઝાલોદ વિસ્તાર માટે ગૌરવરૂપ બની છે. તેમની સફળતા આવનારી પેઢીના વિદ્યાર્થીઓ માટે પ્રેરણારૂપ સાબિત થઈ છે.

# કોઈના પણ આત્માને તમારા કારણે દુ:ખના પહોંચે તેની તકેદારી રાખવી તેનું નામ ધર્મ અને કોઈકના આત્માને તમારા ભરોસે હૂંફ અનુભવે તેનું નામ કર્મ



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ આજે જોઈએ તો,અંબરીષરાજા હતા, છતાં સેવા જાતે કરે છે. ઘરમાં અનેક નોકરો હતા પણ ઠાકોરજીનો હું દાસ છું, તેની સેવામારે જાતે કરવીજોઈએ એ એમની ભાવના હતી.આવો દાસ્ય ભાવ સેવામાં મુખ્યછે જે ભોજન કરે તેનું પેટ ભરાય છે. તેમ જે ભજન કરે, સેવા કરે તેને જ તેનું ફળ મળે છે. ચાર વસ્તુમાં બદલી નહીં ચાલે ભોજનમાં બદલી નહીં ચાલે.આ ચારે કામ જાતે જ કરવાં પડે છે. ભાગવતમાં સ્પષ્ટ લખ્યું છે કે, અંબરીષ ભગવાનનાં દર્શન કરવા જાય ત્યારે ઊઘાડા પગે ચાલતા જતા. એક વખત તેઓએ ભગવાન શ્રીકૃષ્ણની આરાધના કરવા માટે એક વર્ષ સુધી એકાદશીનું વ્રત સર્વ વ્રતોમાં શ્રેષ્ઠ છે. એકાદશીનું વ્રત ત્રણ દિવસનું છે.દશમના દિવસે એક વખત ભોજન કરવું, દૂધભાત જેવો સાત્ત્વિક આહાર કરવો. દશમને દિવસે અજીર્ણ થાય તેટલું ખાવું નહીં. એકાદશી બને તો નિર્જળા કરો. તેમ ન બને તો દૂધ ઉપર રહેવું. છેવટે ઋતુનાં ફળ ઉપર રહેવું ત્યાં સુધી એકાદશીનું ફળ મળે છે,તેથી આગળ જાઓ તો એકાદશીનું ફળ મળતું નથી. સત્ કર્મમાં પરમાત્મા સહાય કરે છે. લોકો સમજે છે કે, એકાદશી આવી એટલે દિવાળી મળવા આવી. એકાદશીના દિવસે અન્નમાં સર્વ પ્રકારનાં પાપ આવીને વસે છે. અન્ન ખાનારને માથે તે જાય છે. એકાદશીને દિવસે પાન-સોપારી ન ખવાય.દિવસે ન સૂવાય.

પાંચ કર્મેન્દ્રિય, પાંચ જ્ઞાનેન્દ્રિય અને અગિયારમું મન-આ અગિયાર ઈન્દ્રિયોને પ્રભુમાં પરોવી રાખવી એ એકાદશી. ઉપવાસ એટલે પાસે રહેવું. પ્રભુની સમીપમાં રહેવું.તે ઉપવાસ અને અગિયાર મન. ઈન્દ્રિયોને કાબૂમાં રાખી પ્રભુની સમીપ રહેવું તેનું નામ એકાદશી. બારસને દિવસે એક વખત આહાર કરવો. દ્વાદશીને દિવસે બે વખત ભોજન કરો તો એકા દશીનો ભંગ થાય છે.

આરોગ્યની દ્દષ્ટિએ પણ આ વ્રત આવશ્યક છે. આજકાલ લોકો ડૉક્ટરો ઉપર વિશ્વાસ કરે છે પણ વ્યાસ જેવા ઋષિમુનિઓના બોલ ઉપર વિશ્વાસ કરતા નથી. ડૉક્ટર કહે છે કે,ટાઈફૉઈડ થયો છે, એકવીસ દિવસ અનાજ લેવાનું નથી.તો લોકો માનશે કે,એકાદશી ન કરનારને ફરજિયાત આવી સામટી એકાદશી કરવી પડે છે.

અંબરીષ રાજા વિધિપૂર્વક એકાદશી કરે છે. વ્રતનીસમાપ્તિના દિવસે યમુનાના કિનારે આવ્યા. યમુનામાં સ્નાન કર્યું. બ્રાહ્મણોની પૂજા કરી. તેઓ વ્રતનું પારણું કરવાની તૈયારી કરતા હતા.ત્યાં દુર્વાસા મુનિ અતિથિરૂપે આવ્યા. અંબરીષ રાજાએ પ્રાર્થના કરી, મહારાજ! મારે ત્યાં પ્રસાદ ગ્રહણ કરો! દુર્વાસાએ કહ્યું કે,હજી મારું મધ્યાહન કર્મ બાકી છે. આવશ્યક કર્મોથી નિવૃત્ત થઈ હું આવું છું. દુર્વાસા સંધ્યાપૂજા કરવા ગયા ત્યાં પૂજામાં એવા તન્મય થયા કે, સમયનું ભાન રહ્યું નહીં. બારસ પૂરી થવા આવીને તેરસ બેસવાનો વખત થયો. આ તરફ અંબરીષ ચિંતામાં છે. બ્રાહ્મણને જમવાનું આમંત્રણ આપ્યું છે,બ્રાહ્મણને જમાડયા પહેલાં જમાય નહીં. બીજી બાજુ,બારસ પૂરી થવાને હવે થોડી પળ બાકી છે અને તેરસ પહેલાં પારણાં કરવાનો નિયમ લીધેલો છે.તેમાં ભંગ થાય તો વ્રત ભંગ થાય છે. એટલે રાજાની ચિંતાનો પાર નથી રાજાએ બ્રાહ્મણોની સલાહ લીધી બ્રાહ્મણોના કહેવાથી રાજાએ



જળપાન કરી પારણાં કર્યાં.

મોડા મોડા નિત્ય કર્મોથી પરવારી દુર્વાસા આવ્યા.રાજાએ જળપાન કર્યાંનું જાણી દુર્વાસાએકહ્યું,રાજા તેં મને આમંત્રણ આપ્યું,પણ અતિથિ પહેલાં તેં પારણાં કરી લીધાં તે યોગ્ય નથી. આ તારી વિષ્ણુભક્તિ કેવી?રાજા કહે,મેં કેવળ જળપાન કર્યું છે. દુર્વાસાએ તો ક્રોધમાં કાંઈ સાંભળ્યું નહીં. ક્રોધમાં મનુષ્યને કંઈ સાનભાન રહે નહીં. ઋષિ હોય તો યે શું? દુર્વાસાએ તો કેશમાંથી કૃત્યા ઉત્પન્ન કરી, કૃત્યાને હુકમ કર્યો, રાજાને માર.

કૃત્યા અંબરીષને મારવા લાગી. અંબરીષે પ્રભુને યાદ કર્યા. તરત ત્યાં સુદર્શન ચક્ર આવ્યું. કૃત્યાને મારી નાંખી. સુદર્શન ચક્ર દુર્વાસાને મારવા દોડ્યું. દુર્વાસા સર્વલોક ફરી વળ્યા પણ ચક્ર પીછો છોડતું નથી.દુર્વાસા દોડતાદોડતા વૈકુંઠમાં ગયા.નારાયણ કહે,આવો આવો મહારાજ! દુર્વાસા કહે, શું આવું? તમારું ચક્ર મારી પાછળ પડેલું છે. મારી રક્ષા કરો! ભગવાન કહે છેકે,વૈષ્ણવોઅનન્ય ભાવથી મારી સેવા કરે છે, અને પોતાનું સર્વસ્વ મને આપે છે,તેથી મારું સર્વસ્વ હું વૈષ્ણવોને આપું છું. સુદર્શનચક્ર હવે મારી આજ્ઞામાં નહીં,પણ અંબરીષની આજ્ઞામાંછે હું તો ભક્ત પરાધીન છું,મુદલે સ્વ તંત્ર નથી.મારું હ્રદય ભક્તોના કબજા માંછે.હું એમને આધીન છું . આજે આપણે છેલ્લે જોઈએ તો એક સમયે,ટીનુ નામની એક છોકરી જેને શાળાના કાર્યોમાં ખૂબ રસ હતો!આ વર્ષે,ઉનાળા ની રજાઓ શરૂ થાય તે પહેલાં, તેના શિક્ષકે બધાને વિવિધ પક્ષીઓના ચિત્રો બતાવ્યા અને તેમના પર નિબંધો લખવા કહ્યું. શાળા ખુલતાની સાથે જ બધા વિદ્યાર્થીઓએ શિક્ષકને નિબંધો બતાવવાના હતા.ટીનુને રંગબેરંગી પક્ષીઓનું પુસ્તક ખૂબ ગમ્યું. જ્યારે શિક્ષકે તેમને કહ્યું કે તે આ પક્ષી પૈકી એક પર નિબંધો લખી લાવે,જે નિબંધ શ્રેષ્ઠ હશે તેને આ પુસ્તક ઈનામ રૂપે મળશે, ત્યારે ટીનુ ખુશ થઈ ગઈ. શિક્ષકે બાળકોને બધા પક્ષીઓ સાથે સંબંધિત કેટલીક વાર્તાઓ પણ કહી.તે પછી, શાળાની ઉનાળાની રજાઓ આવી.સામાન્ય રીતે, ટીનુએ તેનું ઉનાળાનું વેકેશન ક્યાંક વિતાવ્યું.પરંતુ આ વર્ષે, રજાઓ દરમિયાન,ટીનુ દરરોજ નજીકના બગીચામાં પક્ષીઓ અને તેમના માળાઓનું નિરીક્ષણ કરવા જતી.બગીચામાં ચકલી, દરજીડો અને બગલા જેવા અસંખ્ય પક્ષીઓ રહેતા હતા. ટીનુએ બગીચામાં આવતા દરેક પક્ષીને ઓળખવાનો પ્રયાસ કર્યો અને તેમને નજીકથી નિહાળ્યા.

ટીનુએ ઘાસ,પાંદડા,પીંછા વગેરે ભેગાં કરીને દરેક પક્ષીને માળો બનાવતા જોયા.તેને આશ્ચર્ય થયું કે માળો બનાવવા માટે કેટલા પક્ષીઓના પીંછાં ઘાસ,પાંદડા જરૂર છે.તે ખૂબ મહેનત માંગી લે છે. ટીનુ કોઈક રીતે તે પક્ષીઓને મદદ કરવા માંગતી હતી. એક દિવસ, ટીનુએ જોયું કે નજીકના બગીચામાં કેટલાક તોફાની છોકરાઓએ બગલાનો મળો તોડી નાખ્યો. ટીનુ આનાથી ખૂબ જ દુ:ખી થઈ. તેને વિચાર્યું કે, શા માટે તેમના માટે એક-બે માળાઓ પોતે ન બનાવે?કદાચ તેઓ તેનો ઉપયોગ કરશે.

ટીનુએ વિચાર્યું કે પોતે થોડા સમયમાં પક્ષી જેવી માળો તૈયાર કરી લેશે.પરંતુ ટીનુએ આખો દિવસ ઘાસ અને અન્ય સામગ્રી થી માળો બનાવવા પ્રયત્ન કર્યો . જ્યારે ખૂબ જ મહેનત કરી માળો તૈયાર કર્યો, ત્યારે તેને ઝાડ મુકવા કોશિષ કરી પણ કંઈ મળ્યું નહીં.

ટીનુની માતા આ બધું જોઈ રહી હતી.પછી ટીનુએ કહ્યું, મામમી જો, મેં પક્ષી માટે માળો બનાવ્યો છે. પણ તે પક્ષીઓના માળાઓ જેટલો સુંદર નથી. મેં વિચાર્યું હતું કે એક સુંદર માળો બનાવવો સરળ હશે, પરંતુ તે બન્યો નહીં. આ માળો અંદરથી ખૂબ જ કઠણ છે.શું તું તેને મુલાયમ બનાવી આપીશ?'

ટીનુની માતાએ થોડી મહેનત કરીને માળો ઠીક કર્યો, ત્યારબાદ ટીનુએ તેને ઝાડ પર બગલાએ બનાવ્યો તે રીતે મુક્યો પછી

બગીચામાં બેસીને, ટીનુ બગલા આવવાની રાહ જોતી રહી,પરંતુ બગલા ટીનુએ બનાવેલા માળામાં આવ્યા જ નહીં. ટીનુની માતા પણ તેની સાથે બગીચામાં આવી હતી. ટીનુને ઉદાસ જોઈને તેણે કહ્યું, 'ચિંતા ના કર,પક્ષીઓ જલ્દી જ પોતાના માળામાં આવી જશે.'તે જ સમયે, એક બગલો આવ્યો અને ટીનુએ બનાવેલા માળાને તોડી નાખ્યો. ટીનુ દેખીતી રીતે ગુસ્સે થઈ ગઈ. પછી તેની માતાએ સમજાવ્યું કે તેને ઉદાસ ના થઈશ. જો બગલા તે જે વસ્તુઓનો ઉપયોગ કર્યો છે તેનો ઉપયોગ કરીને પોતાના મળો બનાવી રહ્યા છે. કદાચ તેમને બીજાઓ દ્વારા બનાવેલા માળાઓ પસંદ ન હોય. દુ:ખી મનથી ટીનુએ કહ્યું, 'મમ્મી, હું આ બધા વિશે મારા શાળાના નિબંધમાં લખીશ.'

થોડી વાર પછી, ટીનુએ કહ્યું, 'મમ્મી, શું તમે ઝાડીઓમાં બગલાઓને માળા બનાવતા જોયા છે..?'

, ટીનુની માતાએ કહ્યું, 'હા, બેટા, મેં સાંભળ્યું હતું કે બગલાઓ ફક્ત ઝાડ પર જ માળા બનાવે છે. આજે મને આ નવી વાત શીખવા મળી.'

થોડા દિવસો પછી, ટીનુને બગલાઓ વિશે બીજી એક વાત શીખવા મળી: તેઓ સીધા તેમના માળામાં ઉડતા નથી. તેઓ માળાથી થોડે દૂર રોકાઈ જાય છે અને તેમના માળામાં પહોંચવા માટે કૂદી પડે છે.તેઓ માળામાં પહોંચી જાય છે જેથી કોઈ તેમનો માળો શોધી ન શકે.

થોડા દિવસોમાં,શાળાનું ઉનાળાનું વેકેશન પૂરું થઈ ગયું. ટીનુ શાળા એ ગઈ અને બગલાઓ વિશે લખ્યું તે નિબંધ સ્પર્ધામાં પ્રથમ આવી. ટીનુને તેનું પ્રિય પક્ષી પુસ્તક ઈનામ તરીકે મળતાં ખૂબ આનંદ થયો.

સ્પર્ધા જીત્યા પછી પણ, ટીનુ દરરોજ તે બગીચામાં જાય છે અને પક્ષીઓનો કિલકિલાટ સાંભળવા કલાકો સુધી બેસે છે. જાણે તે પક્ષીઓ સાથે મિત્ર બની ગઈ હોય.વાચક ચાહક મિત્રો ઉપરોક્ત ઘટના આપણને શીખવે છે કે આપણે નાની નાની બાબતો પર દુ:ખી ન થવું જોઈએ. આપણી આસપાસની વસ્તુઓનું અવલોકન કરીને,આપણે ઘણી નવી વસ્તુઓ જાણી શકીએ છીએ. ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે આપણે અહીં અટકીએ અસ્તુ.

## અમદાવાદમાં વાહન-વ્યવહાર પ્રતિબંધિત અને ટ્રાફિક ડાયવર્ઝન અંગેનું શહેર પોલીસ કમિશનરશ્રીનું જાહેરનામું

**અમદાવાદ, તા. 20**

અમદાવાદ શહેરમાં ટોરેન્ટ પાવર લીમીટેડ અમદાવાદ દ્વારા પકવાન બ્રીજના ગુરૂદ્વારા તરફના છેડે અનામિકા હાઈટથી હોટલ ઈડનની વચ્ચે રોડની ડીવાઈડરને અડીને ટોરેન્ટ પાવર તરફથી કેબલ નાખવાની કામગીરી કરવામાં આવનાર છે. આ કામગીરી તા.૨૨/૧૨/૨૦૨૫ થી તા.૩૧/૧૨/૨૦૨૫ સુધી ૨૪.૦૦ કલાકના સમયગાળા દરમિયાન કરવામાં આવનાર છે. સદર હું એન.એન.ચૌધરી સયુંકત ટ્રાફિક પોલીસ કમિશનર, અમદાવાદ કામકાજ દરમિયાન નીચે મુજબની વિગતે ટ્રાફિક ડાયવર્ઝન કરવામાં આવનાર છે. વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ: પકવાન બ્રીજના ગુરૂદ્વારાના છેડાથી હોટલ ઈડન સુધી | એક તરફનો માર્ગ ૨૦૦ મીટર જેટલો સર્વિસ રોડની લેનનો માર્ગ વાહન વ્યવહારની અવર-જવર માટે સંપુર્ણ બંધ રહેશે. વૈકલ્પિક માર્ગ: પકવાન બ્રીજ તરફથી આવતો ટ્રાફિક થલતેજ અંડરપાસ થઈ ગોતા ગાંધીનગર તરફ જઈ શકશે. પકવાન બ્રીજ નીચેથી આવતો ટ્રાફિક પકવાન બ્રીજના ગુરૂદ્વારાના છેડેથી બંધ માર્ગની બાજુનો અનામિકા હાઈટવાળા સર્વિસ રોડનો ઉપયોગ કરી ગુરૂદ્વારા,થલતેજ ગાંધીનગર તરફ જઈ શકાશે. જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે. વાહનોની અવર-જવર માટે પ્રતિબંધિત માર્ગ: પકવાન બ્રીજના ગુરૂદ્વારાના છેડાથી હોટલ ઈડન સુધી | એક તરફનો માર્ગ ૨૦૦ મીટર જેટલો સર્વિસ રોડની લેનનો માર્ગ વાહન વ્યવહારની અવર-જવર માટે સંપુર્ણ બંધ રહેશે. વૈકલ્પિક માર્ગ: પકવાન બ્રીજ તરફથી આવતો ટ્રાફિક થલતેજ અંડરપાસ થઈ ગોતા ગાંધીનગર તરફ જઈ શકશે. પકવાન બ્રીજ નીચેથી આવતો ટ્રાફિક પકવાન બ્રીજના ગુરૂદ્વારાના છેડેથી બંધ માર્ગની બાજુનો અનામિકા હાઈટવાળા સર્વિસ રોડનો ઉપયોગ કરી ગુરૂદ્વારા,થલતેજ ગાંધીનગર તરફ જઈ શકાશે. જે અંગેની તમામ નાગરિકોને જાણ કરવામાં આવે છે.

## ઠાસરા તાલુકાના ખેડૂતોએ જિલ્લા બહારના પ્રેરણા પ્રવાસમાં હાલોલ પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટીની મુલાકાત લીધી







**નડિયાદ, તા. 20**

ખેડા જિલ્લાના ઠાસરા તાલુકાના ખેડૂતો માટે ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ દ્વારા એક દિવસીય જિલ્લા બહારના પ્રેરણા પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. પ્રાકૃતિક ખેતીના અભિયાનને વેગ આપવા અને ખેડૂતોને રાસાયણિક ખેતી છોડી પ્રાકૃતિક ખેતી તરફ વાળવા માટે આ પ્રવાસ દરમિયાન ખેડૂતોએ પંચમહાલ જિલ્લાના હાલોલ ખાતે આવેલી પ્રાકૃતિક કૃષિ વિજ્ઞાન યુનિવર્સિટીની મુલાકાત લઈ ખેતીની આધુનિક અને પ્રાકૃતિક પદ્ધતિઓનું જીવંત નિદર્શન નિહાળ્યું હતું. યુનિવર્સિટીના મોડેલ ફાર્મની મુલાકાત લીધી હતી. ખેડૂતોએ યુનિવર્સિટી પરિસરમાં તૈયાર કરવામાં આવેલા વિવિધ પાકોના પ્રાકૃતિક મોડેલ ફાર્મની મુલાકાત લીધી હતી. જેમાં મિશ્ર પાક પદ્ધતિ અને આંતરપાક દ્વારા કેવી રીતે વધુ આવક મેળવી શકાય તેની ઝીણવટભરી માહિતી મેળવી હતી. યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિકો દ્વારા ખેડૂતોને જમીનની ફળદ્રુપતા વધારવા માટે જીવામૃત, ઘન જીવામૃત અને બીજામૃતનો ઉપયોગ કરવાની પદ્ધતિ સમજાવવામાં આવી હતી. ખેડૂતોએ યુનિવર્સિટીના વિવિધ વિભાગોની મુલાકાત લઈ પ્રાકૃતિક રીતે પાક સંરક્ષણ અને જીવાત નિયંત્રણ માટે દસપર્ણી અર્ક અને નીમાસ્ત્ર જેવા જૈવિક કીટનાશકો બનાવવાની રીત વિશે માર્ગદર્શન મેળવ્યું હતું. પ્રવાસમાં જોડાયેલા ખેડૂતોએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી અમે રાસાયણિક ખાતરો પાછળ મોટો ખર્ચ કરતા હતા, પરંતુ અહીં આવ્યા પછી સમજાયું કે ગાય આધારિત પ્રાકૃતિક ખેતીથી ઓછા ખર્ચે શુદ્ધ અને પૌષ્ટિક ઉત્પાદન મેળવી શકાય છે. યુનિવર્સિટીની મુલાકાત અમારા માટે ખૂબ જ પ્રેરણાદાયી રહી છે. પ્રવાસ નો મુખ્ય હેતુ ખેડૂતો પ્રત્યક્ષ નિદર્શન જોઈને પોતાના ખેતરમાં પણ પ્રાકૃતિક ખેતી અપનાવતા થાય તેવો હતો.આ પ્રવાસ દરમિયાન ઠાસરા તાલુકા પ્રોજેક્ટ મેનેજર હેરાજ પટેલ અને એગ્રી આસિસ્ટન્ટ દલપતસિંહ સોઢા ખેડૂતો સાથે હાજર રહ્યા હતા. પ્રવાસમાં જોડાયેલા ખેડૂતોએ જણાવ્યું હતું કે, અત્યાર સુધી અમે રાસાયણિક ખાતરો પાછળ મોટો ખર્ચ કરતા હતા, પરંતુ અહીં આવ્યા પછી સમજાયું કે ગાય આધારિત પ્રાકૃતિક ખેતીથી ઓછા ખર્ચે શુદ્ધ અને પૌષ્ટિક ઉત્પાદન મેળવી શકાય છે. યુનિવર્સિટીની મુલાકાત અમારા માટે ખૂબ જ પ્રેરણાદાયી રહી છે. પ્રવાસ નો મુખ્ય હેતુ ખેડૂતો પ્રત્યક્ષ નિદર્શન જોઈને પોતાના ખેતરમાં પણ પ્રાકૃતિક ખેતી અપનાવતા થાય તેવો હતો.આ પ્રવાસ દરમિયાન ઠાસરા તાલુકા પ્રોજેક્ટ મેનેજર હેરાજ પટેલ અને એગ્રી આસિસ્ટન્ટ દલપતસિંહ સોઢા ખેડૂતો સાથે હાજર રહ્યા હતા.

## ગોમતીપુર પોલીસની સરાહનીય કામગીરી: પ્રતિબંધિત ચાઈનીઝ દોરીનો જથ્થો ઝડપી નાગરિકોની સુરક્ષા સુનિશ્ચિત કરી




**અમદાવાદ, તા. 20**

અમદાવાદ શહેરના નાગરિકો અને અબોલ પક્ષીઓના જીવના જોખમ સમાન ચાઈનીઝ દોરી વિરુદ્ધ ગોમતીપુર પોલીસે એક અત્યંત પ્રશંસનીય અને સફળ કામગીરી પાર પાડી છે. આગામી મકરસંક્રાંતિના તહેવારમાં કોઈ દુર્ઘટના ન ઘટે તે હેતુથી પોલીસ કમિશનરશ્રી દ્વારા બહાર પાડવામાં આવેલા જાહેરનામાના પાલન માટે ગોમતીપુર પોલીસની ટીમ સંપૂર્ણ સજ્જ જોવા મળી રહી છે. ગોમતીપુર પોલીસ સ્ટેશનના પી.આઈ. ડી.વી. રાણાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્કોડના કર્મચારીઓ જ્યારે વિસ્તારની સુરક્ષા માટે પેટ્રોલિંગમાં હતા, ત્યારે ટીમની સતર્કતાને કારણે પ્રતિબંધિત દોરીના વેચાણ અંગેની ચોક્કસ બાતમી મળી હતી. આ બાતમીના આધારે પોલીસે તાત્કાલિક ધોરણે ગોમતીપુર ટોપી મીલ ઢાળ પાસે આવેલી એક સ્ટીમ પ્રેસની દુકાનમાં દરોડો પાડ્યો હતો. પોલીસની આ સફળ રેડ દરમિયાન સ્થળ પરથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરીની કુલ ૧૭૯ નંગ રીલ ઝડપી પાડવામાં આવી હતી, જેની કિંમત રૂ. ૪૪,૭૫૦/- જેટલી થાય છે. પોલીસે સ્થળ પરથી ૨૧ વર્ષીય આરોપીની ધરપકડ કરી છે અને તેને માલ સપ્લાય કરનાર અન્ય એક આરોપીને પકડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. પોલીસે આરોપીઓ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા (BNS) એક્ટ-૨૦૨૩ અને જી.પી. એક્ટની વિવિધ કલમ હેઠળ કડક કાર્યવાહી હાથ ધરી છે. ગોમતીપુર પોલીસની આ ત્વરિત અને પોઝિટિવ કામગીરીની સ્થાનિકોમાં પણ પ્રશંસા થઈ રહી છે, કારણ કે આ કાર્યવાહીથી અનેક નિર્દોષના જીવ બચાવી શકાયા છે.

## ગુજરાતમાં સેક્સ સોર્ટેડ સીમેન દ્વારા પશુઓમાં કૃત્રિમ બીજદાનમાં પાંચ ગણો વધારો થયો

### છેલ્લા ચાર વર્ષમાં રાજ્યના ૨.૮૦ લાખથી વધુ પશુઓને સેક્સ સોર્ટેડ સીમેનના ડોઝ અપાયા

**નડિયાદ, તા. 20**

ગ્રામ્ય અર્થતંત્રને વધુ મજબૂત અને સમૃદ્ધ બનાવવામાં પશુપાલન ક્ષેત્ર એક મહત્વપૂર્ણ આધારસ્તંભ પુરવાર થઈ રહ્યું છે. ત્યારે પશુપાલન ક્ષેત્રના વિકાસને વેગ આપવા માટે ગૌ સંવર્ધન થકી પશુઓનું દૂધ ઉત્પાદન વધારવું ખૂબ જ જરૂરી છે, જે દિશામાં ગુજરાતે આધુનિક વૈજ્ઞાનિક પદ્ધતિઓનો સુયોગ્ય ઉપયોગ કર્યો છે.

દૂધ ઉત્પાદન વધારવાની દિશામાં રાજ્ય સરકારે અપનાવેલી કૃત્રિમ બીજદાન પદ્ધતિ ગેમ ચેન્જર બની છે. કૃત્રિમ બીજદાન પદ્ધતિના પરિણામે દૂધ ઉત્પાદન સાથે પશુઓની ઓલાદમાં પણ નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે. રાજ્ય સરકારે હવે પશુપાલન ક્ષેત્રમાં વધુ એક ક્રાંતિકારી ટેકનોલોજી “સેક્સ સોર્ટેડ સીમેન” અમલમાં મૂકી છે. અગાઉ કૃત્રિમ બીજદાન સમયે સામાન્ય ફ્રોઝન સીમેન આપવામાં આવતું હતું, જેનાથી આશરે ૫૦ ટકા નર અને ૫૦ ટકા માદા બચ્ચાનો જન્મ થતો હતો. અત્યારે સેક્સ સોર્ટેડ સીમેન વડે કૃત્રિમ બીજદાન કરવાથી પશુઓ લગભગ ૮૫ થી ૯૦ ટકા માદા બચ્ચાને અને માત્ર ૧૦ થી ૧૫ ટકા જ નર બચ્ચાને જન્મ આપે છે. ગુજરાત સરકારે પશુપાલન ખાતા મારફતે વર્ષ ૨૦૨૨-૨૩થી સેક્સ સોર્ટેડ સીમેન દ્વારા કૃત્રિમ બીજદાનની શરૂઆત કરી હતી. સેક્સ સોર્ટેડ સીમેનના એક ડોઝ માટે શરૂઆતમાં પશુપાલકો પાસેથી રૂ. ૩૦૦ સેવા ફી લેવામાં આવતી હતી. રાજ્ય સરકારની આ સેવા હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩માં ૨૫,૭૪૬ પશુઓને અને વર્ષ ૨૦૨૩-૨૪માં ૨૫,૬૨૦ પશુઓને સેક્સ સોર્ટેડ સીમેનના ડોઝ આપવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૨૪માં રાજ્ય સરકારે પશુપાલકોના હિતમાં નિર્ણય કરીને આ સેવા ફીમાં રૂ. ૨૫૦નો અભૂતપૂર્વ ઘટાડો કર્યો હતો અને માત્ર રૂ. ૫૦ પ્રતિ ડોઝ ફી નિયત કરી હતી. જેના પછી સેક્સ સોર્ટેડ સીમેન થકી કૃત્રિમ બીજદાનમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. વર્ષ ૨૦૨૪-૨૫માં ૧,૩૦,૯૨૫ પશુઓને તેમજ ચાલુ વર્ષે ઓક્ટોબર માસ સુધીમાં ૧,૦૦,૧૭૮ પશુઓને સેક્સ સોર્ટેડ સીમેનના ડોઝ આપવામાં આવ્યા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં સેક્સ સોર્ટેડ સીમેન દ્વારા થયેલા કૃત્રિમ બીજદાન સામે ગાભણ થયેલા અને વિયાણ થયેલા પશુઓમાંથી ૯૪ ટકા પશુઓએ માદા બચ્ચાંને જન્મ આપ્યો છે, જે સેક્સ સોર્ટેડ સીમેન ટેકનોલોજીની કાર્યક્ષમતાનો જીવંત પુરાવો છે. સેક્સ સોર્ટેડ સીમેન ટેકનોલોજીના વ્યાપક ઉપયોગથી નર બચ્ચાંની સંખ્યા ઘટશે, પરિણામે ગેરકાયદેસર કતલ અને રખડતા પશુઓની સમસ્યામાં પણ ઘટાડો થશે. આ ઉપરાંત ટૂંકા સમયમાં વધુ માદા બચ્ચાં મળવાથી દૂધ ઉત્પાદનમાં વૃદ્ધિ થશે, વધારાની વાછરડી/પાડી વેચીને પશુપાલકોની આવકમાં વધારો થશે, પશુઓની ઓલાદમાં જનેટિક સુધારો થશે તેમજ વિયાણ અને સંભાળ સંબંધિત મુશ્કેલીઓ પણ ઘટશે. ભારત સરકારના રાષ્ટ્રીય ગોકુલ મિશન હેઠળ ગુજરાતના ફ્રોઝન સીમેન સ્ટેશન - પાટણ ખાતે સેક્સ સોર્ટેડ સીમેન ઉત્પાદન સુવિધા સ્થાપવા માટે રૂ. ૪૭.૫૦ કરોડના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. જેની સહાયતાથી સેક્સ સોર્ટેડ સીમેનના પૂરતા ડોઝ ગુજરાતના પશુપાલકોને પરવડે તેવી કિંમતે રાજ્યમાં જ ઉપલબ્ધ થશે. વર્ષ ૨૦૨૪માં રાજ્ય સરકારે પશુપાલકોના હિતમાં નિર્ણય કરીને આ સેવા ફીમાં રૂ. ૨૫૦નો અભૂતપૂર્વ ઘટાડો કર્યો હતો અને માત્ર રૂ. ૫૦ પ્રતિ ડોઝ ફી નિયત કરી હતી. જેના પછી સેક્સ સોર્ટેડ સીમેન થકી કૃત્રિમ બીજદાનમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. વર્ષ ૨૦૨૪-૨૫માં ૧,૩૦,૯૨૫ પશુઓને તેમજ ચાલુ વર્ષે ઓક્ટોબર માસ સુધીમાં ૧,૦૦,૧૭૮ પશુઓને સેક્સ સોર્ટેડ સીમેનના ડોઝ આપવામાં આવ્યા છે. રાજ્યમાં અત્યાર સુધીમાં સેક્સ સોર્ટેડ સીમેન દ્વારા થયેલા કૃત્રિમ બીજદાન સામે ગાભણ થયેલા અને વિયાણ થયેલા પશુઓમાંથી ૯૪ ટકા પશુઓએ માદા બચ્ચાંને જન્મ આપ્યો છે, જે સેક્સ સોર્ટેડ સીમેન ટેકનોલોજીની કાર્યક્ષમતાનો જીવંત પુરાવો છે. સેક્સ સોર્ટેડ સીમેન ટેકનોલોજીના વ્યાપક ઉપયોગથી નર બચ્ચાંની સંખ્યા ઘટશે, પરિણામે ગેરકાયદેસર કતલ અને રખડતા પશુઓની સમસ્યામાં પણ ઘટાડો થશે. આ ઉપરાંત ટૂંકા સમયમાં વધુ માદા બચ્ચાં મળવાથી દૂધ ઉત્પાદનમાં વૃદ્ધિ થશે, વધારાની વાછરડી/પાડી વેચીને પશુપાલકોની આવકમાં વધારો થશે, પશુઓની ઓલાદમાં જનેટિક સુધારો થશે તેમજ વિયાણ અને સંભાળ સંબંધિત મુશ્કેલીઓ પણ ઘટશે. ભારત સરકારના રાષ્ટ્રીય ગોકુલ મિશન હેઠળ ગુજરાતના ફ્રોઝન સીમેન સ્ટેશન - પાટણ ખાતે સેક્સ સોર્ટેડ સીમેન ઉત્પાદન સુવિધા સ્થાપવા માટે રૂ. ૪૭.૫૦ કરોડના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. જેની સહાયતાથી સેક્સ સોર્ટેડ સીમેનના પૂરતા ડોઝ ગુજરાતના પશુપાલકોને પરવડે તેવી કિંમતે રાજ્યમાં જ ઉપલબ્ધ થશે.

## જિલ્લા કલેક્ટર સુજીત કુમારના અધ્યક્ષ સ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ

**1. સંકલનના પ્રશ્નોનું હકારાત્મક નિવારણ આપણી પ્રાથમિકતા હોવી જોઈએ: જિલ્લા કલેક્ટરશ્રી સુજીત કુમાર**

**અમદાવાદ, તા. 20**

અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે કલેક્ટર શ્રી સુજીત કુમારના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં સંકલન બેઠકમાં પુછાયેલા પ્રશ્નોને પ્રાયોરિટી આપી, તેનું સત્વરે હકારાત્મક નિરાકરણ લાવવા સંબંધિત અધિકારીઓને અનુરોધ કરાયો હતો. કલેક્ટરશ્રીએ સંબંધિત અધિકારીઓને જણાવ્યું હતું કે સંકલનમાં પુછાયેલા પ્રશ્નોનો ઊંડાણપૂર્વક અભ્યાસ કરી ત્વરિત ધોરણે તેનું નિરાકરણ થાય તે જરૂરી છે. આ બેઠકમાં ગ્રામ્ય વિસ્તારમાં પીવાના તેમજ કેમિકલવાળા પાણીના પ્રશ્નો, રસ્તા પરના નડતર ઝાડના ટ્રિમિંગ અને કટિંગ, આધાર કાર્ડ કિટના પ્રશ્નો, લો વોલ્ટેજ, લોકફાળાના કામો, ટીપી સરવે, સ્વામિત્વ યોજના, કેનાલ સફાઈ, દબાણો દૂર કરવા સહિત ગ્રામ્ય વિસ્તારના પ્રાથમિક અને માળખાકીય સુવિધાઓના પ્રશ્નોની ચર્ચા કરી હકારત્મક નિવારણ કરાયું હતું. બેઠકમાં શહેરી વિસ્તારના પ્રશ્નોમાં સરકારી ચાવડી, દબાણના પ્રશ્નો, સરવે તેમજ પ્રોપર્ટી કાર્ડના પ્રશ્નો, હાઉસિંગ બોર્ડના પ્રશ્નો, રેલવેને લગત પ્રશ્નો, ટ્રાફિકના પ્રશ્નો, કાયદો અને વ્યવસ્થાની ચર્ચા કરી ઉકેલ લાવવા સૂચના અપાઈ હતી. આ બેઠકમાં સાંસદ હસમુખભાઈ પટેલ અને દિનેશભાઈ મકવાણા, ધારાસભ્ય






સર્વેશ્રી હાર્દિક પટેલ, કનુભાઈ પટેલ, કિરીટસિંહ ડાભી, બાબુભાઈ પટેલ, અમિત શાહ, કંચનબેન રાદડિયા, હર્ષદ પટેલ, કૌશિક જૈન, જીતેન્દ્રભાઈ પટેલ, અમિત ઠાકર, અમૂલ ભટ્ટ, કૌશિક જૈન, ઈમરાન ખેડાવાલા, જિલ્લા પોલીસ અધિક્ષક ઓમ પ્રકાશ જાટ, અમદાવાદ શહેર અને ગ્રામ્યના પોલીસ અધિકારીઓ,નિવાસી અધિક કલેક્ટર ભાવિન સાગર સહિત સંકલનના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

**અમૃત મહેસાણા સ્ટાર્ટઅપ એન્ડ ઇનોવેશન મિશન (AMSIM) અને I hub(આઈ-હબ)ના સંયુક્ત ઉપક્રમે આયોજિત કાર્યક્રમમાં શિક્ષણ વિભાગના અગ્રસચિવ શ્રી મુકેશ કુમારની ઉપસ્થિતિ**

# Ihub(આઈ-હબ) અમદાવાદ ખાતે ડિસ્ટ્રિક્ટ વેન્ચર સ્ટુડિયો શો કેસ અને સ્ટાર્ટ અપ ઈકો સિસ્ટમ ફ્યુઝન મીટ યોજાઈ

**ગાંધીનગર, તા. 20**

ગુજરાતના સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને નવી ઊંચાઈઓ પર લઈ જવાના ઉદ્દેશ્ય સાથે અમૃત મહેસાણા સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન મિશન (AMSIM) દ્વારા અમદાવાદમાં i-Hub ખાતે 'ડિસ્ટ્રિક્ટ વેન્ચર સ્ટુડિયો શોકેસ અને સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ફ્યુઝન મીટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ દ્વારા જિલ્લા કક્ષાએ ઈનોવેશન અને ઉદ્યોગ સાહસિકતાને પ્રોત્સાહન આપવા માટેના એક મજબૂત અને સફળ મોડલ તરીકે 'ડિસ્ટ્રિક્ટ વેન્ચર સ્ટુડિયો'ને રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે શિક્ષણ વિભાગના અગ્રસચિવ શ્રી મુકેશ કુમાર ઉપસ્થિત રહ્યા હતા. શિક્ષણ વિભાગના અગ્રસચિવ શ્રી મુકેશ કુમારે આ પ્રસંગે સ્ટાર્ટ અપ જર્ની વિશે જણાવ્યું હતું કે સ્ટાર્ટ અપ તરીકેની યાત્રામાં અનેકવિધ પડકારોનો સામનો કરવાનો આવે છે. આ માટે સ્ટાર્ટ આપે તૈયાર રહેવું જોઈએ. તેમણે જણાવ્યું હતું કે આઈ-ક્રિએટ અને આઈ-હબ જેવી સંસ્થાઓ રાજ્યની સ્ટાર્ટ અપ ઈકોસિસ્ટમને મજબૂત બનાવી રહી છે. આ સંસ્થાઓએ રાજ્યના ઘણા મહત્વના સ્ટાર્ટઅપને ઈન્ક્યુબેટ કર્યા છે. તેમણે જણાવ્યું હતું કે આજે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં સ્ટાર્ટઅપને જરૂરી તમામ સંસાધનો પૂરાં પાડવામાં આવી રહ્યા છે. રાજ્યમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં સ્ટાર્ટઅપ ક્ષેત્રના વિકાસ માટે વિવિધ યોજનાઓ અને સહાયોના અમલીકરણ માટે સતત બજેટમાં વધારો કરવામાં આવી રહ્યો છે. આજે દરેકના આઈડિયાને આગળ લઈ જવા માટે આપણી પાસે સિસ્ટમ છે એમ તેમણે ઉમેર્યું હતું. સાથે જ, તેમણે રાજ્યના સ્ટાર્ટ અપ ક્ષેત્રમાં મહત્વપૂર્ણ યોગદાન અને સેવાઓ બદલ શ્રી એમ. નાગરાજનને બિરદાવ્યા હતા. GSRTCના એમડી અને વીસી તથા સ્વચ્છ ભારત મિશન અર્બન (એસબીએમયુ-ગુજરાત)ના એમડી શ્રી એમ. નાગરાજને પોતાના સ્વાગત પ્રવચનમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને મજબૂત કરવાના મહત્વ પર ભાર મૂક્યો હતો.



તેમણે જાહેર વહીવટમાં કામગીરી કરતા સ્ટાર્ટઅપ ક્ષેત્રની સ્થિતિ, પોટેન્શિયલ અને જરૂરિયાતો સહિતની વિવિધ બાબતો અંગે પોતાના અનુભવો આધારિત તથ્યો વર્ણવ્યા હતા. કેવી રીતે તેમણે વિવિધ જિલ્લામાં વિવિધ સ્ટાર્ટઅપ પ્રકલ્પો શરૂ કરાવ્યા અને સામાજિક સમસ્યાઓ તથા અડચણો દૂર કરવામાં કેવી રીતે સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ મદદરૂપ થઈ શકે એ બાબતે તેમણે પોતાના વિચારો રજૂ કર્યા હતા.

વધુમાં, અમૃત મહેસાણા સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન મિશન (AMSIM)ની શરૂઆત કેવી રીતે થઈ અને તેની કામગીરી તથા સફળતા વિશે પણ શ્રી એમ. નાગરાજને વાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે અમૃત મહેસાણા સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન મિશન (AMSIM) રાજ્યના અન્ય જિલ્લાઓમાં પણ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન ક્ષેત્રે કામ કરતી સંસ્થાઓ અને સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહિત કરશે. મહેસાણાના જિલ્લા વિકાસ અધિકારી (DDO) ડૉ. હસરત જાસ્મીને આ પ્રસંગે જણાવ્યું હતું કે સ્ટાર્ટઅપ જર્નીમાં વિઝન ઘણું મહત્વનું હોય છે. તેમણે મહેસાણાની સ્ટાર્ટ અપ ઈકો સિસ્ટમ વિશે વાત કરતા જણાવ્યું હતું કે અમૃત મહેસાણા સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન મિશન (AMSIM) વિવિધ પ્રોગ્રામ અને પ્રવૃત્તિઓ દ્વારા જિલ્લાના સ્ટાર્ટ અપ્સને જરૂરી પ્લેટફોર્મ પૂરું પાડીને આગળ વધવામાં મદદરૂપ થાય છે. તેમણે મહેસાણા કલેક્ટર તરીકે આ ઈકોસિસ્ટમ ડેવલપ કરવા બદલ શ્રી એમ. નાગરાજનનો આભાર વ્યક્ત કર્યો હતો. AMSIMના મેન્ટર ડૉ. વસુંધરા દુગ્ગલે આ પ્રસંગે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું.ગણપત યુનિવર્સિટીના પ્રેસિડેન્ટ પદ્મશ્રી ગણપત પટેલ પણ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. તેમનું આ પ્રસંગે વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન અમૃત મહેસાણા સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન મિશન(AMSIM)ની અત્યાર સુધીની પ્રભાવશાળી સફર અને 'ડિસ્ટ્રિક્ટ વેન્ચર સ્ટુડિયો મોડલ' કઈ રીતે કાર્ય કરે છે તે દર્શાવતી એક વિશેષ વીડિયો ફિલ્મનું સ્ક્રિનિંગ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મંચ પરથી મહાનુભાવો દ્વારા સિનિયર અધિકારીઓ, સીએસઆર (CSR) પાર્ટનર્સ, ઈકોસિસ્ટમ સપોર્ટર્સ અને GSRTC ટીમનું તેમની વિશિષ્ટ કામગીરી બદલ અભિવાદન અને સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં અનુભવોનું આદાન-પ્રદાન કરવા માટે એક વિશેષ સત્ર યોજાયું હતું, જેમાં વિવિધ ક્ષેત્રના મહાનુભાવો અને ઉપસ્થિતોએ સ્ટાર્ટઅપ ક્ષેત્રે પોતાના અનુભવો અને વિચારો રજૂ કર્યા હતા. આ પ્રસંગે આઈપીએસ અધિકારી શ્રી તરુણ દુગ્ગલ, I hub(આઈ-હબ) સીઈઓ હીરન્મય મહાતો , રાજ્ય સરકારના વરિષ્ઠ અધિકારીઓ, ઉદ્યોગ જગતના અગ્રણીઓ, રોકાણકારો અને સ્ટાર્ટઅપ જગતના મહત્વના સ્ટેકહોલ્ડર્સ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા કક્ષાએ સ્ટાર્ટઅપ કલ્ચરને વિકસાવવાની આ પહેલને ઉપસ્થિત તમામ લોકોએ બિરદાવી હતી.




# T20 વર્લ્ડ કપ 2026 માટે ટીમ ઈન્ડિયા જાહેર:કેપ્ટન તરીકે સૂર્યા યથાવત્, ખરાબ ફોર્મના કારણે ગિલને પડતો મુકાયો; અક્ષર પટેલને વાઈસ- કેપ્ટન બનાવ્યો

**T20 વર્લ્ડ કપ 7 ફેબ્રુઆરીએ કોલંબોમાં પાકિસ્તાન અને નેધરલેન્ડ્સ વચ્ચેની મેચથી શરૂ થશે. ભારત તેની પહેલી મેચ એ જ દિવસે વાનખેડે સ્ટેડિયમ ખાતે USA સામે રમશે. ટીમને પાકિસ્તાન, USA, નામિબિયા અને નેધરલેન્ડ્સ સાથે ગ્રુપ Aમાં મૂકવામાં આવી છે. ટીમ ઈન્ડિયાનો પાકિસ્તાન સામેનો તાજેતરનો રેકોર્ડ પણ મજબૂત છે.**

**મુંબઈ, તા. 20**

T20 વર્લ્ડ કપ 2026 માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. શનિવારે મુંબઈમાં BCCI મુખ્યાલયમાં સેક્રેટરી દેવજીત સૈકિયાએ મુખ્ય પસંદગીકાર અજિત અગરકર અને કેપ્ટન સૂર્યકુમાર યાદવની હાજરીમાં ટીમની જાહેરાત કરી. અક્ષર પટેલને વાઈસ-કેપ્ટન બનાવાયો છે, જ્યારે શુભમન ગિલને પડતો મૂકવામાં આવ્યો છે. સંજુ સેમસન પણ ટીમનો ભાગ છે. ઈશાન કિશન અને રિંકુ સિંહનો સમાવેશ કરવામાં આવ્યો છે. ટીમ વર્લ્ડ કપ પહેલાં 11 જાન્યુઆરીથી ન્યૂઝીલેન્ડ સામે ત્રણ ODI અને પાંચ T20I પણ રમશે. T20 વર્લ્ડ કપ 7 ફેબ્રુઆરીએ કોલંબોમાં પાકિસ્તાન અને નેધરલેન્ડ્સ વચ્ચેની મેચથી શરૂ થશે. ભારત તેની પહેલી મેચ એ જ દિવસે વાનખેડે સ્ટેડિયમ ખાતે USA સામે રમશે. ફાઈનલ 8 માર્ચ, 2026ના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. જો પાકિસ્તાન ફાઈનલમાં આવ્યું તો ફાઈનલ શ્રીલંકામાં ખસેડાશે. ભારત પાકિસ્તાન સહિત ચાર ટીમનો સામનો કરશે ભારતને T20 વર્લ્ડ કપમાં પ્રમાણમાં સરળ ગ્રુપ સોંપવામાં આવ્યું છે. ટીમને પાકિસ્તાન, USA, નામિબિયા અને નેધરલેન્ડ્સ સાથે ગ્રુપ Aમાં મૂકવામાં આવી છે. ટીમ ઈન્ડિયાનો પાકિસ્તાન સામેનો તાજેતરનો રેકોર્ડ પણ મજબૂત છે. ભારતે એશિયા કપમાં પાકિસ્તાનને ત્રણ વખત હરાવ્યું છે અને ODIમાં ચેમ્પિયન્સ ટ્રોફીમાં પણ તેમને હરાવ્યા છે. T20 વર્લ્ડ કપ 2026 માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. શનિવારે મુંબઈમાં BCCI મુખ્યાલયમાં સેક્રેટરી દેવજીત સૈકિયાએ મુખ્ય પસંદગીકાર અજિત અગરકર અને કેપ્ટન સૂર્યકુમાર યાદવની હાજરીમાં ટીમની જાહેરાત કરી. અક્ષર પટેલને વાઈસ-કેપ્ટન બનાવાયો છે, જ્યારે શુભમન ગિલને પડતો મૂકવામાં આવ્યો છે. સંજુ સેમસન પણ ટીમનો ભાગ છે. ઈશાન કિશન અને રિંકુ સિંહનો સમાવેશ કરવામાં આવ્યો છે. ટીમ વર્લ્ડ કપ પહેલાં 11 જાન્યુઆરીથી ન્યૂઝીલેન્ડ સામે ત્રણ ODI અને પાંચ T20I પણ રમશે. T20 વર્લ્ડ કપ 7 ફેબ્રુઆરીએ કોલંબોમાં પાકિસ્તાન અને નેધરલેન્ડ્સ વચ્ચેની મેચથી શરૂ થશે. ભારત તેની પહેલી મેચ એ જ દિવસે વાનખેડે સ્ટેડિયમ ખાતે USA સામે રમશે. ફાઈનલ 8 માર્ચ, 2026ના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. જો પાકિસ્તાન ફાઈનલમાં આવ્યું તો ફાઈનલ શ્રીલંકામાં ખસેડાશે. ભારત પાકિસ્તાન સહિત ચાર ટીમનો સામનો કરશે ભારતને T20 વર્લ્ડ કપમાં પ્રમાણમાં સરળ ગ્રુપ સોંપવામાં આવ્યું છે. ટીમને પાકિસ્તાન, USA, નામિબિયા અને નેધરલેન્ડ્સ સાથે ગ્રુપ Aમાં મૂકવામાં આવી છે. ટીમ ઈન્ડિયાનો પાકિસ્તાન સામેનો તાજેતરનો રેકોર્ડ પણ મજબૂત છે. ભારતે એશિયા કપમાં પાકિસ્તાનને ત્રણ વખત હરાવ્યું છે અને ODIમાં ચેમ્પિયન્સ ટ્રોફીમાં પણ તેમને હરાવ્યા છે. T20 વર્લ્ડ કપ 2026 માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. શનિવારે મુંબઈમાં BCCI મુખ્યાલયમાં સેક્રેટરી દેવજીત સૈકિયાએ મુખ્ય પસંદગીકાર અજિત અગરકર અને કેપ્ટન સૂર્યકુમાર યાદવની હાજરીમાં ટીમની જાહેરાત કરી. અક્ષર પટેલને વાઈસ-કેપ્ટન બનાવાયો છે, જ્યારે શુભમન ગિલને પડતો મૂકવામાં આવ્યો છે. સંજુ સેમસન પણ ટીમનો ભાગ છે. ઈશાન કિશન અને રિંકુ સિંહનો સમાવેશ કરવામાં આવ્યો છે. ટીમ વર્લ્ડ કપ પહેલાં 11 જાન્યુઆરીથી ન્યૂઝીલેન્ડ સામે ત્રણ ODI અને પાંચ T20I પણ રમશે. T20 વર્લ્ડ કપ 7 ફેબ્રુઆરીએ કોલંબોમાં પાકિસ્તાન અને નેધરલેન્ડ્સ વચ્ચેની મેચથી શરૂ થશે.

## 'અમારે ઓપનિંગ કોમ્બિનેશનમાં ઈશાનના રૂપમાં વિકેટકીપર પણ મળતો, એટલે ગિલને સ્થાન મળ્યું નથી'

**દિલ્હી, તા. 20**

શનિવારે BCCI સેક્રેટરી દેવજીત સૈકિયાએ જાહેરાત કરી તેના થોડા સમય બાદ ટીમના કેપ્ટન સૂર્યકુમાર યાદવે પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું કે, 'શુભમન વાઈસ-કેપ્ટન હતો. તે ટીમમાં નથી. કન્સીસટન્સીની વિશે વાત કરીએ તો, તમે કોમ્બિનેશન જોઈ રહ્યા છો. જો તમારો કીપર ટૉપ ઓર્ડરમાં બેટિંગ કરવાનો હોય, તો તમે એવો કીપર ઈચ્છો છો જે ત્યાં રમી શકે. જિતેશ લોઅરમાં હતો. તો ગિલ ટૉપ ઓર્ડરમાં. શુભમન એક ક્વોલિટી પ્લેયર છે અને કમનસીબ છે કે તે ચૂકી ગયો. કોઈપણ અન્ય વસ્તુ કરતા કોમ્બિનેશન વધુ મહત્વનું છે, ટૉપ ઓર્ડરમાં બે કીપર છે. તો રિંકુ આવે છે, જે લોઅર મિડલ ઓર્ડરનો વિકલ્પ છે.'

## હાર્દિક પંડ્યાની ગર્લફ્રેન્ડ સાથે અમદાવાદમાં લોંગ ડ્રાઇવ:બાજુમા બેઠેલી માહિકાએ જ વીડિયો ઉતારી ઇન્સ્ટા સ્ટોરીમાં પોસ્ટ કર્યો

- **હાર્દિક રાત્રિએ જાતે કાર ચલાવીને પોતાની રૂમર્ડ ગર્લફ્રેન્ડ સાથે અમદાવાદમાં લોંગ ડ્રાઈવ પર નીકળ્યો હતો, જેનો વીડિયો પણ સામે આવ્યો છે.**

**દિલ્હી, તા. 20**

19 ડિસેમ્બરને શુક્રવારના રોજ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ભારતે સાઉથ આફ્રિકાને 30 રનથી હરાવી 5 મેચની T-20 સિરીઝ 3-1થી જીતી લીધી છે. ટીમ ઈન્ડિયાએ સતત 8મી સિરીઝ જીતી છે. આ જીત બાદ ભારતીય ટીમ જ્યારે આઈટીસી નર્મદા હોટલ પરત ફરી ત્યારે ટીમની જીત માટે હોટલના શેફ દ્વારા ખાસ પ્રકારની કેક




તૈયાર કરવામાં આવી હતી. અહીં તમામ ક્રિકેટરોએ કેક કાપી જીતની શાનદાર ઉજવણી કરી હતી. હોટલના સેલિબ્રેશનમાં રાજીવ શુક્લા પણ હાજર રહ્યા હતા. રાતે સેલિબ્રેશન બાદ હાર્દિક પંડ્યા ગર્લફ્રેન્ડ માહિકા સાથે અમદાવાદમાં લોંગ ડ્રાઈવ પર નીકળ્યો હતો. આ મેચ દરમિયાન ખાસ હાર્દિક પંડ્યાએ લોકોનું ધ્યાન ખેંચ્યું હતું. હાર્દિક રાત્રિએ જાતે કાર ચલાવીને પોતાની રૂમર્ડ ગર્લફ્રેન્ડ સાથે અમદાવાદમાં લોંગ ડ્રાઈવ પર નીકળ્યો હતો, જેનો વીડિયો પણ સામે આવ્યો છે. મેચ દરમિયાન હાર્દિકે સિક્સર મારતા બોલ કેમેરા ઓપરેટરને વાગ્યો હતો, જેમાં ઈનિંગ્સ પછી હાર્દિક કેમેરા ઓપરેટર પાસે પહોંચ્યો હતો અને વ્યક્તિગત રીતે તેની તબિયત પૂછી અને માફી માગી હતી. આ ઘટનાએ બધાનાં દિલ જીતી લીધાં છે. ગઈકાલની મેચમાં અમદાવાદમાં ભારતીય બોલરોએ 232 રનનો ટાર્ગેટ ચેઝ કરી રહેલી સાઉથ આફ્રિકાને 20 ઓવરમાં 8 વિકેટ પર 201 રન જ કરવા દીધા હતા. વરુણ ચક્રવર્તીએ સૌથી વધુ 4 વિકેટ ઝડપી. જસપ્રીત બુમરાહે 2 વિકેટ લીધી હતી.

## ઈન્ડિયાએ સતત 8મી T-20 સિરીઝ પોતાના નામે કરી, સાઉથ આફ્રિકાને 5મી મેચમાં 30 રનથી હરાવ્યું

**T-20 સાથે સાઉથ આફ્રિકાનો 35 દિવસનો ભારતીય પ્રવાસ સમાપ્ત થઈ ગયો**

**દિલ્હી, તા. 20**

ભારતે સાઉથ આફ્રિકા સામેની 5 મેચની T-20 સિરીઝ 3-1થી જીતી લીધી છે. ટીમે શુક્રવારે રમાયેલી 5મી મેચમાં આફ્રિકાને 30 રનથી હરાવ્યું. ટીમ ઈન્ડિયાએ સતત 8મી સિરીઝ જીતી છે. અમદાવાદમાં ભારતીય બોલરોએ 232 રનનો ટાર્ગેટ ચેઝ કરી રહેલી સાઉથ આફ્રિકાને 20 ઓવરમાં 8 વિકેટ પર 201 રન જ કરવા દીધા. વરુણ ચક્રવર્તીએ સૌથી વધુ 4 વિકેટ ઝડપી. જસપ્રીત બુમરાહે 2 વિકેટ લીધી. ક્વિન્ટન ડી કોકે 35 બોલ પર 65 રન બનાવ્યા. આ પહેલા ભારતીય ટીમે તિલક વર્મા અને હાર્દિક પંડ્યાની ફિફ્ટીની મદદથી 20 ઓવરમાં 5 વિકેટ પર 231 રનનો સ્કોર બનાવ્યો. તિલકે 42 બોલ પર 73 રન બનાવ્યા, જ્યારે પંડ્યાએ 25 બોલ પર 63 રનની ઈનિંગ રમી. સંજુ સેમસને 37 અને અભિષેક શર્માએ 34 રન બનાવ્યા. પંડ્યાએ 16 બોલ પર ફિફ્ટી પૂરી કરી. આ ભારત તરફથી T-20 ઈન્ટરનેશનલમાં બીજી સૌથી ઝડપી ફિફ્ટી છે. ટીમ ઈન્ડિયા તરફથી સૌથી ઝડપી ફિફ્ટીનો રેકોર્ડ યુવરાજ સિંહ (12 બોલ)ના નામે છે. ભારતીય ટીમે 115 રન પર 3 વિકેટ ગુમાવી દીધી હતી. અહીં તિલક વર્મા અને હાર્દિક પંડ્યાએ ચોથી વિકેટ માટે 44 બોલ પર 104 રનની પાર્ટનરશિપ કરી. બંનેએ ફિફ્ટી ફટકારી. મેચ વિનર્સના ગ્રાફિક્સ જુઓ, છેલ્લી T-20 સાથે સાઉથ આફ્રિકાનો 35 દિવસનો ભારતીય પ્રવાસ સમાપ્ત થઈ ગયો. આની શરૂઆત 2 ટેસ્ટની સિરીઝ સાથે થઈ હતી. જેમાં સાઉથ આફ્રિકાએ 2-0થી ક્લીન સ્વીપ કર્યું. ત્યારબાદ ભારતે વનડે સિરીઝમાં 2-1થી અને 5 મેચની T-20 સિરીઝમાં 3-1થી જીત મેળવી. આ સિરીઝની એક મેચ ધુમ્મસના કારણે રદ કરવામાં આવી હતી.

## અંબાણીની સ્કૂલના ફંક્શનમાં કૂલ લુકથી દિલ જીતી લીધું; મોટી વહુ શ્લોકાની પણ ક્લાસિક એન્ટ્રી

**મુંબઈ, તા. 20**

બોલિવૂડના મોટાભાગના સેલિબ્રિટીઝના બાળકો મુંબઈ સ્થિત ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલ (DAIS)માં અભ્યાસ કરે છે. સ્કૂલના એન્યુઅલ ફંક્શનમાં દર વર્ષે સેલેબ્સનો જમાવડો જોવા મળે છે.આ એન્યુઅલ ડે ફંક્શનમાં પ્રથમ દિવસે જ્યાં એક તરફ બચ્ચન પરિવાર, શાહરુખ ખાનનો પરિવાર, કપૂર સિસ્ટર્સ સહિતના સેલેબ્સ પોતાના બાળકોને ચિયર કરવા પહોંચીને બધાનું ધ્યાન ખેંચ્યું હતું તો બીજા દિવસે રાધિકા મર્ચન્ટે શુક્રવારે ધીરુભાઈ અંબાણી ઈન્ટરનેશનલ સ્કૂલના વાર્ષિક ઉત્સવના બીજા દિવસે હાજરી આપી હતી, તે પોતાની સ્ટાઈલમાં સિમ્પલ છતાં આકર્ષક ફેરફાર સાથે જોવા મળી હતી.અંબાણી પરિવારની 'છોટી વહુ'એ તેના સામાન્ય એથનિક પોશાક અને ગ્લેમરસ મેકઅપને છોડીને, ક્યૂટ મિની ડ્રેસ અને મિનિમલ મેકઅપ સાથે એક સિમ્પલ અને કૂલ લુક પસંદ કર્યો હતો. રાધિકા મર્ચન્ટનો ચિક મિની ડ્રેસમાં અદભૂત અંદાજ રાધિકા મર્ચન્ટ, જે અવારનવાર શાનદાર આઉટફિટ્સમાં હાઈ-ફેશન મોમેન્ટ્સ આપતી જોવા મળે છે, તેણે આ વખતે પોતાની સ્ટાઈલ બદલી અને તે સફેદ અને નેવી-બ્લુ મિની ડ્રેસમાં જોવા મળી હતી. આ આઉટફિટમાં ટર્ટલનેક નેકલાઈન સાથે સ્ટાઈલિશ હાફ-જેકેટ હતું, જેમાં સુશોભિત ગોલ્ડન બટનો અને કમર પર બેલ્ટ હતો જે તેના લુકને સુંદર રીતે નિખારતો હતો. દેખાવમાં થોડો પ્લેફુલ ટચ ઉમેરતા, ડ્રેસનો નીચેનો ભાગ સફેદ ફ્લેર્ડ સ્કર્ટ જેવો હતો.



## નીતા અંબાણીની નાની વહુ રાધિકાએ ગ્લેમર છોડી સાદગી અપનાવી

## ઢીલી પટકથાથી 'મિસેઝ દેશપાંડે'નો દમદાર આઈડિયા પાંગળો બન્યો



**મુંબઈ, તા. 20**

'મિસેજ દેશપાંડે' એક મનોવૈજ્ઞાનિક થ્રિલર તરીકે પોતાને રજૂ કરે છે, જેની શરૂઆત રહસ્ય અને તણાવના વચન સાથે થાય છે. મુંબઈમાં થઈ રહેલી શ્રેણીબદ્ધ હત્યાઓ અને તેમનો 25 વર્ષ જૂના કેસ સાથેનો સંબંધ વાર્તાને ભૂતકાળ અને વર્તમાન વચ્ચે લઈ જાય છે. વાર્તાનું કેન્દ્ર મિસેજ દેશપાંડે છે, જે આ જ જૂના હત્યાકાંડોની દોષિત રહી છે અને હાલમાં હૈદરાબાદની સેન્ટ્રલ જેલમાં બંધ છે. વર્તમાન હત્યાઓને કોપીકેટ અપરાધ માનતા પોલીસ તેને તપાસમાં સામેલ કરે છે. બહારથી સહયોગ કરતી દેખાતી મિસેજ દેશપાંડેના ઈરાદા સમગ્ર સમય શંકાના ઘેરામાં રહે છે. વાર્તા તેના બાળપણ, માનસિક અસંતુલન અને અપરાધની માનસિકતા દર્શાવવાનો પ્રયાસ કરે છે, પરંતુ પટકથા આ પાસાઓને નક્કર સ્વરૂપ આપવામાં ચૂકી જાય છે. ઘણા વળાંકો પહેલેથી અનુમાનિત લાગે છે અને સસ્પેન્સ વારંવાર તૂટે છે. માધુરી દીક્ષિતનું પાત્ર તેમના કરિયરના અલગ તબક્કાનું પ્રતિનિધિત્વ કરે છે. તે સાદગી અને ઠંડા ભાવો દ્વારા ભય પેદા કરવાનો પ્રયાસ કરે છે, પરંતુ લેખનની નબળાઈ તેમના અભિનયને મર્યાદિત કરી દે છે. સિદ્ધાર્થ ચાંદેકર યુવા પોલીસ અધિકારી તરીકે પ્રમાણિક લાગે છે, પરંતુ તેમના પાત્રને પૂરતી ઊંડાઈ આપવામાં આવી નથી. પ્રિયંશુ ચેટર્જી અનુભવી અધિકારી તરીકે સંતુલિત પ્રદર્શન કરે છે, પરંતુ તેમનો રોલ પણ સ્ક્રિપ્ટની નબાઈમાં દબાઈ જાય છે. કવિન દવે તેમના વિચિત્ર અને રહસ્યમય પાત્રમાં સંભાવનાઓ દર્શાવે છે, પરંતુ તેમનો ટ્રેક અધૂરો લાગે છે. બાકીના સહાયક કલાકારો વાર્તાનો બોજ ઉઠાવવાનો પ્રયાસ કરે છે.

## શિલ્પા શેટ્ટીએ કહ્યું- સંબંધિત કંપની સાથે સંબંધ ફક્ત નોન-એક્ઝિક્યુટિવ લેવલનો હતો

### 'કોઈ આધાર વગર મારું નામ જોડવામાં આવી રહ્યું છે' : કથિત છેતરપિંડી કેસ

**મુંબઈ, તા. 20**

60 કરોડ રૂપિયાના કથિત છેતરપિંડીના કેસને લઈને એક્ટ્રેસ શિલ્પા શેટ્ટીએ પોતાના પર લાગેલા આરોપો પર સત્તાવાર નિવેદન જાહેર કરીને જવાબ આપ્યો છે. શિલ્પાએ કહ્યું કે હું આ વાતથી ખૂબ દુઃખી છું કે કોઈ આધાર વગર મારું નામ આ મામલા સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. તેણે કહ્યું કે સંબંધિત કંપની સાથે તેમનો સંબંધ ફક્ત નોન-એક્ઝિક્યુટિવ લેવલનો હતો અને કંપનીના ઓપરેશન, ફાઈનાન્સ, ડિસિઝન મેકિંગ કે કોઈપણ પ્રકારની સાઈનિંગ ઓથોરિટીમાં તેમની કોઈ ભૂમિકા રહી નથી. શિલ્પાએ પોતાના નિવેદનમાં એમ પણ કહ્યું કે તેણે એક હોમ શોપિંગ ચેનલ માટે કેટલાક પ્રોડક્ટ્સ ફક્ત પ્રોફેશનલ એન્ડોર્સમેન્ટ તરીકે કર્યા



હતા, જેની ચુકવણી તેને આજ સુધી મળી નથી. તેણે જણાવ્યું કે પરિવાર તરફથી લગભગ 20 કરોડ રૂપિયા કંપનીને લોન તરીકે આપવામાં આવ્યા હતા, જે હજુ સુધી પાછા મળ્યા નથી. એક્ટ્રેસે આરોપ લગાવ્યો કે લગભગ નવ વર્ષના વિલંબ પછી તેમને આ મામલામાં ખેંચવા કાનૂની રીતે ટકી શકે તેમ નથી. તેણે કહ્યું કે આવા આરોપો એક મહિલાની ગરિમા અને છબીને નુકસાન પહોંચાડે છે. શિલ્પાએ એમ પણ કહ્યું કે ભગવદ ગીતામાં કહેવાયું છે કે, જ્યારે અન્યાયનો વિરોધ કરવો તમારુ કર્તવ્ય હોય અને તમે તેમ ન કરો, તો તે પણ અધર્મ છે. એક્ટ્રેસે જણાવ્યું કે બોમ્બે હાઈકોર્ટમાં ક્વેશિંગ પિટિશન દાખલ કરવામાં આવી છે અને તેમને ન્યાયિક પ્રક્રિયા પર પૂરો ભરોસો છે. સાથે જ તેમણે મીડિયાને તથ્યોની તપાસ કરીને જવાબદારીપૂર્વક રિપોર્ટિંગ કરવાની અપીલ કરી છે. આ પહેલા આ મામલામાં શિલ્પા શેટ્ટીના મુંબઈ સ્થિત ઘરે 60 કરોડ રૂપિયાના કથિત છેતરપિંડીના કેસમાં ઈનકમ ટેક્સની રેડ થવાના સમાચારો ગુરુવારે સામે આવ્યા. જોકે, શિલ્પાની લીગલ ટીમે આ દાવાઓને ખોટા ગણાવતા કહ્યું કે એક્ટ્રેસના ઘરે ઈનકમ ટેક્સની કોઈ રેડ થઈ નથી.

## ₹700 કરોડ ક્લબમાં 'ધુરંધર'ની શાનદાર એન્ટ્રી



**મુંબઈ, તા. 20**

રણવીર સિંહની 'ધુરંધર' ફિલ્મે વિશ્વભરમાં લોકોને ઘેલું લગાવ્યું છે. રિલીઝ થયાના સતત 15માં દિવસે પણ ફિલ્મનો બોક્સઓફિસ પર દબદબો જોવા મળી રહ્યો છે. 'ધુરંધર'ના વાવાઝોડામાં હોલિવૂડની ફિલ્મ 'અવતાર 3: ફાયર એન્ડ એશ' પણ આવી ગઈ છે. 'અવતાર' ફ્રેન્ચાઈઝીની આ ફિલ્મને જોવા માટે ભારતીય દર્શકો પણ ઉત્સાહિત હતા. જોકે, ભારતમાં 'ધુરંધર'ની આંધી વચ્ચે 'અવતાર 3'ને 'અવતાર 2'થી પણ અડધી ઓપનિંગ મળી છે. 5 ડિસેમ્બર 2025ના રોજ રિલીઝ થયેલી 'ધુરંધર' ફિલ્મ પહેલા દિવસથી જ રેકોર્ડ બ્રેક કમાણી કરી રહી છે. ફિલ્મે ત્રીજા શુક્રવારે પણ સૌથી વધુ કમાણીના રેકોર્ડ તોડી નાખ્યા છે. 'ધુરંધર' ભારતમાં 500 કરોડ ક્લબમાં અને વિશ્વમાં 700 કરોડ ક્લબમાં સામેલ થઈ ગઈ છે. 'સેકનિલ્ક' (બોક્સ ઓફિસના આંકડા દર્શાવતી વેબસાઈટ)ના રિપોર્ટ અનુસાર શુક્રવારે (19 ડિસેમ્બરે) ફિલ્મને 15 દિવસ પૂરા થયા અને તેણે ભારતમાં કુલ 579.5 કરોડની કમાણી કરી. સાથે જ તેણે અન્ય દેશોમાં 158 કરોડ રૂપિયાની કમાણી કરી. પરિણામે 15 દિવસના અંતે 'ધુરંધર'એ ભારત સહિત વિશ્વભરમાં 737.5 કરોડની કમાણી કરી છે.

### ડેલવેર સુપ્રીમ કોર્ટે નીચલી અદાલતનો ચુકાદો પલટાવ્યો, કંપનીમાં હિસ્સેદારી 18% થશે

# મસ્કને ટેસ્લા તરફથી ₹12 લાખ કરોડનું પેમેન્ટ-પેકેજ મળશે

## 2018માં ટેસ્લાના બોર્ડે મસ્ક માટે એક મોટા પેમેન્ટ પેકેજને મંજૂરી આપી હતી

**નવી દિલ્હી, તા. 20**

દુનિયાના સૌથી ધનિક વ્યક્તિ ઈલોન મસ્કને તેમના 2018ના પેમેન્ટ પેકેજના મામલે મોટી જીત મળી છે. ડેલવેર સુપ્રીમ કોર્ટે શુક્રવારે નીચલી અદાલતના તે નિર્ણયને પલટી દીધો, જેમાં મસ્કના 56 અબજ ડોલરના વળતર પેકેજને રદ કરી દીધો હતો. ટેસ્લાના શેર્સની કિંમત વધવાથી હવે આ પેકેજની કિંમત લગભગ 139 અબજ ડોલર (લગભગ 12 લાખ કરોડ રૂપિયા) થઈ ગઈ છે. નીચલી અદાલતે લગભગ બે વર્ષ પહેલાં આ ડીલને 'અકલ્પનીય' ગણાવીને રોકી દીધી હતી. આ નિર્ણયે મસ્કને મોટી રાહત આપી છે. હવે આ નિર્ણય પછી ટેસ્લા પર મસ્કનો કંટ્રોલ વધુ મજબૂત થશે, જેને તેઓ પોતાની મુખ્ય ચિંતા ગણાવતા રહ્યા છે. કોર્ટે કહ્યું- મસ્કને વળતર વિના છોડવું ખોટું હતું સુપ્રીમ કોર્ટે પોતાના 49 પાનાના નિર્ણયમાં જણાવ્યું કે 2024ની શરૂઆતમાં પેમેન્ટ પેકેજને સંપૂર્ણપણે રદ કરવાનો નિર્ણય મસ્ક માટે અયોગ્ય અને અન્યાયી હતો. કોર્ટે કહ્યું કે પેકેજ રદ કરવાથી મસ્કને તેમની છ વર્ષની મહેનત માટે કોઈ વળતર મળતું નથી. શુક્રવારે બજાર બંધ થતાં ટેસ્લાના શેર ભાવના આધારે 2018ના આ પેકેજની વર્તમાન કિંમત લગભગ 139 અબજ ડોલર છે. ટેસ્લાના રોકાણકાર ડીપવોટર એસેટ મેનેજમેન્ટના મેનેજિંગ પાર્ટનર જીન મુંસ્ટરે જણાવ્યું કે માટે આ એક જીત છે કારણ કે તેમને કંપની પર ઝડપથી નિયંત્રણ મળશે.

કંપનીમાં હિસ્સેદારી વધીને 18.1% થઈ જશે જો મસ્ક 2018ના પેકેજમાંથી મળેલા તમામ સ્ટોક ઓપ્શાન્સનો ઉપયોગ કરે છે, તો ટેસ્લામાં તેમનો હિસ્સો હાલના 12.4% થી વધીને 18.1% થઈ જશે. જોકે, તેમને આ શેર મેળવવા માટે કંપનીના પર્ફોર્મન્સ સંબંધિત લક્ષ્યો પૂરા કરવા પડશે. આ મામલે ટેસ્લાએ તરત કોઈ ટિપ્પણી કરી નથી, પરંતુ મસ્કે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કર્યું, 'હું સાચો સાબિત થયો.' શું છે 2018નો આખો વિવાદ? 2018માં ટેસ્લાના બોર્ડે મસ્ક માટે એક મોટા પેમેન્ટ પેકેજને મંજૂરી આપી હતી. આ અંતર્ગત, જો ટેસ્લા બજારમાં કેટલાક મોટા લક્ષ્યો હાંસલ કરે છે, તો મસ્કને ખૂબ જ ડિસ્કાઉન્ટેડ ભાવે કંપનીના લગભગ 304 મિલિયન શેર ખરીદવાનો વિકલ્પ મળશે. ટેસ્લાએ આ તમામ લક્ષ્યો હાંસલ પણ કરી લીધા હતા. પરંતુ જેવી જ શેરહોલ્ડરોએ આ પેકેજને મંજૂરી આપી, રિચાર્ડ ટોર્નેટા નામના એક રોકાણકારે તેના પર દાવો માંડ્યો. ટોર્નેટા પાસે ટેસ્લાના માત્ર નવ શેર હતા. 2024 ની શરૂઆતમાં, પાંચ દિવસની સુનાવણી પછી ડેલવેરના જજ કેથલીન મેકકોર્મિકે એમ કહીને પેકેજ રદ કરી દીધું કે નિર્ણય લેતી વખતે ટેસ્લાના ડિરેક્ટરો નિષ્પક્ષ ન હતા અને શેરહોલ્ડરો પાસેથી જરૂરી તથ્યો છુપાવવામાં આવ્યા હતા.



## કેન્દ્રીય બજેટ-2026 રવિવારે રજૂ થઈ શકે છે:1 ફેબ્રુઆરીએ રવિદાસ જયંતિની પણ રજા,

### ગૌતમ અદાણીના ભત્રીજા પર ઈનસાઈડર ટ્રેડિંગના આરોપો લાગ્યા હતા

**નવી દિલ્હી, તા. 20**

નાણામંત્રી નિર્મલા સીતારમણ 5 જુલાઈ, 2019ના રોજ લાલ કપડાના કવરમાં બજેટ સાથે પહેલી વાર સંસદ પહોંચ્યા હતા. દેશના 80મા કેન્દ્રીય બજેટની તૈયારીઓ શરૂ થઈ ગઈ છે, પરંતુ આ વખતે બજેટની તારીખને લઈને સસ્પેન્સ છે. કારણ કે, વર્ષ 2026માં 1 ફેબ્રુઆરીએ રવિવાર છે અને તે જ દિવસે ગુરુ રવિદાસ જયંતિ પણ છે. જો 1 ફેબ્રુઆરીએ બજેટ રજૂ કરવામાં આવે છે, તો 2017માં બજેટની તારીખ બદલ્યા પછી આ પહેલી વખત હશે, જ્યારે રવિવારે બજેટ રજૂ કરવામાં આવશે. જોકે, અંતિમ નિર્ણય હજુ કેબિનેટ કમિટી ઓન પાર્લિયામેન્ટરી અફેર્સ લેશે. નાણા મંત્રી નિર્મલા સીતારમણનું આ સતત આઠમું અને મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું બીજું પૂર્ણ બજેટ હશે. તેઓ સતત 8 બજેટ રજૂ કરનાર દેશના પ્રથમ નાણા મંત્રી બનશે. વર્ષ 2020 અને 2025માં પણ બજેટ શનિવારે (1 ફેબ્રુઆરી) રજૂ કરવામાં આવ્યું હતું. મીડિયા



રિપોર્ટ્સ અનુસાર, આ વખતે બજેટ 31 જાન્યુઆરી (શનિવાર) ના રોજ રજૂ કરવામાં આવશે નહીં. જો રવિવારે બજેટ રજૂ ન થાય, તો બીજો વિકલ્પ 2 ફેબ્રુઆરી (સોમવાર) નો રહેશે. 2017 પહેલાં બજેટ ફેબ્રુઆરીના છેલ્લા કાર્યકારી દિવસે આવતું હતું, જેને બદલીને 1 ફેબ્રુઆરી કરવામાં આવ્યું જેથી 1 એપ્રિલથી નવું નાણાકીય વર્ષ સરળતાથી શરૂ થઈ શકે.

## બાંગ્લાદેશમાં હિંસા: 7 વર્ષની બાળકીને જીવતી સળગાવી

### BNP નેતાના ઘરને બહારથી બંધ કરી પેટ્રોલ છાંટી ફૂંકી માર્યું, ગઈકાલે હિંદુ યુવકને સળગાવ્યો હતો

**મુંબઈ, તા. 20**

બાંગ્લાદેશના લક્ષ્મીપુર સદરમાં શુક્રવારે મોડી રાત્રે કેટલાક તોફાની તત્વોએ એક ઘરને બહારથી બંધ કરીને પેટ્રોલ છાંટી આગ લગાડી દીધી. આગમાં જીવતા બળી જવાથી એક 7 વર્ષની બાળકીનું મોત થયું, જ્યારે ત્રણ લોકો ગંભીર રીતે દાઝી ગયા. આ ઘર બાંગ્લાદેશ નેશનાલિસ્ટ પાર્ટી (BNP)ના નેતા બિલાલ હુસૈનનું છે. પોલીસના જણાવ્યા અનુસાર, ઘટના રાત્રે લગભગ 1 વાગ્યાની છે. આગ લાગવાથી બિલાલની 7 વર્ષની દીકરી આયેશા અખ્તરનું ઘટનાસ્થળે જ મોત થયું. બિલાલ હુસૈન અને તેમની અન્ય બે દીકરીઓ સલમા અખ્તર (16) અને સામિયા અખ્તર (14) ગંભીર રીતે દાઝી ગયા. બિલાલની સારવાર લક્ષ્મીપુર સદર હોસ્પિટલમાં ચાલી રહી છે, જ્યારે બંને દીકરીઓને ગંભીર હાલતમાં ઢાકા મોકલવામાં આવી છે. લક્ષ્મીપુર સદર હોસ્પિટલના રેસિડેન્શિયલ મેડિકલ ઓફિસર (RMO) ડો. અરુપ પાલના જણાવ્યા અનુસાર, બંને બાળકીઓના શરીરનો લગભગ 50-60% ભાગ દાઝી ગયો છે. તેમની હાલત ગંભીર છે. તેને કારણે તેઓને ઢાકાની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ બર્ન એન્ડ પ્લાસ્ટિક સર્જરીમાં રિફર કરવામાં આવ્યા.

બિલાલની માતાએ ઘરમાં આગ જોઈ

બિલાલના ઘરમાં લાગેલી આગને તેમની માતા હાજરા બેગમે સૌથી પહેલા જોઈ. તેમણે જણાવ્યું કે તેઓ જમ્યા પછી સૂઈ ગયા હતા. રાત્રે લગભગ 1 વાગ્યે ઉઠતા તેમણે જોયું કે તેમના દીકરાનું ટીનનું બનેલું ઘર સળગી રહ્યું હતું. જ્યારે તેઓ બહાર દોડ્યા ત્યારે જોયું કે ઘરના બંને દરવાજા બહારથી બંધ હતા. પછી બિલાલે દરવાજો તોડીને બહાર નીકળવામાં સફળતા મેળવી. તેમની પત્ની નાઝમા પણ ચાર મહિનાના દીકરા અને છ વર્ષના દીકરા સાથે બહાર નીકળી આવી. તેમણે જણાવ્યું કે ત્રણેય દીકરીઓ એક રૂમમાં સૂતી હતી. બે દીકરીઓને ગંભીર હાલતમાં બહાર કાઢવામાં આવી, પરંતુ સૌથી નાની આયેશા આગમાં સળગીને મૃત્યુ પામી. હાજરા બેગમનો આરોપ છે કે બદમાશોએ પેટ્રોલ નાખીને ઘરમાં આગ લગાડી, જોકે તેઓ કોઈની ઓળખ કરી શક્યા નહીં.



## આજથી શુક્રનો વૃશ્ચિક રાશિ માંથી ધનમાં પ્રવેશ : શુક્ર સુખ-સમૃદ્ધિ અને પ્રેમનો કારક

**નવી દિલ્હી, તા. 20**

આજ (20 ડિસેમ્બર) સવારે લગભગ 7 વાગ્યે શુક્ર ગ્રહ વૃશ્ચિક રાશિમાંથી નીકળીને ધન રાશિમાં આવી ગયો છે. જ્યોતિષમાં શુક્રને સુખ-સમૃદ્ધિ, સુવિધાઓ અને પ્રેમનો કારક માનવામાં આવે છે. ધન રાશિમાં શુક્ર 12 જાન્યુઆરી સુધી રહેશે, ત્યારબાદ આ ગ્રહ મકર રાશિમાં પ્રવેશ કરશે. આ રાશિ પરિવર્તનનો તમામ 12 રાશિઓ પર અસર થશે. ઉજ્જૈનના જ્યોતિષાચાર્ય પં. મનીષ શર્મા પાસેથી જાણો તમામ 12 રાશિઓ માટે શુક્ર કેવો રહી શકે છે...

મેષ રાશિ: શુક્ર આ રાશિના નવમા ભાવમાં છે. આ સમય તમારા માટે શુભ રહેવાનો છે. તમારા અટકેલા કામ પૂરા થશે અને લાંબા અંતરની યાત્રાઓના યોગ બનશે. ધાર્મિક કાર્યોમાં રુચિ વધશે અને સમાજમાં માન-સન્માન પ્રાપ્ત થશે.

વૃષભ રાશિ: તમારી રાશિનો સ્વામી શુક્ર આઠમા ભાવમાં છે. આ સમય સ્વાસ્થ્ય પ્રત્યે સચેત રહેવાનો છે. અચાનક ધન હાનિ અથવા ખર્ચમાં વૃદ્ધિ થઈ શકે છે. જોકે, સાસરિયા પક્ષથી લાભ મળવાની સંભાવના છે. પ્રેમ સંબંધમાં તાલમેલ જાળવી રાખો, નહીં તો ગેરસમજો થઈ શકે છે.

મિથુન રાશિ: શુક્ર તમારી રાશિના સાતમા ભાવમાં છે. વૈવાહિક જીવન માટે આ સમય ખૂબ સુખદ રહેશે. પાર્ટનર સાથેના સંબંધોમાં મજબૂતી આવશે. જો તમે અપરિણીત છો, તો લગ્નના પ્રસ્તાવ આવી શકે છે. વેપારમાં ભાગીદારીથી લાભ થશે અને તમારી સામાજિક લોકપ્રિયતામાં વૃદ્ધિ થશે.

કર્ક રાશિ: શુક્રનું છઠ્ઠા ભાવમાં ગોચર તમને શત્રુઓ પર વિજય અપાવશે. જોકે, વૈભવી વસ્તુઓ પર વધુ ખર્ચ કરવાથી તમારું બજેટ બગડી શકે છે. નોકરિયાત લોકોને કાર્યસ્થળ પર સહકર્મીઓનો સહયોગ મળશે. ખાવા-પીવાનું વિશેષ ધ્યાન રાખો, કારણ કે પેટ સંબંધિત સમસ્યાઓ થઈ શકે છે.

સિંહ રાશિ: પાંચમા ભાવમાં શુક્રનું આગમન તમારા માટે રોમાન્સ અને રચનાત્મકતા લઈને આવશે. પ્રેમ સંબંધમાં મધુરતા વધશે અને સંતાન પક્ષ તરફથી સુખદ સમાચાર મળી શકે છે. આ રાશિના જે લોકો કલા કે લેખનના ક્ષેત્ર સાથે જોડાયેલા છે, તેમના માટે આ સમય ખૂબ જ શાનદાર છે.

કન્યા રાશિ: શુક્ર તમારી રાશિના ચોથા ભાવમાં છે. આ સમયે તમે ભૂમિ, ભવન કે વાહન ખરીદી શકો છો. ઘરની સુખ-સુવિધાઓના સાધનોમાં વૃદ્ધિ થશે. માતાનો સહયોગ અને સ્નેહ પ્રાપ્ત થશે. પારિવારિક માહોલ શાંતિપૂર્ણ રહેશે.

તુલા રાશિ: આ રાશિના ત્રીજા ભાવમાં શુક્રનું ગોચર થવાથી સાહસ અને પરાક્રમમાં વૃદ્ધિ થશે. નાના ભાઈ-બહેનો સાથેના સંબંધો મધુર બનશે. તમે કોઈ યાત્રા પર જઈ શકો છો. જે તમારા માટે મનોરંજન અને લાભ બંને લઈને આવશે.

વૃશ્ચિક રાશિ: શુક્ર તમારી રાશિના બીજા ભાવમાં છે. તમારી વાણીમાં મધુરતા આવશે, જેનાથી તમે બગડેલા કામ પણ સુધારી લેશો. પરિવારમાં કોઈ ઉત્સવનું આયોજન થઈ શકે છે. આર્થિક રોકાણ માટે આ સમય ઉત્તમ છે, ધન સંચય કરવામાં તમે સફળ રહેશો.

ધન રાશિ: શુક્ર તમારી રાશિ એટલે કે પ્રથમ ભાવમાં છે. તમારા વ્યક્તિત્વમાં નિખાર અને આકર્ષણ આવશે.

# JSW-MG ની કારો 1 જાન્યુઆરીથી મોંઘી થશે : કિંમતોમાં 2% સુધીનો વધારો થશે

## આ વર્ષે ત્રીજી વાર ભાવ વધાર્યા, કાચા માલના ખર્ચમાં વધારાને કારણે નિર્ણય લીધો

**નવી દિલ્હી, તા. 20**

જો તમે MGની કાર ખરીદવાનું વિચારી રહ્યા છો, તો 31 ડિસેમ્બર સુધીમાં ખરીદી લો. કારણ કે, JSW-MG મોટર ઈન્ડિયાએ 1 જાન્યુઆરી 2026થી તેની કારોની કિંમતોમાં 2% સુધીનો વધારો કરવાની જાહેરાત કરી છે. આ વધારો કંપનીના તમામ મોડલ્સ પર અલગ-અલગ હશે. કંપનીએ કાચા માલ અને ઓપરેશનલ ખર્ચમાં વધારાને કારણે આ વર્ષે ત્રીજી વખત આ નિર્ણય લીધો છે. આ પહેલા MGએ 1 જુલાઈ 2025થી તેની કારોની કિંમતોમાં 1.5% સુધી અને 1 જાન્યુઆરી 2025થી 3% સુધીનો વધારો કર્યો હતો. ત્યારે પણ MGએ કિંમત વધારવાનું કારણ કાચા માલનો ભાવ વધારો જણાવ્યું હતું. MG ઈન્ડિયાના લાઈનઅપમાં હાલમાં કોમેટ EV, હેક્ટર, હેક્ટર પ્લસ, એસ્ટર, ગ્લોસ્ટર, વિન્ડસર EV અને ઓલ-ઈલેક્ટ્રિક ZS EV શામેલ છે.

કોમેટ EV 10 થી 20 હજાર રૂપિયા મોંઘી થઈ શકે છે

કિંમતોમાં 2% સુધીનો વધારો થશે, જે મોડેલ અને વેરિઅન્ટ પ્રમાણે અલગ-અલગ રહેશે. વિન્ડસર EV પર લગભગ 30,000 થી 37,000 રૂપિયા સુધીનો વધારો થઈ શકે છે, જેનાથી નવી કિંમતો 14.27 લાખથી 18.76 લાખ (એક્સ-શોરૂમ) થશે. કોમેટ EV પર 10,000 થી 20,000 રૂપિયા સુધી મોંઘી થઈ શકે છે અને કિંમતો 7.64 લાખથી 10.19 લાખ સુધી પહોંચી જશે. બાકીના મોડલ્સ જેમ કે હેક્ટર, ગ્લોસ્ટર અને એસ્ટર પર પણ આ જ પ્રમાણમાં વધારો આવશે. કંપનીએ કહ્યું કે આ ફેરફારો સમગ્ર પોર્ટફોલિયો પર લાગુ પડશે.

કેટલી વધશે કિંમતો?

| મોડેલ | વર્તમાન કિંમત | અપેક્ષિત ભાવ વધારો |
| --- | --- | --- |
| કોમેટ EV | 7.50 - 9.56 લાખ | 15 - 19 હજાર |
| એસ્ટર | 9.65 - 16.24 લાખ | 19 - 32 હજાર |
| વિન્ડસર EV | 12.65 - 18.39 લાખ | 25 - 37 હજાર |
| હેક્ટર | 11.99 - 18.99 લાખ | 24 - 38 હજાર |
| હેક્ટર પ્લસ | 17.29 - 19.49 લાખ | 34 - 39 હજાર |
| ZS EV | 17.99 - 20.50 લાખ | 36 - 41 હજાર |
| ગ્લોસ્ટર | 38.33 - 43.16 લાખ | 76 - 86 હજાર |
| M9 | 69.90 લાખ | 1.40 લાખ |
| સાયબરસ્ટર | 75 લાખ | 1.50 લાખ |

શા માટે કિંમતો વધી રહી છે?

MG એ કારની કિંમત વધારવા પાછળ 4 મુખ્ય કારણો જણાવ્યા છે. કંપનીનું કહેવું છે કે તેઓ કિંમતો વધારીને પ્રોડક્શન કોસ્ટને થોડો કવર કરશે, જેથી ગુણવત્તા અને ઈનોવેશનમાં કોઈ કમી ન આવે. કાચા માલનો ખર્ચ: કંપનીએ જણાવ્યું કે સ્ટીલ, લિથિયમ-આયન બેટરી અને ઈલેક્ટ્રોનિક ચિપ્સ જેવી વસ્તુઓ મોંઘી થઈ ગઈ છે. સપ્લાય ચેઈનની સમસ્યાઓ: ગ્લોબલ લોજિસ્ટિક્સ અને શિપિંગનો ખર્ચ વધવાથી પ્રોડક્શન કોસ્ટ પર અસર પડી રહી છે. મોંઘવારી અને આર્થિક દબાણ: ફુગાવો અને કરન્સી વેલ્યુમાં ઉતાર-ચઢાવે પણ ઓટોમોબાઈલ ઈન્ડસ્ટ્રીને પ્રભાવિત કરી છે. EV ફોકસ: MGની મોટાભાગની ગાડીઓ હવે ઈલેક્ટ્રિક છે અને બેટરી પ્રોડક્શન મોંઘું છે. આ કોસ્ટને બેલેન્સ કરવા માટે કિંમતો વધારવી પડી રહી છે.

MGની કારો પર 1.50 લાખ સુધીનું ડિસ્કાઉન્ટ

ડિસેમ્બરમાં વર્ષના અંતે વેચાણ વધારવા માટે સારી ઑફર્સ આપવામાં આવી રહી છે. EV મોડલ્સ પર ZS EVમાં 1.25 લાખ સુધી, કોમેટ EV પર 1 લાખ સુધી અને વિન્ડસર EV પર 50,000 સુધીના લાભો મળી રહ્યા છે. ICE મોડલ્સમાં પ્રી-ફેસલિફ્ટ હેક્ટર પર 90,000 સુધી, ગ્લોસ્ટર પર 4 લાખ સુધી અને એસ્ટર પર 50,000 સુધીના ડિસ્કાઉન્ટ્સ છે. આ ઑફર્સ 31 ડિસેમ્બર સુધી છે.




# સ્નેપડ્રેગન 8 જેન 5 પ્રોસેસરવાળો ભારતનો પહેલો સ્માર્ટફોન લોન્ચ

**નવી દિલ્હી, તા. 20**

ટેક કંપની વનપ્લસે ભારતીય બજારમાં નવો ફ્લેગશિપ સ્માર્ટફોન 'વનપ્લસ 15R' અને મિડ-રેન્જ ટેબલેટ 'વનપ્લસ પેડ ગો 2' લોન્ચ કર્યો છે. કંપનીએ 12મી એનિવર્સરીના અવસરે બેંગલુરુમાં યોજાયેલા ઈવેન્ટમાં બંને ડિવાઈસ રજૂ કર્યા. 'વનપ્લસ 15R' ભારતમાં સ્નેપડ્રેગન 8 જનરલ-5 પ્રોસેસરવાળો પહેલો સ્માર્ટફોન છે. તેને બે વેરિઅન્ટમાં 7400mAh બેટરી અને 32 મેગાપિક્સલ કેમેરા સાથે રજૂ કરવામાં આવ્યો છે. ફોનની શરૂઆતની કિંમત 47,999 રૂપિયા છે. જ્યારે, આ સાથે કંપનીએ 'વનપ્લસ પેડ ગો 2'ને મીડિયાટેક ડાયમેન્સિટી 7300 અલ્ટ્રા ઓક્ટા-કોર પ્રોસેસર અને 10,050mAhની બેટરી સાથે લોન્ચ કર્યો છે. ટેબલેટને 3 વેરિઅન્ટમાં રજૂ કરવામાં આવ્યું છે અને તેની શરૂઆતની કિંમત 26,999 રૂપિયા રાખવામાં આવી છે. ફોનનું પ્રી-બુકિંગ 999 રૂપિયાથી શરૂ કરી દેવામાં આવ્યું છે. 21 ડિસેમ્બર સુધી ફોનને પ્રી-બુક કરનારાઓને 2299 રૂપિયાની કિંમતવાળા વનપ્લસ નોર્ડ બડ્સ 3 મફત મળશે. આ ઉપરાંત, ક્રેડિટ કાર્ડથી પેમેન્ટ કરવા પર કંપની 3,000 રૂપિયાનું ડિસ્કાઉન્ટ પણ આપશે.

વનપ્લસ 15R: સ્પેશિફિકેશન્સ

પર્ફોર્મન્સ: વનપ્લસ 15R માં પર્ફોર્મન્સ માટે સ્નેપડ્રેગન 8 જનરલ-5 પ્રોસેસર મળશે. આ મોબાઈલ ચિપસેટ 3 નેનોમીટર પ્રોસેસ પર બનેલો ઓક્ટા-કોર પ્રોસેસર છે જે 3.8GHz સુધીની ક્લોક સ્પીડ પર રન કરી શકે છે. આ પાવરફુલ અને લેગફ્રી પ્રોસેસિંગ આપે છે. જ્યારે, ગ્રાફિક્સ માટે ફોનમાં એડ્રેનો 830 GPU આપવામાં આવ્યું છે. ફોન એન્ડ્રોઈડ 16 પર આધારિત ColorOS 16 ઓપરેટિંગ સિસ્ટમ સાથે આવશે. તેમાં LPDDR5X રેમ મળશે, જે સ્મૂથ મલ્ટીટાસ્કિંગ કરવામાં મદદ કરે છે. મોબાઈલમાં UFS 4.1 સ્ટોરેજ લાગેલી છે, જેનાથી ફાસ્ટ ડેટા ટ્રાન્સફર થાય છે. આ ઉપરાંત ફોનમાં NFC, વાઈ-ફાઈ 7 અને બ્લૂટૂથ 5.4 નો સપોર્ટ મળશે.

'વનપ્લસ 15R'માં સ્નેપડ્રેગન 8 જનરલ-5 પ્રોસેસર મળશે.

બેટરી: કંપનીએ સત્તાવાર જાહેરાત કરી દીધી છે કે વનપ્લસ 15R 7400mAh બેટરી પર લોન્ચ થશે. તેને ચાર્જ કરવા માટે 80W સુપરવૂક ચાર્જિંગ ટેકનોલોજી મળશે. આ પહેલા વનપ્લસનો કોઈ પણ ફોન આટલી મોટી બેટરી સાથે આવ્યો નથી. તાજેતરમાં લોન્ચ થયેલો વનપ્લસ 15 સ્માર્ટફોન 7300mAh બેટરી પર લોન્ચ થયો હતો. વનપ્લસ 15R ની બેટરીને સિલિકોન નેનોસ્ટેક ટેકનોલોજી પર બનાવવામાં આવી છે. કંપનીનો દાવો છે કે 4 વર્ષ પછી પણ તેની બેટરી હેલ્થ 80% થી ઓછી નહીં થાય. વનપ્લસ 15Rને ચાર્જ કરવા માટે 80W સુપરવૂક ચાર્જિંગ ટેકનોલોજી મળશે. કેમેરા: ફોટોગ્રાફી માટે વનપ્લસ 15R ના બેક પેનલ પર ડ્યુઅલ કેમેરા સેટઅપ મળશે. તેમાં ઓપ્ટિકલ ઈમેજ સ્ટેબિલાઈઝેશન સાથે 50 મેગાપિક્સલનો સોની IMX906 મેઈન રિયર સેન્સર અને 8 મેગાપિક્સલનો અલ્ટ્રાવાઈડ એંગલ લેન્સ શામેલ છે. જ્યારે, સેલ્ફી અને વીડિયો કોલિંગ માટે 16 મેગાપિક્સલનો ફ્રન્ટ કેમેરા મળશે. ફોન ડિટેલમેક્સ એન્જિન સાથે આવશે. તેમાં અલ્ટ્રા ક્લિયર મોડ, ક્લિયર બર્સ્ટ અને ક્લિયર નાઈટ એન્જિન જેવા એડવાન્સ ફીચર્સ મળશે.

વનપ્લસ 15Rના બેક પેનલ પર ડ્યુઅલ કેમેરા સેટઅપ મળશે.

ડિસ્પ્લે: વનપ્લસ 15R માં 2800+1272 પિક્સલ રિઝોલ્યુશનવાળી 6.83-ઈંચની 1.5K સ્ક્રીન મળશે. આ એમોલેડ પેનલ પર બનેલી ડિસ્પ્લે 165Hz સુધીના હાઈ રિફ્રેશ રેટ સપોર્ટ સાથે આવશે. તેની સાથે 1800 નિટ્સની પીક બ્રાઈટનેસ અને 450PPI ઓટો ડિમિંગ મળશે. કંપનીએ જણાવ્યું કે મોબાઈલ TUV રાઈનલેન્ડ ઈન્ટેલિજન્ટ આઈ કેર 5.0 સર્ટિફાઈડ છે, જે અંધારામાં ફોન ચલાવવા પર પણ આંખોને નુકસાનથી બચાવવામાં મદદ કરશે. સ્ક્રીનમાં ઈન-ડિસ્પ્લે અલ્ટ્રાસોનિક ફિંગરપ્રિન્ટ સેન્સર પણ મળશે.

વનપ્લસ પેડ ગો 2: સ્પેસિફિકેશન્સ

ટેબ્લેટમાં 10,050mAh ની બેટરી અને 33 વોટની સુપરવૂક ફાસ્ટ ચાર્જિંગ મળશે. પર્ફોર્મન્સ: વનપ્લસ પેડ ગો 2 ને મીડિયાટેક ડાયમેન્સિટી 7300 અલ્ટ્રા ચિપસેટ સાથે રજૂ કરવામાં આવશે. આ મિડ રેન્જમાં ગેમિંગ અને રોજિંદા ઉપયોગ માટે સારું પર્ફોર્મન્સ આપે છે. કંપનીનો દાવો છે કે ટેબ્લેટને 4 વર્ષનું ફ્લુએન્સી સર્ટિફિકેશન મળી ચૂક્યું છે, એટલે કે લાંબા સમય સુધી સ્મૂથ અને ભરોસાપાત્ર પર્ફોર્મન્સ મળશે. બેટરી: પાવરબેકઅપ માટે ટેબ્લેટમાં 10,050mAh ની બેટરી અને 33 વોટની સુપરવૂક ફાસ્ટ ચાર્જિંગ મળશે. કંપનીનો દાવો છે કે ફુલ ચાર્જ કરવા પર ટેબ્લેટમાં 15 કલાક સુધી વીડિયો ચલાવી શકાય છે, 53 કલાક મ્યુઝિક સાંભળી શકાય છે અથવા 60 દિવસ સુધી સ્ટેન્ડબાય પર રાખી શકાય છે.

### સંઘવીની નાગરિકો સાથે સારા વર્તનની સલાહ 24 કલાક ના ટકી

# અમદાવાદમાં પોલીસકર્મીએ મહિલાને લાફા મારી લોહી કાઢ્યું; મહિલાએ પોલીસકર્મીને ગાળો દીધી હોવાનો વીડિયો સામે આવ્યો

- **નાગરિકો સાથે પ્રેમથી વર્તવા ને પોલીસ સ્ટેશનમાં PI-DYSPને મળી શકે તેવી વ્યવસ્થા કરવા સંઘવીની સલાહ**
- **મારી સાથે બહુ ઊંચા અવાજે વાત કરતા હતા: બંસરી ઠક્કર**



**અમદાવાદ, તા.20**

અમદાવાદ શહેરમાં ગત અઠવાડિયે પોલીસકર્મચારીઓએ એક વાહનચાલકને માર માર્યાનો બનાવ સામે આવ્યો હતો. એ બાદ બીજો એક બનાવ સામે આવ્યો છે, જેમાં એક મહિલાથી પોલીસનું આઈડી કાર્ડ નીચે પડી જતાં પોલીસકર્મચારીએ મહિલાને લાફા માર્યા હતા. મહિલાને એટલી હદ સુધી લાફા માર્યા હતા કે તેમની આંખ બાજુથી લોહી નીકળવા લાગ્યું હતું. આ અંગે મહિલા જ્યારે પાલડી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવા પહોંચી ત્યારે પાલડી પોલીસ સ્ટેશનના પીએસઆઇ અને પીઆઈએ મહિલાની ધમકાવીને ફરિયાદ લેવાની ના પાડી હતી છતાં મહિલા મોડીરાત સુધી પોલીસ સ્ટેશનમાં બેઠી અને અરજી આપી હતી. આ કેસમાં હવે પીડિત મહિલાએ પોલીસકર્મીને ગાળો દીધી હોવાનો એક વીડિયો પણ સામે આવ્યો છે. સાથે જ મહિલા બે મહિના પહેલા પણ એક પોલીસ કર્મચારી સાથે માથાકૂટ કરતી હોય તેવો વીડિયો પણ સામે આવ્યો છે. સમગ્ર મામલે પોલીસ દ્વારા N ડિવિઝન ટ્રાફિકના હેડ કોન્સ્ટેબલ જયંતી ઝાલાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. N ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનમાં મહિલા વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો છે જ્યારે મહિલાએ કરેલી અરજીની પોલીસ દ્વારા તપાસ કરવામાં આવી રહી છે. તો અન્ય એક બનાવમાં ગૃહમંત્રી હર્ષ સંઘવીના શહેર સુરતથી પણ પોલીસના ગેરવર્તનનો એક નિંદનીય કિસ્સો સામે આવ્યો છે. ઉમરા પોલીસ સ્ટેશનના એક કોન્સ્ટેબલની આ સમગ્ર ગેરવર્તણૂક દુકાનમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે. વીડિયોમાં સ્પષ્ટ દેખાય છે કે મોડીરાત્રે દુકાન ખુલ્લી રાખવા બદલ વેપારીને કાયદેસરની સમજૂતી આપવાને બદલે અથવા કાયદાકીય કાર્યવાહી કરવાને બદલે કોન્સ્ટેબલ સીધો જ વેપારી પર હાથ ઉપાડે છે.

### ‘મારો હાથ ખેંચી મને નીચે ઉતારવાનો પ્રયાસ કર્યો’

તેમને પોલીસનું આઈકાર્ડ બતાવ્યું જે આઈકાર્ડ જોઈને મે પરત કર્યું. જેવું હું કાર્ડ પરત કરવા ગઈ ત્યારે કાર્ડ હાથમાંથી છૂટી ગયું કાર્ડ નીચે પડતા પોલીસવાળા આક્રોશમાં આવી ગયા અને મને કહેવા લાગ્યા કે તે મારું કાર્ડ કેમ ફેંક્યું, તેમ કહી ચલ મારું કાર્ડ આપ કહીને હાથ ખેંચી અને મારા ઓલા પરથી મને નીચે ઉતારવાનો પ્રયાસ કર્યો.

### મને એક ફેટ મારી જેથી આંખ પરથી લોહી નીકળવા લાગ્યું

એમને મને હાથ લગાવ્યો એટલે મેં કહ્યું કે મને હાથ કેમ લગાવ્યો? મને બહુ અનકમ્ફર્ટેબલ થવા લાગ્યું હતું. એમને જોરથી મારો હાથ પકડ્યો હતો. આ દરમિયાન અમારી વચ્ચે તું તારી થઈ જેથી તેમણે મને ગુસ્સામાં આવીને ગાલ પર લાફો મારી દીધો હતો જેનાથી મારા કાન સૂન થઈ ગયા હતા. મને ખબર હતી કે પોલીસ મારી શકે નહીં.

**મારી સાથે બહુ ઊંચા અવાજે વાત કરતા હતા: બંસરી ઠક્કર** અન્ય એક બનાવમાં ગૃહમંત્રી હર્ષ સંઘવીના શહેર સુરતથી પણ પોલીસના ગેરવર્તનનો એક નિંદનીય કિસ્સો સામે આવ્યો છે. ઉમરા પોલીસ સ્ટેશનના એક કોન્સ્ટેબલની આ સમગ્ર ગેરવર્તણૂક દુકાનમાં લાગેલા CCTV કેમેરામાં કેદ થઈ ગઈ છે.

# ગ્રાન્ટેડ શાળાઓને લઈ રાજ્ય સરકારનો મોટો નિર્ણય

## વિદ્યાર્થીઓની વર્ગખંડમાં હાજરીના આધારે ગ્રાન્ટ મળશે, શહેરી વિસ્તારમાં 80 ટકાથી ઓછી હાજરી હશે તો 25 ટકા ગ્રાન્ટ કપાશે

**અમદાવાદ, તા.20**

રાજ્યમાં ગ્રાન્ટ ઈન એઈડ શાળાઓ માટે ગુજરાત સરકારે મહત્વપૂર્ણ અને કડક નિર્ણય લીધો છે. હવે શાળાઓને મળતી સરકારી ગ્રાન્ટનો સીધો સંબંધ વિદ્યાર્થીઓની નિયમિત હાજરી સાથે રહેશે. જો નિર્ધારિત ટકાવારી પ્રમાણે હાજરી નહીં રહે, તો ગ્રાન્ટમાં મોટો કાપ મુકવામાં આવશે, જે કેટલીક સ્થિતિમાં 100 ટકા સુધી જઈ શકે છે. શિક્ષણ વિભાગે જાહેર કરેલા નવા પરિપત્ર મુજબ, લઘુમતી શાળાઓ સહિત તમામ ગ્રાન્ટેડ શાળાઓ માટે આ નિયમ ફરજિયાત રહેશે. અત્યાર સુધી ગ્રાન્ટ મુખ્યત્વે દાખલ થયેલા વિદ્યાર્થીઓની સંખ્યાના આધારે મળતી હતી, પરંતુ હવે વર્ગખંડમાં વાસ્તવિક હાજરીને મુખ્ય માપદંડ બનાવવામાં આવ્યો છે. શહેરી વિસ્તારોની ગ્રાન્ટેડ શાળામાં વિદ્યાર્થીઓની હાજરી 80 ટકાથી ઓછી હશે તો 25 ટકા ગ્રાન્ટ કપાશે શહેરોમાં આવેલી ગ્રાન્ટેડ શાળાઓમાં વિદ્યાર્થીઓની ઓછામાં ઓછી 80% હાજરી ફરજિયાત રાખવામાં આવી છે. જો હાજરી આ મર્યાદાથી ઓછી રહેશે, તો મળવાપાત્ર ગ્રાન્ટમાંથી 25% કાપી લેવામાં આવશે. સૌથી કડક જોગવાઈ મુજબ, જો હાજરી 60%થી પણ ઓછી નોંધાશે, તો તે શાળાની સમગ્ર 100% ગ્રાન્ટ બંધ કરવામાં આવશે. ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં 55 ટકા હાજરી જરુરી રહેશે, ગામડાઓની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ત્યાં અલગ માપદંડ નક્કી કરવામાં આવ્યા છે. જો હાજરી આ મર્યાદાથી ઓછી રહેશે, તો મળવાપાત્ર ગ્રાન્ટમાંથી 25% કાપી લેવામાં આવશે. સૌથી કડક જોગવાઈ મુજબ, જો હાજરી 60%થી પણ ઓછી નોંધાશે, તો તે શાળાની સમગ્ર 100% ગ્રાન્ટ બંધ કરવામાં આવશે. ગ્રામ્ય વિસ્તારની શાળાઓમાં 55 ટકા હાજરી જરુરી રહેશે, ગામડાઓની પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને ત્યાં અલગ માપદંડ નક્કી કરવામાં આવ્યા છે. ગ્રામ્ય શાળાઓમાં 55% હાજરી જરૂરી રહેશે. જો કોઈ શાળામાં હાજરી 40%થી નીચે જશે, તો સરકાર દ્વારા કડક પગલાં લઈ શાળાની 100% ગ્રાન્ટ અટકાવી દેવામાં આવશે. સરકારનો ઉદ્દેશ્ય શું? આ નિર્ણયનો મુખ્ય હેતુ માત્ર કાગળ પર ચાલતી શાળાઓને બંધ કરવો અને વિદ્યાર્થીઓને નિયમિત રીતે શાળામાં હાજર રાખવાનો છે. શિક્ષણ વિભાગનું માનવું છે કે આ પગલાથી શિક્ષણની ગુણવત્તા સુધરશે અને શાળા સંચાલકો વિદ્યાર્થીઓને શાળાએ લાવવા માટે વધુ સક્રિય બનશે.હવે સ્પષ્ટ છે કે, ગ્રાન્ટ મેળવવી હોય તો શાળાઓએ માત્ર નોંધણી નહીં, પરંતુ વર્ગખંડમાં વિદ્યાર્થીઓની હાજરી પણ સુનિશ્ચિત કરવી પડશે. જો કોઈ શાળામાં હાજરી 40%થી નીચે જશે, તો સરકાર દ્વારા કડક પગલાં લઈ શાળાની 100% ગ્રાન્ટ અટકાવી દેવામાં આવશે. સરકારનો ઉદ્દેશ્ય શું? આ નિર્ણયનો મુખ્ય હેતુ માત્ર કાગળ પર ચાલતી શાળાઓને બંધ કરવો અને વિદ્યાર્થીઓને નિયમિત રીતે શાળામાં હાજર રાખવાનો છે. શિક્ષણ વિભાગનું માનવું છે કે આ પગલાથી શિક્ષણની ગુણવત્તા સુધરશે અને શાળા સંચાલકો વિદ્યાર્થીઓને શાળાએ લાવવા માટે વધુ સક્રિય બનશે.હવે સ્પષ્ટ છે કે, ગ્રાન્ટ મેળવવી હોય તો શાળાઓએ માત્ર નોંધણી નહીં, પરંતુ વર્ગખંડમાં વિદ્યાર્થીઓની હાજરી પણ સુનિશ્ચિત કરવી પડશે.

# અમદાવાદ એરપોર્ટ પર 15 ફ્લાઈટ્સ કેન્સલ અને 24 ફ્લાઈટ ડિલે

**ગાઢ ધુમ્મસ અને ઓછી વિઝીબીલીટીને કારણે અરાઈવલ અને ડિપાર્ચર ફ્લાઈટને અસર**



**અમદાવાદ, તા.20**

અમદાવાદ શહેરના મોટાભાગના વિસ્તારો ધુમ્મસની ઝપેટમાં છે. શિયાળુ હવામાનના કારણે ગાઢ ધુમ્મસથી અમદાવાદ એરપોર્ટ પરની 15 ફ્લાઈટ કેન્સલ અને 24 ડીલે થઈ હતી. દિલ્હીના કારણે અમદાવાદ એરપોર્ટ પર આજે સવારથી ઘણી ફ્લાઈટ્સ રદ થઈ ગઈ છે. ઘણી કલાકો મોડી ચાલી રહી છે. એર ઈન્ડિયા, ઈન્ડિગો અને સ્પાઈસજેટ જેવી ઘણી એરલાઈન્સની અનેક ફ્લાઈટ કેન્સલ અને ડીલે થઈ છે. દિલ્હીમાં ઓછી વિઝિબિલિટીને કારણે કેટલીક ફ્લાઈટ્સ રદ કરવામાં આવી છે. ધુમ્મસને કારણે અમદાવાદ એરપોર્ટ પર વિઝિબિલિટી ખૂબ ઓછી રહી ગઈ હતી. જેના કારણે આજે અમદાવાદ એરપોર્ટ પરની કુલ 15 ફ્લાઈટ્સ રદ કરવી પડી. અને 24 ફ્લાઈટ મોડી પડી. આજે હવાઈ મુસાફરીને લઈને મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વિવિધ એરલાઈન્સની અનેક ફ્લાઈટ્સ કેન્સલ અને ડિલે થવાના કારણે એરપોર્ટ પર અફરાતફરીનો માહોલ સર્જાયો છે. ફ્લાઈટ્સ કેન્સલ અને મોડું થવાને કારણે મુસાફરોને લાંબી રાહ જોવી પડી રહી છે. એરલાઈન્સ દ્વારા ઈન્ડિગો એરલાઈને એડવાઈઝરી જાહેર કરી છે. ઈન્ડિગોએ જણાવ્યું છે કે આજે સવારે દિલ્હીમાં ગાઢ ધુમ્મસના કારણે વિસિબીલીટી ભારે ઘટાડો થયો છે, જેના કારણે ફ્લાઈટ કામગીરી પર અસર પડી છે. સલામતીને પ્રાથમિકતા આપતા અને એરપોર્ટ પર મુસાફરોને લાંબી રાહ જોવી ન પડે તે માટે દિવસ દરમિયાન કેટલીક ફ્લાઈટ્સ રદ કરવામાં આવી શકે છે તેમજ કેટલીક ફ્લાઈટ્સને પ્રસ્થાનમાં વધુ સમય લાગી શકે છે. સાથે જ, ધુમ્મસના કારણે રોડ ટ્રાફિક પણ ધીમો પડી શકે હોવાથી મુસાફરોને એરપોર્ટ જવા માટે વધારાનો સમય રાખવાની વિનંતી કરવામાં આવી છે. બીજી તરફ, એર ઈન્ડિયાએ પણ એડવાઈઝરી જાહેર કરી છે. એર ઈન્ડિયાના જણાવ્યા અનુસાર ગાઢ ધુમ્મસના કારણે દિલ્હી અને ઉત્તર ભારતના કેટલાક વિસ્તારોમાં નબળી વિઝિબિલિટી જોવા મળી રહી છે, જેના કારણે ફ્લાઈટ કામગીરી અસરગ્રસ્ત બની છે. મુસાફરોને એરપોર્ટ જતાં પહેલા તેમની ફ્લાઈટની સ્થિતિ તપાસવાની સલાહ આપવામાં આવી છે. ઈન્ડિગો અને એર ઇન્ડિયા ઉપરાંત અન્ય અનેક એરલાઈન્સે પણ આવી જ પ્રકારની એડવાઈઝરી જાહેર કરી છે.

# દુષ્કર્મના આરોપી પર ફાયરિંગ, મહિલા PIએ પગમાં ગોળી મારી

**ગાંધીનગર, તા.20**

ગાંધીનગરના સેકટર-24ના ઈન્દિરાનગર છાપરા વિસ્તારમાં 5 વર્ષની બાળકી પર 5 દિવસ પહેલા થયેલા દુષ્કર્મ કેસમાં ઝડપાયેલા એક આરોપીએ આજે પોલીસ જાપ્તામાંથી ભાગવાનો પ્રયાસ કરતા મહિલા પીઆઈ દ્વારા ત્રણ રાઉન્ડ ફાયરિંગ કરાયું હતું. એક ગોળી આરોપીના પગમાં વાગતા સારવાર માટે ખસેડાયો છે. ઘટનાના પગલે એકઠા થયેલા લોકોએ ગાંધીનગર અને ગુજરાત પોલીસ ઝિંદાબાદના નારા લગાવ્યા હતા. ગુજરાતની વાત કરીએ તો છેલ્લા ત્રણ મહિનામાં જ પોલીસ દ્વારા આરોપીઓ પર કરાયેલા ફાયરિંગની આ છઠ્ઠી ઘટના છે. જેમાં એક આરોપીનું મોત નિપજ્યું હતું. જ્યારે 5 આરોપી ઘાયલ થયા હતા. છેલ્લા 3 મહિના દ્વારા પોલીસ દ્વારા કરાયેલા ફાયરિંગમાં જે આરોપીઓ ઈજાગ્રસ્ત થયા છે તેમાં ત્રણ આરોપીઓ દુષ્કર્મ કેસના છે. આ અંગે આધારભૂત સૂત્રોએ જણાવ્યું કે, આરોપી રામસિંગ બિહારનો વતની છે. જે સેક્ટર 25 જીઆઈડીસીની અમુલ ડેરીમાં નોકરી કરે છે. બનાવની રાતે રામસિંહ શિકારની શોધમાં સેક્ટર 24 ઈન્દિરા નગર છાપરા વિસ્તારમાં આવ્યો હતો. આ દરમિયાન બાળકી લઘુશંકા કરવા માટે બહાર નીકળી હતી. ત્યારે તકનો લાભ લઈને આરોપીએ બાળકીને ઉઠાવી લીધી હતી અને પોતાની હવસ સંતોષી હતી. આ મામલે અલગ અલગ ટીમોએ તપાસ હાથ ધરી હતી. જેના પગલે ટેકનિકલ સર્વેન્સ અને સીસીટીવી ફૂટેજ ના આધારે આરોપીની ઓળખ થઈ હતી.

**ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત આપે છે તક...**

**બનો સોશિયલ જર્નાલિસ્ટ**

આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.

**વોટ્સએપ નંબર - 8980070599**




